

# સાચો દીન


ફઝીલતુશ્ શૈખ
અબ્દુર્ રહમાન બિન હમ્માદ અલ્ ઉમર
1354 - 1473 هـ



من إصدارات

مؤسسة عبد الرحمن بن حماد العمر الوقفية
ABDULRAHMAN AL OMAR CHARITABLE FOUNDATION

جمعية خدمة المحتوى الإسلامي باللغات


دين الحق - غوجاراتي

# સત્ય દીન

ફઝીલતુશ્ શૈખ અબ્દુર્ રહમાન બિન
હમ્માદ અલ્ ઉમર

ح جمعية خدمة المحتوى الإسلامي باللغات ، ١٤٤٤ هـ

فهرسة مكتبة الملك فهد الوطنية أثناء النشر

العمر ، عبدالرحمن بن حماد
دين الحق - غوجاراتي. / عبدالرحمن بن حماد العمر-ط١. . - الرياض ، ١٤٤٤هـ
١٢٣ ص ؛ .. سم

ردمك:٥-٩- ٩٢٠٠٨-٦٠٣-٩٧٨

١- الإسلام أ. العنوان

ديوي ٢١٠ ٨٥٠٥/ ١٤٤٤

شركاء التنفيذ:

دار الإسلام

جمعية الربوة

رواد الترجمة

المحتوى الإسلامي

يتاح طباعة هذا الإصدار ونشره بأي وسيلة مع
الالتزام بالإشارة إلى المصدر وعدم التغيير في النص.

Tel: +966 50 244 7000
info@islamiccontent.org
Riyadh 13245- 2836
www.islamhouse.com

# પ્રસ્તાવના અને સમર્પણ

بِسْمِ اللهِ الرَّحْمَنِ الرَّحِيمِ

([શરૂ કરું છું[ અલ્લાહ ના નામથી જે અત્યંત કૃપાળુ અને પરમ દયાળુ કરવાવાળો છે)

દરેક પ્રકારના વખાણ અલ્લાહ  માટે જ છે, જે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર છે, અને દરુદ અને સલામ હોય દરેક પયગંબરો પર.

**હમ્દો સલાત પછી**:

આ એક નિજાત ના રસ્તા પર ચાલવાની એક દાવત છે, જેને અમે પ્રત્યેક બુદ્ધિશાળી પુરુષ અને સ્ત્રી સામે એ આશા સાથે વર્ણન કરી રહ્યા છીએ, કે અલ્લાહ તઆલા  તેના દ્વારા ગુમરાહ લોકોને હિદાયત નસીબ કરે, અને તે દરેક લોકો માટે સવાબ મેળવવાનું કારણ બનાવે, જે લોકો આના પ્રચાર-પ્રસાર મા ભાગ લઈ રહ્યા છે, હવે હું કહું છું, અલ્લાહ  જ સર્વશ્રેષ્ઠ મદદ કરવાવાળો છે:

હે બુદ્ધિશાળી માનવ! જાણી લો કે આ દુનિયાના જીવનમાં અથવા આખિરતમાં જે મૃત્યુ પછી શરૂ થશે, તેમાં તમને સફળતા અને કામયાબી ત્યારે જ મળી શકે છે, જ્યારે તમે પોતાના પાલનહારની ઓળખ કરી લો, જેણે તમારું અને સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું છે, અને તમે તેના પર ઈમાન લઈ આવો અને ફક્ત તેની જ ઈબાદત કરો, અને તમે તે પયગંબરની ઓળખ પ્રાપ્ત કરીલો, જેમને અલ્લાહ  તઆલા એ તને

અને દરેક માનવીને સત્ય માર્ગ બતાવવા માટે મોકલ્યા છે, બસ! તમે તેમના પર ઈમાન લઈ આવો અને તેમનું અનુસરણ કરો,તે સત્ય દીનની ઓળખ કરો, અલ્લાહ તઆલા એ જેનો આદેશ આપ્યો છે, તેના પર ઈમાન લઈ આવો અને તેના પર અમલ કરો.

આ કિતાબ, જે તમારા હાથમાં છે **(સત્ય દીન)** તે દરેક મહત્વના વિષયો પર લખવામાં આવી છે, જેનું જાણવુ અને તેના પ્રમાણે અમલ કરવો અત્યંત જરૂરી છે, અને અમે નીચે ફૂટનોટમાં કેટલાક વાક્યો અને બાબતોનું સ્પષ્ટીકરણ કરી દીધું છે, જેની સમજુતી જરૂરી છે, **અને** અમે આ સંપૂર્ણ કિતાબમાં કુરઆન મજીદની આયતો અને રસૂલ ﷺ ની હદીષોની ચકાસણી કર્યા પછી જ વર્ણન કરી છે, કારણકે આ બન્ને વસ્તુઓ જ આ સત્ય દીનના સ્ત્રોત છે, જેના સિવાય અલ્લાહ કોઈ દીન કબૂલ કરતો નથી.

અને હું આંધળી તકલીદ થી દૂર રહ્યો છું, જેણે ઘણા લોકોને ગુમરાહ કર્યા છે, અને અમે કેટલાક બાતેલ અને ગુમરાહ પંથોનું પણ વર્ણન કર્યું છે, જેઓ સત્ય હોવાનો દાવો કરી રહ્યા છે, જો કે તેઓ સત્યથી ઘણા દૂર છે, આવું અમે એટલા માટે કર્યું છે, જેથી જેઓ અજાણતામાં તે પંથો તરફ પોતાની નિસ્બત કરતા હોય તો તેઓ સચેત થઈ જાય, અલ્લાહ મારા માટે પૂરતો છે અને તે શ્રેષ્ઠ કારસાજ છે.

અલ્લાહ ની માફીનો તલબગાર, લાચાર બંદો.

અબ્દુર રહમાન બિન હમ્માદ આલે ઉમર

ઉસ્તાઝ: શોઅબ-એ-દિનીયાત

# પહેલો ભાગ

# અલ્લાહ[1] તઆલા[2] જે પેદા કરવાવાળો અને મહાન છે તેની ઓળખ

હે બુદ્ધિશાળી ઈન્સાન ! જાણી લો કે જે પવિત્ર હસ્તીએ તમને બિન અસ્તિત્વ માંથી અસ્તિત્વ આપ્યું, અને વિવિધ પ્રકારની નેઅમતો તમને આપી, તે જ અલ્લાહ છે, જે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર છે, અલ્લાહ પર ઈમાન ધરાવનાર બુદ્ધિશાળી મોમિનોએ પોતાની આંખોથી તેને નથી જોયા, પરંતુ એવી દલીલો તે

[1] "ﷲ" (અલ્લાહ): બ્રહ્માંડ, લોકો અને દરેક વસ્તુના સર્જનહાર નું વિશિષ્ટ નામ.

[2] "تعالى" તઆલા : અલ્લાહ ની મહિમા અને તેની સ્તુતિ નું શબ્દ, જેનું આર્થ છે કે તે પોતે અને તેના ગુણો દરેક ખામીઓ થી પાક છે.

પોતાની પાસે રાખે છે, જે તેના અસ્તિત્વ પર, તેના સમગ્ર સૃષ્ટિનો પાલનહાર હોવા, અને સૃષ્ટિની વ્યવસ્થા કરવા પર ગવાહી આપે છે, તે દલીલો માંથી કેટલીક આ પ્રમાણે છે:

## પહેલી દલીલ:

સૃષ્ટિ, મનુષ્ય અને જીવન: આ ત્રણેય વસ્તુઓ ની એક શરૂઆત અને અંત છે, અને પોતાના અસ્તિત્વ માટે તે પરાધીન છે,અને તેમને સર્જન કરવા માં આવ્યું છે , અને જે વસ્તુ સર્જન હોય તો જાહેર વાત છે કે તેનો કોઈ પેદા કરવાવાળો હોવો અવશ્ય હશે, અને તે મહાન પેદા કરવાવાળી હસ્તી અલ્લાહ ની જાત છે, જેણે પોતે પોતાના વિશે કહ્યું, કે તે સમગ્રમ સૃષ્ટિનો પેદા કરવાવાળો છે, અને તેની વ્યવસ્થા કરનાર છે, અને આ વિશે આપણને જાણકારી આસમાની કિતાબો દ્વારા આપી, જે કિતાબો અલ્લાહ તઆલા એ પોતાના પયગંબરો પર ઉતારી.

અને અલ્લાહ ના પયગંબરોએ લોકો સુધી અલ્લાહ ના આદેશો પહોંચાડ્યા, અને તેઓને તેના પર ઈમાન લાવવા અને ફક્ત તેની જ ઈબાદત કરવા પર જોર આપ્યું, અલ્લાહ તઆલા કુરઆન મજીદમાં કહે છે: (નિ:શંક તમારો પાલનહાર તે અલ્લાહ જ છે, જેણે આકાશો અને ધરતીનું સર્જન છ દિવસમાં [1] કર્યુ, પછી અર્શ પર બિરાજમાન [2] થયો, તે દિવસને રાત વડે ઢાંકી દે છે, કે જે ઝડપથી તેના પર આવી જાય

---

[1] સર્જનમાં આ સમય એ કઈ એક હિકમત માટે છે જે અલ્લાહ પાકે ઇચ્છયો છે, અન્યથા તે આંખના પલકાર કરતાં પણ ઝડપથી સમગ્ર સર્જનનું સર્જન કરવા સક્ષમ છે, કારણ કે તેનું ફરમાન છે કે જો તે કોઈ વસ્તુ ની સર્જન નું ઈરાદો કરે તો તે કહે છે : બની જા, તો તે બની જાય છે.

[2] અરબી ભાષા-જોકે કુરઆન ની ભાષા છે- માં ઇસ્તિવા નું અર્થ કોઇ વસ્તુ ઉપર જવું અને બુલંદ થવું છે ઈસ્તિવા નું અર્થ "રાજ્ય પર કબજો કરવું" ના થાય જેમ કે ગેરમાર્ગેદોરેલ લોકો દાવો કરે છે, અને અલ્લાહ ની સિફાત નું ઇનકાર કરે છે અને કહે છે કે જો અમે આ સિફાત સાબિત કરીશ તો આ અલ્લાહ ને તેની મખલૂક સાથે સરખામણી થઈ જશે, અને આ એક ભ્રસ્ટ દાવો છે, કારણ કે તશબીહ( સરખામાણી) આ છે

છે, અને સૂર્ય, ચંદ્ર અને તારાઓ આ બધી વસ્તુઓ તે (અલ્લાહ) ના હુકમનું અનુસરણ કરે છે, યાદ રાખો ! તેણે જ સર્જન કર્યું છે, તો આદેશ પણ તેનો જ ચાલશે, અલ્લાહ ખૂબ જ બરકતવાળો છે, જે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર છે.) [અલ્ અઅરાફ: ૫૪].

## આયતની સંક્ષિપ્ત સમજુતી:

અલ્લાહ તઆલા સમગ્ર સૃષ્ટિને જણાવવા ઈચ્છે છે કે તે જ પાલનહાર છે, તે જ તેમને પેદા કરવાવાળો છે, અને છ દિવસમાં ધરતી અને આકાશનું સર્જન કરવાવાળો તે જ છે, અને એ પણ જાણકારી આપવા ઈચ્છે છે કે તે (પોતે) અર્શ પર બિરાજમાન છે.

અને અર્શ જે આકશો ઉપર છે, જે સૌથી મહાન અને અલ્લાહ નું વિશાળ સર્જન છે, અને અલ્લાહ તે મહાન અર્શ પર બિરાજમાન છે, અને પોતાના ઈલ્મ અને સાંભળવા અને જોવાની શક્તિ દ્વારા દરેક સર્જનો સાથે છે, અને સર્જનોની કોઈ વસ્તુ તેનાથી છુપાયેલી નથી, અને અલ્લાહ તઆલા એ એ પણ કહ્યું કે રાત દિવસને અંધારાથી ઢાંકી દે છે, અને તેણે સૂર્ય અને ચંદ્ર અને તારાઓનું સર્જન કર્યું, જે તેના બતાવ્યા પ્રમાણે જ તેમની સીમાઓમાં કાર્યરત છે, વધુ એ કે તેણે જણાવ્યું કે તે એકલો સંપૂર્ણ સૃષ્ટિને પેદા કરવાવાળો છે, તેનો જ આદેશ ચાલે છે, અને તે પોતાની જાત અને ગુણોમાં મહાન અને સપૂર્ણ છે, જે હંમેશા ભલાઈ આપતો રહે છે અને તે સમગ્ર દુનિયાનો પાલનહાર છે, જેણે સૌને પેદા કર્યા અને ઘણી નેઅમતો આપી.

અલ્લાહ તઆલા કહે છે: (દિવસ-રાત અને સૂર્ય-ચંદ્ર (તેની જ) નિશાનીઓ માંથી છે, તમે સૂર્યને સિજદો ન કરો અને ન તો ચંદ્રને, પરંતુ સજદો તો અલ્લાહ ને જ

---

કે આ કહેવા માં આવે કે: તેવો બંદા ના આવા આવા ગુણો માં સરખો છે, જ્યાં સુધી વાત છે આ સિફાત ને એવી રીતે સાબિત કરવું જેમ કે તેની મહિમા ની અનુરૂપ છે તો આ અલ્લાહ ના સંદેશવહકો અને તેરી સારી અનુસરણ કરનાર લોકો નું માર્ગ છે. અને એજ સત્ય માર્ગ છે જેના પર એક મોમીન ને ચાલવું જોઈએ ભલે ને મોટા ભાગે લોકો એને છોડી દીધો છે.

કરો, જેણે આ તમામનું સર્જન કર્યું, જો તમારે હકીકતમાં તેની જ બંદગી કરવી હોય તો.) [ફુસ્સિલત: ૩૭]

## આયતની સંક્ષિપ્ત સમજુતી:

આ આયતમાં અલ્લાહ તઆલા એ તે નિશાનીઓનું વર્ણન કર્યું છે, જે તેની જાત પર ગવાહી આપે છે, જેવી રીતે કે રાત દિવસ, સૂર્ય અને ચંદ્ર, અને સૂર્ય અને ચંદ્રની ઈબાદત કરવાથી રોક્યા છે કારણકે તે બન્ને અન્ય સર્જનની જેમ જ એક સર્જન છે, અને કોઈ સર્જન ઈબાદતને લાયક નથી, અને સિજદો કરવો પણ ઈબાદતનો એક પ્રકાર છે, અને અલ્લાહ તઆલા આ આયત અને અન્ય આયતોમાં દરેક લોકોને ફક્ત પોતાની જાત માટે જ સિજદો કરવાનો આદેશ આપ્યો છે, કારણકે સાચે જ તે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર અને તે જ તેની વ્યવસ્થા કરનાર છે, અને તેને ચલાવનારો છે, અને તે જ ઈબાદતને લાયક પણ છે.

## બીજી દલીલ:

અલ્લાહ તઆલા એ જ પુરુષ અને સ્ત્રીનું સર્જન કર્યું: પુરુષ અને સ્ત્રીનું અસ્તિત્વ અલ્લાહ ના અસ્તિત્વની દલીલ છે.

## ત્રીજી દલીલ:

અવાજ અને રંગોના વિવિધ પ્રકાર:

તમે જોશો કે દુનિયામાં કોઈ એવા બે વ્યક્તિ નહિ મળે, જેમનો અવાજ અથવા રંગ સરખો હોય, ચોક્કસપણે સહેજ તો તફાવત જરૂર હશે.

## ચોથી દલીલ:

ભાગ્યનું અલગ હોવું:

કોઇ અમીર છે તો કોઇ ફકીર છે, કોઇ શેઠ છે તો કોઇ નોકર છે, જો કે લોકોમાં દરેક વ્યક્તિ બુદ્ધિશાળી હોય છે, ઉપરાંત માલદારી, પદ અને સુંદર પત્નીના લોભ દરેકને છે, તેમ છતાં દરેક વ્યક્તિ એકબીજાથી માલ અને પદમાં તફાવત ધરાવે છે, કારણકે કોઈ પણ વ્યક્તિ દુનિયાની ખુશી અને શાંતિ એટલી જ પામી શકે છે જેટલી અલ્લાહ એ તેના નસીબમાં લખી છે, અને આવું એક મહાન હિકમતના કારણે છે, જેનો ઈરાદો અલ્લાહ સુબહાનુહૂ [1]એ કરી રાખ્યો છે, અને એ હિકમત એ છે કે લોકોની કસોટી એકબીજા દ્વારા કરે, અને કેટલાકને કેટલાકના હેઠળ બનાવ્યા, જેથી લોકો ના હિતો સુરક્ષિત રહે, અને નું કામ બગડી ના જાય

અને જે લોકોને અલ્લાહ એ દુનિયામાં કઇ ભાગ નથી આપ્યો, તો અલ્લાહ એ તેને જાણ કરી છે કે તેમને જન્નતમાં અલ્લાહ વધુ નેઅમતો આપશે, જો તે અલ્લાહ પર ઈમાન ધરાવતો હશે તો. એવી જ રીતે સામાન્ય રીતે અલ્લાહ તઆલા ફકીરને પણ એવી ખૂબી આપે છે, જે માનસિક હોય કે તંદુરસ્તીની હોય, જે ઘણા માલદારોને પણ નસીબ નથી થતી, અને આ અલ્લાહ ની સંપૂર્ણ હિકમત અને ખરો ઈન્સાફ માં થી છે.

## પાચમી દલીલ:

ઉંઘ અને સાચા સપના છે, જેના વડે અલ્લાહ તઆલા સૂતા વ્યક્તિને શુભસુચના અથવા ડરાવવા ખાતર ગૈબની અમુક વાતોથી સચેત કરે છે.

## છઠ્ઠી દલીલ:

રૂહ: સત્યતા અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી.

---

[1]"سبحانه" : અર્થાત્ અલ્લાહ દરેક ખામીઓ અને અભાવ થી પાક છે

## સાતમી દલીલ:

ઈન્સાન: તેના શરીરમાં સંવેદના સેન્સ, નબળું મન, દિમાગ અને પાચનતંત્ર વગેરે છે.

## આઠમી દલીલ:

અલ્લાહ તઆલા ઉજ્જડ જમીન પર વરસાદ વરસાવે છે, જમીનમાં વિવિધ પ્રકારના ફૂલ અને વૃક્ષો ઉગાડે છે, જે રંગ, આકાર, ફાયદો પહોંચાડવામાં અને સ્વાદમાં એકબીજાથી અલગ અલગ હોય છે, આ કેટલાક નમૂના તે કરોડો ઉદાહરણ માંથી છે, જેનું વર્ણન અલ્લાહ તઆલા એ કુરઆન મજીદમાં કર્યું છે, અને જેના વિશે તેણે ખબર આપી છે કે આ ઠોસ પુરાવા છે, જે અલ્લાહ ની પાક હસ્તી અને તેના સંપૂર્ણ સૃષ્ટિના સર્જક તેમજ વયવસ્થાપક હોવાની દલીલ છે.

## નવમી દલીલ:

તે સાચી ફિતરત જેના પર અલ્લાહ તઆલા એ માનવીને પેદા કર્યો, તે પોતાના સર્જક અને વ્યવસ્થાપક અલ્લાહ તઆલા ના અસ્તિત્વ પર સંપૂર્ણ યકીન ધરાવે છે, અને જે વ્યક્તિ તેનો ઈન્કાર કરે તો તે પોતાને જ છેતરી રહ્યો છે, અને પોતાને જ દુષ્કર્મ તરફ લઈ જઈ રહ્યો છે, ઉદાહરણ તરીકે સામ્યવાદી (અને નાસ્તિક) વ્યક્તિ

દુનિયામાં પણ દુર્ભાગ્ય જીવન પસાર કરે છે અને મૃત્યુ પછી પણ જહન્નમમાં કાયમી રહેશે, કારણકે તે પોતાના પાલનહારને જુઠલાવે છે, જેણે તેને અસ્તિત્વ આપ્યું તેમજ નેઅમતોથી માલામાલ કરી દીધો, પરંતુ જે વ્યક્તિ તૌબા કરી લે અને અલ્લાહ તેમજ તેના દીનનું અનુસરણ કરવા લાગે અને તેના પયગંબર પર ઈમાન લઈ આવશે (તો આવો વ્યક્તિ બચી જશે).

## *દસમી દલીલ:*

કેટલાક સર્જન ઉદાહરણ તરીકે બકરીઓની પેઢીમાં બરકત **રાખી** છે, અને તેના વિરુદ્ધ કેટલાક સર્જન ઉદાહરણ તરીકે કૂતરું અને બિલાડી તેની પેઢીને બરકત થી વંચિત રાખયો છે (**જેમા** અલ્લાહ ના અસ્તિત્વની એક ઝબરદસ્ત દલીલ છે).

***

## *અલ્લાહ તઆલા ની સિફાત (ગુણો) માંથી છે કે:*

તે પ્રથમ છે, જેના પહેલા કોઈ શરૂઆત નથી, અને તે હંમેશા હંમેશ રહેવાવાળી જાત છે, જે ન તો મૃત્યુ પામનારી છે અને ન તો ખતમ થનારી છે, જે પોતાની જાતે જ ગની છે, કોઈનો પણ મોહતાજ નથી, તે એકલો જ છે, જેનો કોઈ ભાગીદાર નથી, અલ્લાહ તઆલા કહે છે: (હે પયગંબર ! કહી દો, અલ્લાહ એક જ છે. (૧) અલ્લાહ બેનિયાજ છે. (૨) ન તો તેનો જન્મ થયો અને ન તો તેણે કોઈને જન્મ આપ્યો. (૩) તેમાં જેવો બીજો કોઈ નથી. (૪)) [અલ્ ઈખલાસ: ૧- ૪].

## **આયતોની સમજુતી:**

જ્યારે કાફિરોએ અલ્લાહ ના રસૂલ ને અલ્લાહ તઆલા ના ગુણ વિશે સવાલ કર્યો તો અલ્લાહ તઆલા એ આપ પર આ સૂરહ ઉતારી, અને આયતોમાં અલ્લાહ તઆલા એ આપને આદેશ આપ્યો કે તેમને આ વાત કહી દો કે:

અલ્લાહ તઆલા એક જ છે, જેનો કોઈ ભાગીદાર નથી, અલ્લાહ તઆલા ની હસ્તી હંમેશા રહેવાવાળી છે, અને તે સૃષ્ટિની વ્યવસ્થા કરવાવાળો છે, તેના માટે જ આ સૃષ્ટિ ની સરદારી છે, લોકો માટે જરૂરી છે કે તે પોતાની જરૂરત માટે ફક્ત તેની જ તરફ હાથ ફેલાવે.

જે ન તો કોઈના દ્વારા પેદા થયો અને ન તો તેના દ્વારા કોઈ પેદા થયું, અને આ યોગ્ય પણ નથી કે તેનું કોઈ બાળક હોય અથવા બાળકી, મા હોય અથવા કે પિતા . પરંતુ તેણે આ સૂરતમાં અને અન્ય સૂરતોમાં પણ આ દરેક વસ્તુને પોતાના તરફ સંબોધિત કરવાથી સખત **મનાઈ કરી** છે, કારણકે **વંશજ** અને **જનમ** આ બન્ને વસ્તુ સર્જનના ગુણો માંથી છે, અલ્લાહ તઆલા એ ઈસાઈઓની આ માન્યતાની કે " ઈસા અલ્લાહ ના દીકરા છે" અને યહૂદીઓની આ માન્યતા કે " ઉઝેર અલ્લાહ ના દીકરા છે" સખત ઈન્કાર અને રદ કર્યો છે, એવી જ રીતે કેટલાક લોકો ફરિશ્તાઓને અલ્લાહ ની દીકરીઓ કહે છે, આ વાતની પણ સખત ચેતવણી અને રદ કર્યો છે.

અને તેણે જણાવ્યું કે તેણે ઈસા ને પોતાની કુદરતથી વગર પિતાએ પેદા કર્યો, જેવી રીતે કે આદમને માટી વડે અને હવ્વાને આદમની પાસળીઓ દ્વારા પેદા કર્યો, પછી તેમના સંતાન અર્થાત્ સમગ્ર માનવજાતિને માતાપિતાના ટીપાં (શુક્રાણુ) વડે પેદા કર્યો, શરૂઆતથી દરેક વસ્તુને **તનું** અસ્તિત્વ આપ્યું, પછી તેણે પોતાના સર્જન માટે એક એવી વ્યવસ્થા નક્કી કરી, જેમાં કોઈ વ્યક્તિ ફેરફાર નથી કરી શકતો, અને આ જ જટિલ પ્રકૃતિના નિયમ પ્રમાણે તે વસ્તુ અસ્તિત્વમાં આવી, પરંતુ **જ્યારે** અલ્લાહ આ નિયમ વિરુદ્ધ કોઈ વસ્તુ પેદા કરવાની ઈચ્છા ધરાવે તો કોઈ અડચણ વગર પેદા કરવા પર સક્ષમ છે.

જેવું કે ઈસા ને વગર પિતાએ પેદા કર્યો, જેઓ માતાના ખોડામા જ બોલી રહ્યા હતા, અને મૂસાની લાકડીને ચાલતા સાપમાં ફેરવી નાખી, અને જ્યારે તેમણે પોતાની આ લાકડીને સમુદ્ર પર મારી તો તેમાં રસ્તો બની ગયો, જેના પરથી તે અને તેમની કોમ પસાર થઈ ગઈ, અને આપ ﷺ ના ઈશારાથી ચંદ્ર ના બે ટુકડા થઈ ગયા, અને જ્યારે કોઈ ઝાડ પાસેથી પસાર થતા તો તે આપને સલામ કરતો હતો, અને જાનવરો આપની પયગંબરીની ઉંચા અવાજે ગવાહી આપતા હતા, જેને લોકો પોતાના કાન વડે સાંભળતા હતા, તે કહેતા, "હું એ વાતની સાક્ષી આપું છું, કે તમે અલ્લાહ ના રસૂલ છો", અને આપને બુર્રાક પર સવારી કરાવી મસ્જિદે હરામથી મસ્જિદે અકસા તરફ લઈ

જવામાં આવ્યો, પછી ત્યાંથી આકાશો સુધી જિબ્રઈલ સાથે લઈ જવામાં આવ્યો, અને અલ્લાહ  તઆલા એ આપની સાથે વાતચીત કરી, અને પાંચ વખતની નમાઝની ભેટ લઈ  મસ્જિદે હરામ પાછા આવ્યા, અને તે સફરમાં જે ફક્ત એક જ રાતનો હતો ફજર પહેલા આકાશ પર રહેવાવાળા દરેક સાથે ઓળખ થઈ, ઈસ્રા અને મેઅરાજના કિસ્સાની સ્પષ્ટતા કુરઆન મજીદ અને અન્ય હદીષની કિતાબોમાં લખેલી મળે છે.

***

## અલ્લાહ  તઆલા એ પોતાના જે ગુણો વર્ણન કર્યા છે અને જે મુહમ્મદ ﷺ એ જણાવ્યા છે:

૧. સાંભળવું, જોવું, ઈલ્મ, શક્તિ ધરાવવી અને ઈરાદો કરવો, તે દરેક વસ્તુને સાંભળે અને જોવે છે, અને કોઈ પણ વસ્તુ તેને સાંભળવા અને  જોવા થી રોકી શક્તિ નથી.

અને ગર્ભમાં જે કંઈ છે તે તેને પણ જાણે છે તેમજ દિલમાં છુપાયેલા ભેદ પણ, અને જે કઈ થઈ ગયું છે અને જે કંઈ ભવિષ્યમાં થશે, અલ્લાહ  તેને ખૂબ સારી રીતે જાણે છે, તે જાત એવી શક્તિશાળી છે, કે જ્યારે કોઈ વસ્તુનો ઈરાદો કરી લે છે તો ફક્ત તેને કહે છે 'કુન' (થઈ જા), તે વસ્તુ તરત જ થઈ જાય છે.

૨- કલામ: આ પણ અલ્લાહ ના ગુણો માંથી એક ગુણ છે, તે જે રીતે પણ ઈચ્છે, વાત કરી શકે છે, મૂસા સાથે કલામ કર્યું, એવી જ રીતે મુહમ્મદ ﷺ સાહેબ સાથે પણ કલામ કર્યું, એવી જ રીતે કુરઆન મજીદ પોતાના શબ્દો અને અર્થ સાથે અલ્લાહ

નું કલામ જ છે, જે આપ ﷺ પર ઉતારવામાં આવ્યું, જે અલ્લાહ ના ગુણો માંથી એક ગુણ છે, સર્જન નથી, જેવું કે ગુમરાહ પંથ મુઅતઝિલાનો [1] ખ્યાલ છ.

૩- ચહેરો, બન્ને હાથ હોવા, ચઢવું, ઉતરવું [2], ખુશ થવું અને નાખુશ થવું. જેવું કે તે પોતાના મોમિન બંદાઓથી ખુશ થાય છે, અને કાફિર તેમજ તેની અવજ્ઞા કરવાવાળા પર નાખુશ અને ગુસ્સે થાય છે, અને તેનું ખુશ થવું અથવા નાખુશ થવું અને ગુસ્સે થવું પણ અન્ય ગુણોની જેમ જ તેની (શાન) પ્રમાણે સાબિત છે, જે સર્જનીઓના ગુણોની જેમ નથી, અને ન તો તેમાં કોઈ અર્થઘટન વર્ણન કરી શકાય ન તો તેની કોઈ સ્થિતિ) કેફિયત) વર્ણન કરી શકાય છે.

કુરઆન અને હદીષમાં સાબિત કરવામાં આવ્યું છે કે મોમિન મહેશરના મેદાનમાં અને જન્નતમાં પોતાની આંખો વડે અલ્લાહ તઆલા ને જોશે, અને અલ્લાહ તઆલા ના ગુણો કુરઆન અને હદીષમાં વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યા છે, ત્યાં તમારે એકવાર તેનું અધ્યયન કરી લેવું જોઈએ.

## જિન્નાત અને ઈન્સાનને પેદા કરવાનો હેતુ

હે બુદ્દિધશાળી! જ્યારે તમે જાણી લીધું કે અલ્લાહ જ તમારો પાલનહાર છે, તો એ પણ જાણી લો કે તેણે તમને વ્યર્થ પેદા નથી કર્યો, પરંતુ પોતાની ઈબાદત માટે પેદા કર્યો છે, અલ્લાહ તઆલા એ કહ્યું: (અમે જિન્નો અને માનવીઓ ને ફક્ત અમારી

---

[1] મૂઅતઝિલા: એક ગેરમાર્ગે દોરાયેલ સંપ્રદાય કે જેણે અલ્લાહ ના શ્રેષ્ઠ નામો માં તહરીફ (વિકૃતિ) કરી છે અને તેમના અર્થો ને અલ્લાહ અને તેમના રસૂલ ઈચ્છા વિરુદ્ધ અર્થઘટન કરે છે.

[2] કારણ કે હદીષ છે: (આપણો રબ(સર્જનહાર), ધન્ય અને શ્રેષ્ઠ, દરરોજ રાત્રે દુન્યવી આકાશ માં ઉતરે છે જ્યારે રાત્રિનો છેલ્લો ત્રીજો ભાગ બાકી રહે છે, અને કહે છે:
કોઈ છે જો મારા થી દુઆ કરે! હું તેની દુઆ ને કબૂલ કરી લઉં, અને કોઇ છે મારી પાસે માંગવા વાળો ! હું તેને આપી દઉં, અને મારી ક્ષમા માંગે તો હું તેને માફ કરી દઉં!...)બુખારી: (7494), મુસ્લિમ (758).

ઈબાદત માટે પેદા કર્યો છે, ન તો હું તેમનાથી કોઈ પ્રકારની રોજી માંગુ છું ન તો મારી એવી ઈચ્છા છે કે તેઓ મને ખવડાવે, અલ્લાહ  તો પોતે જ દરેકને રોજી આપનારો છે અને ખૂબ જ તાકાત ધરાવનારો છે). [અઝ્ ઝારીયાત: ૫૬-૫૮].

## આયતની સંક્ષિપ્ત સમજુતી:

અલ્લાહ  તઆલા  આ આયતમાં વર્ણન કરી રહ્યો છે કે તેણે જિન્નાત [1], અને માનવીઓને ફક્ત પોતાની ઈબાદત માટે પેદા કર્યો છે, અને બીજી તેમજ ત્રીજી આયતમાં એ વાત વર્ણન કરી છે કે તે પોતાના બંદોઓથી બેનિયાઝ છે, અને તેમના દ્વારા કોઈ રોજી અને ખોરાકની ઈચ્છા નથી રાખતો, પરંતુ તે તો એવી પાક હસ્તી છે, જે સૌને રોજી રોટી આપે છે, તેના સિવાય કોઈ કોઈને રોજી આપી નથી શકતું, તે જ વરસાદ વરસાવે છે અને જમીન માંથી વિવિધ  પ્રકારના અનાજ અને રોજી ઉપજાવે છે.

અને અન્ય સર્જનીઓ, જે બુદ્ધિ નથી ધરાવતી, તેમને અલ્લાહ  તઆલા એ માનવીઓની (સેવા અને રાહત) માટે પેદા કરી છે, જેથી કરીને તેઓ અલ્લાહ ની ઈબાદત અને તેનું અનુસરણ તેમની મદદથી ખૂબ સારી રીતે કરી શકે, અને તેમની સાથે અલ્લાહ એ નક્કી કરેલ નિયમ પ્રમાણે વ્યવહાર કરે, સૃષ્ટિના દરેક સર્જન અને તેમની સંપૂર્ણ ક્રિયા અને હરકત અલ્લાહ  તઆલા ની કોઈને કોઈ હિકમત પ્રમાણે છે, જેના પર કુરઆન મજીદે વર્ણન કર્યું છે, અને જેનાથી દરેક બુદ્ધિશાળી વ્યક્તિ પોતાના ઈલ્મ અને બુદ્ધિ મુજબ જાણ રાખે છે. ઉદાહરણ તરીકે માનવીઓની ઉંમરમાં ફેરફાર હોવું, રોજીમાં ઘટાડો વધારો થવો, કસોટી અને આજમાયશમાં તફાવત, આ બધાનો તફાવત અને ફેરફાર અલ્લાહ ની હિકમત અને ઈચ્છા પ્રમાણે છે, જેથી તે પોતાના બુદ્ધિશાળી બંદાઓની કસોટી કરે, જે વ્યક્તિ અલ્લાહ ની ઈચ્છામાં ખુશ રહ્યો, અને ભાગ્યના સામે તેનો સ્વીકાર કરી લે અને અલ્લાહ ની ઈચ્છાઓ પર ચાલવાનો પ્રયત્ન કરતો રહ્યો, તો તેને અલ્લાહ ની ખુશી પ્રાપ્ત થશે, અને તે તેને દુનિયામાં શાંતિ અને આખિરતમાં અમન

---

[1] જિન: એક બુદ્ધિશાળી સૃષ્ટિ છે જેમને અલ્લાહે તેની પૂજા કરવા માટે બનાવ્યા છે, માનવજાત જેમ, અને તેઓ પૃથ્વી પર માનવજાત સાથે રહે છે, પરંતુ માનવજાત  તેમને જોઈ શકતી નથી.

અને બરકત વાળું જીવન આપશે, અને જે વ્યક્તિએ અલ્લાહ તઆલા ના નિયમ અને ભાગ્ય પર ફરિયાદ કરી અને તેની ઈચ્છા સામે માથું ન ઝુકાવ્યું તો તેણે અલ્લાહ ની નાખુશી પોતાના માટે નક્કી કરી લીધી, અને દુનિયા અને આખિરતમાં બદનસીબ બની ગયો.

અલ્લાહ થી દુઆ છે કે અલ્લાહ આપણાથી ખુશ થાય અને પોતાની નારાજગીથી બચાવે.

***

## મૃત્યુ પછી ફરીવાર જીવિત થવું, હિસાબ કિતાબ, અમલ પ્રમાણે બદલો અને સજા મળવી અને જન્નત તેમજ જહન્નમનું વર્ણન:

હે બુદ્ધિશાળી વ્યક્તિ ! જ્યારે તમે સારી રીતે જાણી લીધું કે અલ્લાહ તઆલા એ તમને પોતાની ઈબાદત માટે પેદા કર્યા છે, તો તે પણ જાણી લો કે અલ્લાહ તઆલા એ પોતાની તે કિતાબોમાં જે તેણે પોતાના પયગંબરો પર ઉતારી છે, વર્ણન કર્યું છે કે તે તમને મૃત્યુ પછી ફરીવાર જીવિત કરશે, અને તમારા દુનિયાના નેક અને ખરાબ અમલોનો બદલો આપશે, અને તે દિવસ આખિરતનો દિવસ હશે, જેને યવ્મે જઝા (બદલાનો દિવસ) પણ કહેવામાં આવે છે, અને માનવી મૃત્યુ દ્વારા જ દારુલ્ અમલ (અમલ કરવાની જગ્યા) અને દારુલ્ ફના (ખત્મ થવાનું ઘર) થી દારુલ્ જઝા (બદલાનું ઘર) અને દારુલ્ બકા (હંમેશા બાકી રહેવવાળું ઘર) તરફ ફેરવાય છે, જયારે માનવી પોતાનું નક્કી કરેલ જીવન પૂરું કરી લે છે, તો અલ્લાહ તઆલા મૃત્યુના ફરિશ્તાને તેની રૂહ તેના શરીર માથી કાઢવાનો આદેશ આપે છે, શરીર માંથી રુહ નીકળતા પહેલા સખત તકલીફ સહન કરી મૃત્યુ પામે છે. જો તે રુહ અલ્લાહ પર ઈમાન અને તેના આજ્ઞાકરી બંદાની હોય તો અલ્લાહ તઆલા તેને દારુન્ નઈમ (જન્નત) મા પહોંચાડી દે છે, અને જો તે રુહ કાફિર અને મૃત્યુ પછી ફરીવાર જીવિત થવા અને બદલા અને સજાના દિવસનો ઈન્કાર કરવા વાળી હશે તો દારુલ્ અઝાબ (જહન્નમ) માં પહોંચાડી દેવામાં આવે છે.

એટલા સુધી કે દુનિયા નષ્ટ થવાનો સમય આવી જાય અને કયામત કાયમ થઈ જાય, અને જે લોકો જીવિત છે તે લોકો કાયમી મૃત્યુનો સ્વાદ ચાખી લે, અને અલ્લાહ સિવાય કોઇ જીવિત અને બાકી નહીં રહે, ત્યારબાદ અલ્લાહ તઆલા ફરીવાર પોતાના સર્જનીઓને એટલા સુધી કે જાનવરોને પણ ઉઠાવશે, અને દરેકના શરીરમાં રુહ પાછી નાખશે, જેઓ પહેલા જેવા થઈ જશે, ફરી તેઓના દુનિયાના અમલોનો હિસાબ કિતાબ થશે અને તેને પોતાના અમલ બરાબર સજા અને બદલો આપવામાં આવશે, પછી ભલેને કોઈ સ્ત્રી અથવા પુરુષ હોય અથવા માલદાર તેમજ ગરીબ કેમ ન હોય, ધનવાન અને લાચાર જ કેમ ન હોય, કોઈની સાથે જુલમ કરવામાં નહિ આવે,એટલા સુધી કે જાનવરોએ કરેલ એકબીજા પર જુલમનો બદલો પણ ચુકવવામાં આવશે, પછી તેમને કહી દેવામાં આવશે કે તમે સૌ માટી થઈ જાવ કારણકે જાનવર જન્નત અને જહન્નમમાં નહિ જાય. અલ્લાહ તઆલા જિન્નાતો અને ઈન્સાનોને તેમના અમલોને પૂરેપૂરો બદલો આપશે, તે મોમિન લોકોને, જેમણે અલ્લાહ અને તેના રસૂલ ની આજ્ઞાનું પાલન કર્યું તેમનું અનુસરણ કર્યું, તેમને જન્નતમાં દાખલ કરશે, ભલેને તે દુનિયામાં સૌથી ગરીબ કેમ ન હોય, અને જુઠલાવનાર કાફિરોને જહન્નનમાં નાખી દેશે, ભલે ને તે દુનિયામાં માલદાર અને પ્રભુત્વશાળી કેમ ન હોય, અલ્લાહ તઆલા કહે છે: (ખરેખર અલ્લાહ પાસે તે વધુ પ્રતિષ્ઠિત છે, જે તમારામાં સૌથી વધુ અલ્લાહ થી ડરવાવાળો હશે, ખરેખર અલ્લાહ તઆલા જાણવાવાળો અને ખબર રાખવાવાળો છે). [અલ્ હુજુરાત: ૧૩] .

**જન્નત**: જે વિવિધ પ્રકારની નેઅમતોથી ભરપૂર જગ્યા છે, જેને માનવી વર્ણન નથી કરી શકતો, જેમાં સો દરજ્જા છે, અને દરેક દરજ્જા માટે ઈમાન અને અલ્લાહ ના અનુસરણ પ્રમાણે ઠેકાણું રહેશે, જન્નતમાં સૌથી ઓછો દરજ્જાનો વ્યક્તિ દુનિયાના **મહાન રાજાઓ** ના સુખી જીવન કરતા **અનેક ગણો** વધુ સુખી હશે.

**જહન્નમ**: તેનાથી અલ્લાહ ની પનાહ, તે મૃત્યુ પછી આખિરતમાં ફક્ત ને ફક્ત અઝાબનું ઘર છે, જેના અઝાબના પ્રકારોથી દિલ અને જીગર બન્ને ધ્રુજી ઉઠે છે, અને આંખો માંથી આંસુ આવી જાય છે.

જો કયામત પછી બીજી વાર મૃત્યુ હોત તો તો ફક્ત જહન્નમને જોઈને જ જહન્નમી લોકો મૃત્યુ પામતા, પરંતુ મૃત્યુ તો ફક્ત એક જ વાર આવે છે, જેના દ્વારા ઈન્સાન દુનિયાથી આખિરત તરફ ફેરવાય છે, કુરઆન મજીદમાં મૃત્યુ, મહેશર અને કયામત, હિસાબ કિતાબ, સજા અને બદલો અને જન્નત અને જહન્નમ વિશે વિસ્તાર પૂર્વક વર્ણન કર્યું છે, અને તેની દરેક વસ્તુઓની સ્પષ્ટતા ચોખવટ કરી દીધી છે, જેની તરફ અમે ઈશારો કર્યો છે.

મૃત્યુ પછી ફરીવાર જીવિત થવા અને હિસાબ કિતાબ અને સજા તેમજ બદલાની વાત સાચી હોવા પર ઘણી દલીલો વર્ણન કરી છે, કુરઆન મજીદમાં અલ્લાહ તઆલા કહે છે: (તે જ ધરતી માંથી અમે તમારું સર્જન કર્યું અને તેમાં જ પાછા ફેરવીશું અને તેમાંથી જ ફરીવાર તમને સૌને બહાર કાઢીશું).[તાહા:૫૫]. અલ્લાહ તઆલા કહે છે: (અને તેણે અમારા માટે એક ઉદાહરણ આપ્યું, ને પોતાની પેદાશ (રચના) ને ભૂલી ગયો, કહેવા લાગ્યો કે આ સડેલા હાડકાઓને કોણ ભેગા કરશે?) [યાસીન: ૭૮-૭૯]. અલ્લાહ તઆલા કહે છે: ( (આખિરતનો) ઈન્કાર કરવાવાળાઓએ એવું વિચારી લીધુ છે કે તેઓ ફરી વાર જીવિત કરવામાં નહીં આવે, તમે તેમને કહી દો કે કેમ નહીં? અલ્લાહ ની કસમ! તમે ચોક્કસ ફરીવાર જીવિત કરવામાં આવશો. પછી જે કંઈ પણ તમે કરતા રહ્યા, તેની ખબર (તમને) આપવામાં આવશે અને અલ્લાહ માટે આ ઘણું સરળ છે). [અત્ તગાબુન: ૭].

## આયતોની સંક્ષિપ્ત સમજુતી:

૧- અલ્લાહ તઆલા પહેલી આયત દ્વારા વર્ણન કરે છે કે માનવીને તેણે જમીન માથી અર્થાત્ માટી વડે પેદા કર્યો, અને એ રીતે કે તેના પિતા આદમને માટી વડે પેદા કર્યો, અને બીજી વાર મૃત્યુ પછી માટી જ કરી દેશે, અને પછી કબરો માંથી જીવિત કરી સૌને ભેગા કરશે, અને હિસાબ કિતાબ કરી સારા અને ખરાબ અમલોનો બદલો આપશે.

૨- બીજી આયતમાં અલ્લાહ તઆલા તે કાફિરોનો રદ કરી રહ્યો છે, જેઓ મૃત્યુ પછી ફરીવાર જીવિત થવાનો ઈન્કાર કરે છે, અને તેઓને આશ્ચર્ય થાય છે કે હાડકા

સડી ગયા પછી, માટી થઈ ગયા પછી કઈ રીતે જીવિત થઈ જશે, તેઓને ખબર આપવા માગે છે કે તે હસ્તી જે પ્રથમ વખત તેમને પેદા કરવા પર કુદરત ધરાવે છે તે જ તેમને ફરીવાર જીવિત કરવામાં પણ કુદરત ધરાવે છે.

૩- ત્રીજી આયતમાં અલ્લાહ તઆલા તે જુઠા કાફિરોને જવાબ આપી રહ્યો છે, જેઓ મૃત્યુ પછીના જીવનનો ઈન્કાર કરે છે, અને તેને અશક્ય સમજી રહ્યા છે, તો તેને સાબિત કરવા માટે અલ્લાહ તઆલા આપ ﷺ ને આદેશ આપી રહ્યો છે કે તેમને કસમ ખાઈ કહી દો કે અલ્લાહ તઆલા મૃત્યુ પછી ફરી જીવિત કરવા માટે સક્ષમ છે, અને તેમના અમલ રજૂ કરવામાં આવશે અને તે પ્રમાણે જ નિર્ણય કરવામાં આવશે, અને તેના પ્રમાણે જ બદલો આપવામાં આવશે, અને આવું કરવું અલ્લાહ તઆલા માટે કોઈ મોટી વાત નથી, પરંતુ સામાન્ય વસ્તુ છે.

અને એક બીજી આયતમાં વધુ સ્પષ્ટતા સાથે કહે છે કે જ્યારે મૃત્યુ પછી જીવિત થવાનો ઈન્કાર કરનારાઓ અને જહન્નમનો ઈન્કાર કરવાવાળાઓને જીવિત કરશે અને જહન્નમમાં અઝાબ આપવામાં આવશે તેને કહેવામાં આવશે કે: (લો, હવે જહન્નમના અઝાબનો સ્વાદ ચાખો, જેને તમે જુઠલાવતા હતા). [અસ્ સજદહ: ૨૦]

## માનવીના કાર્યો અને વાતચીત પર નિયંત્રણ:

અલ્લાહ તઆલા એ તે વાતની પણ સ્પષ્ટતા કરી છે કે માનવી જે કંઈ પણ સારા અથવા ખરાબ અમલ કરશે અને સારી વાતચીત કરશે ભલેને તે જાહેરમાં કરતો હોય કે છુપી રીતે કરતો હોય, બધું જ અલ્લાહ ના ઈલ્મમાં છે, અને લોહે મહફૂઝ (એ કિતાબ કે જેમાં અલ્લાહે સર્જન કરતાં પહેલાં સર્જનનાં ભાગ્ય લખ્યો છે( માં આકાશો અને જમીન અને ઈન્સાન તેમજ અન્ય દરેકના સર્જન કરતા પહેલા જ લખી દીધું હતું, અને તેની સાથે સાથે દરેક માનવીની દેખરેખ, અને તેના સારા અને ખરાબ અમલ લખવા માટે બે ફરિશ્તાઓને નક્કી કર્યા છે, જમણી બાજુ વાળો ફરિશ્તો નેકીઓ લખતો હોય છે અને ડાબી બાજુ વાળો ફરિશ્તો બુરાઈઓ લખી રહ્યો છે, માનવીની કોઈ વાત અથવા અમલ તેનાથી અજાણ નથી હોતો, અને પછી કયામતના દિવસે તેને તે સુરક્ષિત રેકોર્ડ તેને બતાવી દેવામાં આવશે, જેથી તે તેને જોઈ અને વાંચી લીધા પછી ઈન્કાર ન કરે,

અને જે વ્યક્તિ કોઈ વસ્તુનો ઈન્કાર કરશે તો અલ્લાહ તઆલા તેને કાન, આંખ, બન્ને હાથ, તેના બન્ને પગ, તેની ચામડીને પણ તેના અમલની ગવાહી આપવશે.

અને મહાન કુરઆનમાં આ બધી વાતોની સ્પષ્ટતા કરવામાં આવી છે, અલ્લાહ તઆલા એ કહ્યું: ((માનવી) મોં વડે કોઈ શબ્દ બોલી શકતો નથી પરંતુ તેની ઉપર એક દેખરેખ રાખનારા તૈયાર છે) [કાફ: ૧૮]. અને અલ્લાહ તઆલા એ કહ્યું: (નિ:શંક તમારા પર નિરીક્ષક (ફરિશ્તા) નક્કી છે.(૧૦) જે પ્રતિષ્ઠિત છે, કાર્યો લખનાર, (૧૧) તેઓ જાણે છે, જે કઈ તમે કરી રહ્યા છો. (૧૨)) [અલ્ અન્ફાલ: ૧૦-૧૨].

## આયતોની સમજુતી:

અલ્લાહ તઆલા ખબર આપે છે કે દરેક વ્યક્તિ પર બે ફરિશ્તાઓ નક્કી છે, એક જમણી **બાજુ છે**, જે નેક અમલ નોંધ કરે છે અને એક ડાબી બાજુ નક્કી છે, જે ખરાબ કાર્યોને નોંધ કરે છે, અને છેલ્લી બે આયતોમાં અલ્લાહ તઆલા એ જાણ આપી છે કે તેણે લોકો સાથે કેટલાક પ્રતિષ્ઠિત ફરિશ્તાઓ નક્કી કર્યા છે, જે તેમના દરેક અમલ નોંધ કરી રહ્યા છે, અને એ પણ જણાવ્યું કે તેણે તે ફરિશ્તાઓને બંદાઓના દરેક અમલની જાણ રાખવા અને તેમને લખવાની શક્તિ આપી છે, અને તેના વગર પણ અલ્લાહ ને બંદાઓના દરેક અમલની જાણ હોય છે, અને તેમના પેદા થતા પહેલા જ લોહે મહફૂઝ માં લખી રાખ્યું છે.

**ગવાહી:**

હું એ વાતની ગવાહી આપું છું કે અલ્લાહ તઆલા સિવાય કોઈ સાચો મઅબૂદ નથી, અને એ પણ ગવાહી આપું છું કે મુહમ્મદ ﷺ અલ્લાહ ના રસૂલ છે, અને એ વાતની પણ ગવાહી આપું છું કે જન્નત અને જહન્નમ હકીકત છે, અને કયામતના આવવામાં કોઈ શંકા નથી અને અલ્લાહ તઆલા લોકોના હિસાબ અને

કિતાબ માટે તેમની કબરો માંથી ઉઠાવશે, અને તેમના નેક તેમજ ખરાબ કાર્યોનો બદલો આપશે, અને જે કંઈ પણ અલ્લાહ  તઆલા એ કુરઆન મજીદમાં અમને જણાવ્યું છે, અથવા પયગંબર ﷺ દ્વારા અમારા સુધી પહોચાડ્યું છે, બધું જ સાચું અને સત્ય છે.

હે બુદ્ધિશાળી વ્યક્તિ ! અમે તને આ ગવાહી પર ઈમાન લાવવા તેનું એલાન કરવા અને તેની સમજુતી પર અમલ કરવા માટે નિમંત્રણ આપીએ રહ્યા છીએ; ખરેખર આ જ સફળતાનો માર્ગ છે.

# બીજું ભાગ

# રસૂલ ﷺ ની ઓળખ

હે બુદ્દિધશાળી વ્યક્તિ! જ્યારે તમે જાણી લીધું કે અલ્લાહ તઆલા ની જાત તે પવિત્ર હસ્તી છે, જેણે તમને પેદા કર્યા, પછી તમને મૃત્યુ પછી ફરીવાર જીવિત કરશે, અને તમારા સારા અને ખરાબ કાર્યો મુજબ બદલો અને સજા આપશે, તો તમે ત્યારબાદ એ વાત પર યકીન રાખો કે અલ્લાહ તઆલા એ તમારી તરફ અને દરેક લોકો તરફ પયગંબર મોકલ્યા છે, અને તેના આદેશોનું પાલન તેમજ અનુસરણ કરવાનો આદેશ આપ્યો છે, અને એ વાતની પણ ચોખવટ કરી દીધી કે સાચી અને યોગ્ય ઈબાદત કરવાની રીત તે પયગંબરના અનુસરણ થી જ પ્રાપ્ત કરી શકાય છે, અને અલ્લાહ ની શરીઅત પર ત્યારે જ અમલ કરી શકીએ છીએ, અને તેની ઈબાદતનો હક અદા કરી શકીએ છીએ, જ્યારે તેમનું સંપૂર્ણ અનુસરણ કરવામાં આવે.

અને આ પ્રતિષ્ઠિત પયગંબર જેમના પર ઈમાન લાવવું અને તેમનું અનુસરણ કરવું દરેક વ્યક્તિ પર જરૂરી છે, તે પયગંબરો ની શ્રુંખલામાં અંતિમ પયગંબર, દરેક લોકો તરફ અલ્લાહ તરફથી મોકલેલા, ઉમ્મી પયગંબર મુહમ્મદ ﷺ છે, જેમની પયગંબરીની ખુશખબર મૂસા અને ઈસાએ પોત પોતાના સમયમાં આપી હતી, જેમનું વર્ણન તૌરાત અને ઈન્જિલમાં ચાળીસ થી વધારે જગ્યા પર આવ્યું છે, અને જેને યહૂદી અને ઈસાઈ લોકો તૌરાત અને ઈન્જિલમાં ફેરફાર થયા પહેલા પઢતા હતા [1].

---

[1] જુઓ: મુહમ્મદ ﷺ વીશે ખુશખબર

ઈંજીલ અને તોરત માં ઉલ્લેખ કર્યા મુજબ: શૈખુલ ઈસ્લામ અહમદ ઈબ્ને તૈમિયા ની પુસ્તક: અલ-જવાબુસ સહીહ" ભાગ 1, અને : "હિદાયતુલ હયારા" ઈબ્નુલ્ કૈયિમ , અને ઈબ્ને હિશામ ની પુસ્તક:

**અને વ્હાલા નબી મુહમ્મદ ﷺ જે સમગ્ર માનવજાતિ તરફ પયગંબર બનાવી મોકલવામાં આવ્યા છે, તેમનું નામ અને ખાનદાન: મુહમ્મદ બિન અબ્દુલ્લાહ** બિન અબ્દુલ્ મુત્તલિબ અલ્ હાશમી અલ્ **કુરશી** છે. જે જમીન પર સૌથી પ્રતિષ્ઠિત કુટુંબના સૌથી સાચા અને પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. જેમનું ખાનદાન પયગંબર ઈસ્માઈલ બિન ઈબ્રાહીમ સાથે મળે છે. આપ ﷺ મક્કાહમાં ૫૭૦ ઈસ્વીસનમાં પેદા થયા. આપ ﷺ જે રાત્રે આંખ ખોલી આપના પેદા થતા જ એક ભવ્ય નૂર થી સંપૂર્ણ સૃષ્ટિ પ્રકાશિત થઈ, જેનાથી લોકો ડરી ગયા, ઈતિહાસની કિતાબોમાં આ કિસ્સો નોંધ કરવામાં આવ્યો છે, અને કુરૈશ ના મુર્તિઘરોમા ક્રાંતિ જોવા મળી તથા કુરૈશ ના લોકો ની તે મૂર્તિઓ જેની તેઓ મક્કાહમાં કાબામાં પૂજા કરતા હતા, અને જે મૂર્તિઓને કોતરવામાં આવી હતી તે ઊંધી પડી ગઈ, અને કેસર અને કિસરાના મહેલો હલી ગયા, અને દસ કરતા વધારે તારાઓ તૂટીને પડી ગયા, અને સળગાવેલા ફાનસ ઓલવાઈ ગયા, અને ઠંડા પડી ગયા,જે બે હજાર વર્ષ સુધી ઓલવાયા ન હતા.

આ ક્રાંતિ અલ્લાહ તઆલા તરફથી સમગ્ર સૃષ્ટિના માનવજાતિ માટે એક સૂચના હતી કે અંતિમ પયગંબરનો જન્મ થઈ ગયો છે, જેઓ મૂર્તિઓને નષ્ટ કરશે, જેમને અલ્લાહ ને છોડીને પૂજી રહ્યા છે, અને જે નબી કૈસર અને કિસરાને એક અલ્લાહ ની ઈબાદત તરફ માર્ગદેશન આપશે, અને આ દીન સ્વીકાર કરવા માટે કહેશે, અને જ્યારે તે આ દીનનો સ્વીકાર કરવાથી ઈન્કાર કરશે તો આ અંતિમ પયગંબર તેમની સાથે યુદ્ધ કરશે, અને તેમના અનુયાયીઓ તેમનો સાથ આપશે, અને છેવટે આ લોકો તેમની સાથે યુદ્ધ કરી વિજય મેળવશે, અને અલ્લાહ ના દીનને, જે જમીન પર એક નૂર છે, તેને ફેલાવશે, અલ્લાહ તઆલા એ આપની પયગંબરી પછી આ પ્રમાણે જ કર્યું, જેવું કે કહેવામાં આવ્યું હતું.

---

"અસ્-સીરહ અન્-નબવિય્યહ", અને જુઓ પયગંબર ﷺ ના ચમત્કારો "તારીખ ઈબ્ને કસીર" માં અને અન્ય ઈતિહાસ ની પુસ્તકો માં.

**અલ્લાહ તઆલા એ આપ ﷺ ને કેટલાક એવા ગુણો આપ્યા છે, જે અન્ય પયગંબરોમાં જોવા નથી મળતા, તેમાંથી કેટલાક નીચે પ્રમાણે છે:**

**એક**: પયગંબર મુહમ્મદ ﷺ અંતિમ પયગંબર છે, આપ ﷺ પછી કોઈ રસૂલ અને પયગંબર નહિ આવે.

**બીજું**: આપની પયગંબરી સૌના માટે :

આપ ﷺ ને સમગ્ર માનવજાતિ માટે પયગંબર બનાવી મોકલવામાં આવ્યો, અને દરેક લોકો આપની ઉમ્મત ગણવામાં આવશે, જેણે આપનું અનુસરણ કર્યું તે જન્નતી હશે અને જે વ્યક્તિએ આપની અવજ્ઞા કરી તે જહન્નમમાં જશે, યહૂદી અને ઈસાઈ પણ આપ ﷺ ની સંપૂર્ણ અનુસરણ માટે બંધાયેલા છે, અને જે લોકોએ આપ ﷺ નું અનુસરણ ન કર્યું, અને ન તો આપની પયગંબરી પર ઈમાન લાવ્યા, તેઓ ખરેખર મૂસા, ઈસા અને દરેક પયગંબરોના ઈન્કાર કરનારા ગણાશે. અને કયામત ના દીવસે મૂસા અલૈહિસ-સલામ, ઈસા અલૈહિસ-સલામ અને દરેક પયગંબર તેમના અનુયાયીઓ ના વિરુદ્ધ થઈ જશે, જે લોકોએ આપ ﷺ નું અનુસરણ ન કર્યું, કારણકે તે પયગંબરોએ અલ્લાહ ના આદેશ મુજબ અંતિમ પયગંબરની ખુશખબર આપી હતી, અને આપ ﷺ પયગંબરી પર ઈમાન લાવવાનું પણ કહ્યું હતું, અને એટલા માટે પણ આપ ﷺ નો દીન ઈસ્લામ દરેક પયગંબરોનો પણ દીન છે, જેને અલ્લાહ તઆલા એ આપ ﷺ ની પયગંબરી દ્વારા સંપૂર્ણ કરી દીધો, એટલેજ કોઈ વ્યક્તિ માટે જાઈઝ નથી કે તે આપ ﷺ ની પયગંબરી પછી ઈસ્લામ દીન સિવાય કોઈ અન્ય દીનનો સ્વીકાર કરે, કારણકે ઈસ્લામ દીન જ અંતિમ અને સંપૂર્ણ દીન છે, જેના દ્વારા અલ્લાહ તઆલા એ દરેક દીનને મિટાવી દીધા, અને ઈસ્લામ દીન જ કયામત સુધી બાકી રહેવાવાળો દીન છે.

**જ્યાં સુધી યહૂદી અને ઈસાઈ ધર્મ નો સંબંધ છે, તો તે પોતાની સાચી સ્થિતિમાં સુરક્ષિત નથી,** પરંતુ તેમાં ઘણા ફેરફાર થઈ ચૂક્યા છે, એટલા માટે જે લોકોએ ઈસ્લામ દીનનું અનુસરણ કર્યું, ખરેખર તે લોકોએ ઈસા મૂસા અને દરેક પયગંબરોનું અનુસરણ કર્યું એમ ગણાશે, અને જે લોકોએ ઈસ્લામ દીનનો ઈન્કાર કર્યો, ખરેખર તે લોકોએ મૂસા, ઈસા અને દરેક પયગંબરોનો ઈન્કાર કર્યો તેમ ગણવામાં આવશે, ભલેને તે મૂસા અને ઈસાના અનુસરણ કરવાનો દાવો કરતા હોય.

આ જ કારણે યહૂદીઓના આલિમો અને ઈસાઈઓના પાદરીઓ તેમજ બુદ્ધિશાળી અને ઈન્સાફ પસંદ લોકો આપ ﷺ પર ઈમાન લાવવા અને ઈસ્લામ દીનમાં પ્રવેશવા માટે આગળ આવ્યા.

***

## રસૂલ ﷺ ના મુઅજિઝા (ચમત્કાર) [1]

આપ ﷺ ના જીવન ચરિત્ર અંગે લખનાર સીરત ના આલિમોએ આપની પયગંબરીની સત્યતા સાબિત કરવા માટે જે મુઅજિઝા થયા તેમની સંખ્યા લગભગ એક હજાર ગણાવી છે, જેમાંથી અમુક નીચે પ્રમાણે છે:

૧- **નુબૂવ્વતની મહોર**: અલ્લાહ તઆલા એ મુહમ્મદ ﷺ ના ખભા વચ્ચે નુબૂવ્વતની મહોર બનાવી હતી, તે શરીરમાં થતા મસા અને તલ માફક હતી [2].

---

[1] કુરઆન મા ચમત્કારો ને "આયાત" (નિશાની) કહેવા મા અવ્યું છે, અને આજ વધારે સત્ય છે, અને અમે અહીંયા મોઅજિઝા (ચમત્કાર) શબ્દ નું ઉપયોગ કર્યો છે કારણ કે આ શબ્દ એવી વસ્તુઓ માટે ઉપયોગ થાય છે જે અસામાન્ય હોય છે.

[2] સઆલીલ (الثآليل): તે સૂલુલ નું બહુવચન છે. તે દાણા જે ચામડીમાં ચણા ના દાણા જેટલું અથવા તેનાથી નાનું હોય છે તેને કહેવામાં આવે છે. અને પયગમ્બર ﷺ ની મહોર ચંદ્રની જેમ ગોળ અને કબૂતરના ઈંડા સમાન હતી.

૨- **વાદળનો છાયડો**: જ્યારે આપ ﷺ સખત તડકામાં ચાલતા તો વાદળનો એક ટુકડો આપ ﷺ માટે છાયડો કરતો હતો.

૩- **કાંકરીઓની તસ્બીહ**: આપ ﷺ ના હાથમાં કાંકરીઓનું તસ્બીહ પઢતા અને વૃક્ષો આપ ﷺ ને સલામ કરતા.

૪- **આપ ﷺ એ કયામત નજીક આવનાર ઘટનાઓ અને બનાવો વિશે** વર્ણન કર્યા હતા, જે સમયાંતરે જોવા મળી રહ્યા છે, અને આપના એક એક શબ્દ સાચા સાબિત થઈ રહ્યા છે.અને ગૈબની કેટલીક વાતો, જે આપના મૃત્યુ પછી થી લઈ કયામત સુધી થવાની હતી અને તે કિસ્સાઓ જેનું ઈલ્મ અલ્લાહ તઆલા એ આપ ﷺ ને આપ્યું હતું, હદીષની કિતાબોમાં સંપૂર્ણ વાતો વર્ણન કરવામાં આવી છે, હદીષની કિતાબો સિવાય આલિમોએ વર્ણન કરેલ "કયામતની નિશાનીઓના વિષય ઉપર" ઉદાહરણ તરીકે ઈમામ ઈબ્ને કષિરની કિતાબ 'અન્ નિહાયા', એવી જ રીતે 'અલ્ અખબારુલ્ મુશાઅહ ફી અશરાતી સાઅહ' અને હદીષની કિતાબોમાં ફિતનના નામથી પાઠ પણ આ વિષય પર માહિતી આપે છે, વર્ણન કરેલ મુઅજિઝા અન્ય પયગંબરોના મુઅજિઝાની જેમ સરખા હતા.

પરંતુ આ સિવાય અલ્લાહ તઆલા એ આપ ﷺ ને એક એવો મુએજિઝો આપ્યો, જે કયામત સુધી બાકી રહેશે, જે કોઈ પયગંબર ને આપવામાં નથી આવ્યો, અને એ મુઅજિઝો છે, **કુરઆન મજીદ:** જેની સુરક્ષાની જવાબદારી પોતે અલ્લાહ એ લીધી છે, જેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવો અશક્ય વાત છે, જો કોઈ દુરાચારીએ એ પ્રયત્ન કર્યો તો તે નાકામ અને અસફળ રહ્યો, કારણકે કુરઆન મજીદના હજારો લાખો નુસખા આખી દુનિયાના લોકોના હાથમા છે, જે એકબીજાથી એક શબ્દ પણ વિરુદ્ધ નથી

તેની વિરુદ્ધ તૌરાત અને ઈન્જીલના નુસખામાં અસામાન્ય ફેરફાર થઈ ચૂક્યો છે, તેમના નુસખા એકબીજાથી વિરુદ્ધ અને અલગ અલગ છે, અને દરેક નવી આવૃત્તિ પાછળની આવૃત્તિ કરતા વિરુદ્ધ હોય છે, કારણકે તેની સુરક્ષાની જવાબદારી અલ્લાહ તઆલા એ યહૂદી અને ઈસાઈઓને સોંપી છે, તો તે લોકોએ તેની સાથે રમત કરી, જયારે

કે કુરઆનની સુરક્ષાની જવાબદારી પોતે અલ્લાહ તઆલા લીધી છે અને વચન પણ આપ્યું છે, જેવું કે અલ્લાહ તઆલા કહે છે: (નિઃશંક અમે જ આ કુરઆનને ઉતારવાવાળા છીએ અને અમે જ તેની હિફાજત પણ કરવાવાળા છીએ). [અલ્ હિજર: ૯].

## કુરઆન મજીદ અલ્લાહ નું કલામ હોવામાં અને પયગંબર મુહમ્મદ ﷺ પયગંબર હોવાના બોદ્દિધક પુરાવા:

કુરઆન મજીદ અલ્લાહ નું કલામ હોવામાં અને મુહમ્મદ પયગંબર હોવાના પુરાવા માંથી એક એ કે જ્યારે મક્કહના કાફિરોએ આપ ﷺ ને જુઠલાવ્યા, જેવી રીતે પહેલાની કોમોએ પોત પોતાના પયગંબરોને જુઠલાવ્યા હતા, અને કહ્યું કે આ કુરઆન અલ્લાહ નું કલામ નથી, તો અલ્લાહ તઆલા એ તેમને પડકાર આપતા કહ્યું, કે તેના જેવું જ સ્પષ્ટ અને સાફ કુરઆન લાવી બતાવો, તેઓ અરબી જબાનના નિષ્ણાત હોવા છતાંય તેની જેમ ન લાવી શક્યા અને લાચાર બની ગયાં, જો કે તે લોકો પોતાને અરબી ભાષાના નિષ્ણાત અને ખિલાડી સમજતા હતા, અને તેમની વચ્ચે મહાન કવિઓ અને પ્રખ્યાત અરબીના વિદ્દ્વાનો હાજર હતા, પછી તેમને ફક્ત કુરઆન જેવી દસ આયતો લાવવાનું કહેવામાં આવ્યું, તો પણ તેઓ ન લાવી શક્યા, પછી એ વાત કહેવામાં આવી કે કમસે કમ એક સૂરત તો આ કુરઆન જેવી લાવીને બતાવો, તેઓ તેમાં પણ નિશફળ રહ્યા, પછી અલ્લાહ તઆલા એ પોતે જ કહી દીધું કે આ લોકો લાવી જ નથી શકતા, જો કે સમગ્ર સૃષ્ટિના માનવ અને જિન્નાત પણ આ પ્રમાણે કલામ લાવવાની ઈચ્છા કરે તો પણ કુરઆન જેવું કલામ લાવી નથી શકતા, અલ્લાહ તઆલા કહે છે: ((હે પયગંબર !) કહી દો કે દરેક ઈન્સાન અને જિન્નાત મળીને આ કુરઆન જેવી કિતાબ લાવવા ઈચ્છે તો પણ કુરઆન જેવી કિતાબ લાવી અશક્ય છે, ભલેને તે એકબીજાના મદદગાર પણ બની જાય). [અલ્ ઈસ્રા: ૮૮].

જો કુરઆન મજીદ મુહમ્મદ ﷺ નું કલામ અથવા કોઈ બીજા વ્યક્તિનું કલામ અને અલ્લાહ નું કલામ ન હોત તો અરબીના નિષ્ણાત ખરેખર એમના જેવું કલામ લાવીને બતાવી દેતા, પરંતુ અલ્લાહ નું કલામ એવી જ રીતે મહાન છે, જે રીતે તેની હસ્તી અને ગુણો સર્જનીઓના ગુણોથી ઉચ્ચ અને મહાન છે.

અને જે રીતે તે પાક હસ્તી "તેના જેવું કોઈ જ નથી" આ ગુણથી ખાસ છે, ઠીક એવી જ રીતે તેનું કલામ પણ એવું જ છે, તેના જેવું કે તેના બરાબર કોઈ જ નથી, આ વર્ણન પરથી સારી રીતે અંદાજો આવી ગયો હશે કે કુરઆન મજીદ ખરેખર અલ્લાહ નું જ કલામ છે, અને મુહમ્મદ ﷺ તેના સાચા રસૂલ છે, કારણકે અલ્લાહ નું કલામ રસૂલ સિવાય કોઈ બીજા વ્યક્તિ પર ઉતરતું નથી. અલ્લાહ તઆલા કહે છે: (લોકો! તમારા પુરુષો માંથી મુહમ્મદ (ﷺ ) કોઈના પિતા નથી, પરંતુ આપ તો અલ્લાહ ના રસૂલ છો, અને દરેક પયગંબરો માંથી સૌથી અંતિમ પયગંબર છો અને અલ્લાહ તઆલા દરેક વસ્તુને ખૂબ સારી રીતે જાણવાવાળો છે). [અલ્ અહઝાબ: ૪૦]. અને અલ્લાહ તઆલા એ કહ્યું: (અને હે પયગંબર ! અમે તમને સમગ્ર લોકો માટે એવા પયગંબર બનાવી મોકલ્યા છે, જે ખુશખબરી પણ સંભળાવે અને સચેત પણ કરે, પરંતુ ઘણા લોકો સમજતા નથી). [સબા: ૨૮]. **અને** અલ્લાહ તઆલા કહે છે: (અને અમે તમને સમગ્ર સૃષ્ટિ માટે રહેમત બનાવીને મોકલ્યા છે). [અલ્ અન્બિયા: ૧૦૭].

## આયતની સંક્ષિપ્ત સમજુતી:

૧- પહેલી આયતમાં અલ્લાહ તઆલા વર્ણન કરવા ઈચ્છે છે કે આપ ﷺ સમગ્ર સુષ્ટિના માનવજાત તરફ પયગંબર અને રસૂલ બનાવી મોકલવામાં આવ્યા છો, અને તેઓ અંતિમ પયગંબર છે, આપ ﷺ પછી કોઈ નબી અને પયગંબર બનીને નહિ આવે, અને આપ ﷺ ને મહાન પદ પયગંબરી આપવામાં આવી, જેના તમે જ લાયક હતા, અને જેનો અંત તમારા પર જ થવાનો હતો, કારણકે અલ્લાહ ખૂબ સારી રીતે જાણતો હતો કે તમે જ તેને લાયક છો.

૨- બીજી આયતમાં અલ્લાહ તઆલા વર્ણન કરે છે કે તેણે મુહમ્મદ ﷺ ને સમગ્ર લોકો તરફ રસૂલ બનાવી મોકલ્યા છે, ભલે ને તે કાળા હોય અથવા સફેદ, અરબ હોય કે ગેર અરબ, અને અલ્લાહ એ પણ જણાવ્યું કે ઘણા લોકો સત્ય અને સત્યતાથી અજાણતાના કારણે ગુમરાહ છે, અને પયગંબરનો ઈન્કાર કરી કાફિર બન્યા.

૩- ત્રીજી આયતમાં અલ્લાહ તઆલા આપ ﷺ ને સંબોધિત કરી કહે છે કે તેણે આપ ﷺ ની હસ્તી અને પયગંબરીને સમગ્ર સૃષ્ટિ માટે રહેમત બનાવી, જેણે અલ્લાહ એ તેમને ભેટ રૂપે આપી, જેણે આપ ﷺ નું અનુસરણ કર્યું તેણે અલ્લાહ તઆલા એ આપેલ ભેટ કબૂલ કરી, અને જન્નતનો હકદાર બન્યો. અને જે મુહમ્મદ ﷺ પર ઈમાન નથી લાવ્યા અને આપના અનુસરણ કરવાથી દૂર રહ્યા તેણે અલ્લાહ એ આપેલ ભેટ ને ઠુકરાવી દીધી, અને જહન્નમનો હકદાર બન્યો.

## અલ્લાહ અને તેના રસૂલ ﷺ પર ઈમાન લાવવા માટેની પોકાર:

એટલા માટે હે બુદ્ધિશાળી વ્યક્તિ ! અમે તમે બોલાવીએ છીએ કે અલ્લાહ તઆલા ને પાલનહાર સ્વીકાર કરી રસૂલ ﷺ ને પયગંબર માની તેમના પર ઈમાન લાવો, અને આપ ﷺ ની સુન્નત અને દીનનું સંપૂર્ણ અનુસરણ કરો, એનુજ નામ ઈસ્લામ દીન છે, જેનું ખરેખર સ્ત્રોત કુરઆન મજીદ અને રસૂલ ﷺ ની હદીષ છે, અને તેમની પાક સુન્નત છે, કારણકે અલ્લાહ તઆલા એ આપને દરેક ભૂલથી સુરક્ષિત રાખ્યા છે, એટલા માટે આપ અલ્લાહ ની જ ઈચ્છા પ્રમાણે કોઈ કામ કરવા અને છોડવા આદેશ આપતા હતા, એટલા માટે સાચા દિલ થી કહો કે હું એ વાત પર ઈમાન લાવ્યો, કે અલ્લાહ જ મારો પાલનહાર છે, અને સાચો ઈલાહ છે, અને એ વાત પર કે મુહમ્મદ ﷺ અલ્લાહ ના રસૂલ છે, અને પછી તેમનું અનુસરણ કરો કારણકે તે જ છુટકારા અને સફળ થવાનો માર્ગ છે.

અલ્લાહ તઆલા અમને અને તમને ખુશી અને સફળતા આપે... આમીન

# ત્રીજો ભાગ

# સત્ય દીન ઈસ્લામની ઓળખ

જ્યારે તમે જાણી લીધું કે અલ્લાહ  જ તે પાક હસ્તી છે, જેણે તમને પેદા કર્યો, રોજી આપી, અને તે એકલો જ ઈલાહ છે, જેનો કોઈ શરીક ભાગીદાર નથી, અને તમારા માટે જરૂરી છે કે તમે ફક્ત તેની જ ઈબાદત કરો, અને તમે એ પણ જાણી લીધું કે મુહમ્મદ ﷺ તમારી તરફ અને સમગ્ર સૃષ્ટિના લોકો તરફ અલ્લાહ  તરફથી આવેલ રસૂલ છે, તો હવે એ પણ જાણી લો કે તમારું અલ્લાહ  પર ઈમાન અને રસૂલ  પર ઈમાન ત્યારે જ ભરોસાને પાત્ર ગણવામાં આવશે જ્યારે તમે ઈસ્લામ દીનની સાચી માહિતી જાણી તેના પર ઈમાન લાવો, અને તેના મુજબ જ નેક અમલ કરો, કારણકે આજ ઈસ્લામ દીન છે, જેને અલ્લાહ  તઆલા એ પસંદ કરી લીધો છે,અને તેનો જ આદેશ તેણે દરેક પયગંબરોને પણ આપ્યો છે, અને મુહમ્મદ ﷺ ને આપી દરેક લોકો તરફ મોકલ્યા છે, અને તેના પ્રમાણે અમલ કરવો જરૂરી કરી દીધો છે.

***

## ઇસ્લામની વ્યાખ્યા

અંતિમ પયગંબર મુહમ્મદ ﷺ જે સમગ્ર લોકો માટે રસૂલ  બનાવી મોકલવામાં આવ્યા છે, તેઓ કહે છે: (ઈસ્લામના પાંચ (સ્તંભો)  છે,...તે સાક્ષી આપવી કે અલ્લાહ  સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહ ના રસૂલ

છે, નમાઝ કાયમ કરવી, ઝકાત આપવી, રમઝાન ના રોઝા રાખવા, અને બૈતુલ્લાહનો હજ કરવો જો શકિત ધરાવતા હોય [1].

ઇસ્લામ તે વૈશ્વિક ધર્મ છે, જેનો સ્વીકાર કરવાનો અલ્લાહ તઆલા એ લોકોને આદેશ આપ્યો છે, અને દરેક પયગંબરો તેના પર ઈમાન લઈ આવ્યા, અને આ બાબતે તે લોકોએ એલાન કર્યો, અને પોતે અલ્લાહ તઆલા કહે છે : કે આ જ સત્ય દીન છે, તેના સિવાય અન્ય દીન કબૂલ કરવામાં નહિ આવે, કહેવામાં આવ્યું: (નિંશંક અલ્લાહ તઆલા ની નજીક (સાચો) દીન ઈસ્લામ જ છે). [આલિ ઈમરાન: ૧૯]. અલ્લાહ તઆલા કહે છે: (અને જે વ્યકિત ઈસ્લામ સિવાય બીજો ધર્મન શોધશે તો તેનો ધર્મ સ્વીકારવામાં નહીં આવે, અને આખિરતના દિવસે નુકસાન ઉઠાવવાવાળાઓ માં હશે) [આલિ ઈમરાન: ૮૫].

## આયતની સંક્ષિપ્ત સમજુતી:

૧- અલ્લાહ તઆલા જાણ કરે છે કે તેની નજીક માન્ય દીન ફક્ત ઈસ્લામ જ છે.

૨- અને બીજી આયતમાં તેની સ્પષ્ટતા કરી કે ઈસ્લામ દીન સિવાય તે કોઈના દ્વારા અન્ય દીન કબૂલ નહીં કરે, અને મૃત્યુ પછી ફક્ત મુસલમાન જ ખુશનસીબ હશે, અને જે લોકો ઈસ્લામ સિવાય અન્ય દીન અપનાવશે, અને તેના પર જ મૃત્યુ પામશે તો

[1] મુસ્લિમ: 8, સુનન અબૂ દાઉદ: 4695

તેને આખિરતમાં નુકસાન ઉઠાવવું પડશે અને જહન્નમમાં તેમને અઝાબ આપવામાં આવશે.

એટલા માટે જ દરેક પયગંબરોએ ઇસ્લામ દીનનો સ્વીકાર કર્યો, અને જે લોકોએ આ દીનથી પીઠ ફેરવી તેમનાથી તે લોકો અળગા થઈ ગયા, એટલા માટે જે યહૂદી અને ઈસાઈ સફળતા ઇચ્છતા હોય તેમણે ઇસ્લામનો સ્વીકાર કરી લેવો જોઈએ, અને મુહમ્મદ ﷺ ની પયગંબરીને સ્વીકાર કરી આપ ﷺ ની શરીઅતને અપનાવી લેવી જોઈએ, જેથી કરીને મૂસા અલૈહિસ-સલામ અને ઈસા અઅલૈહિસ-સલા ના સાચા અનુયાયી સાબિત થાઓ, કારણકે પોતે મૂસા અને ઈસા તેમજ દરેક પયગંબર મુસલમાન હતા, અને ઇસ્લામ દીન તરફ જ તેમણે માર્ગદર્શન આપ્યુ છે, કારણકે આ જ તે દીન છે, જે તેમને આપવામાં આવ્યો છે,આપ ﷺ ની પયગંબરી થી લઈ કયામત સુધી કોઈ વ્યક્તિ ત્યાં સુધી મુસલમાન હોવાનો દાવો નથી કરી શકતો જ્યાં સુધી કે તે આપ ﷺ ની પયગંબરીને દિલથી સ્વીકાર ન કરી લે, અને આપ ﷺ ની સુન્નત અને શરીઅતનું સંપૂર્ણ અનુસરણ ન કરી લે, અને આપ પર ઉતારવામાં આવેલી કિતાબ કુરઆન મજીદના આદેશો પર અમલ કરવા ન લાગે, કુરઆન મજીદમાં અલ્લાહ તઆલા કહે છે: (કહી દો કે જો તમે અલ્લાહ થી મોહબ્બત રાખો છો તો મારું અનુસરણ કરો, અલ્લાહ તઆલા પોતે તમારાથી મોહબ્બત કરશે અને તમારા ગુનાહ માફ કરી દેશે અને અલ્લાહ તઆલા ઘણો જ માફ કરનાર, દયાળુ છે). [આલિ ઈમરાન: ૩૧].

## આયતની સંક્ષિપ્ત સમજુતી:

અલ્લાહ તઆલા રસૂલ ﷺ ને એક આદેશ આપી રહ્યો છે, કે અલ્લાહ થી મુહબ્બતનો દાવો કરનારને જણાવી દો કે જો તમે ખરેખર અલ્લાહ થી મુહબ્બત કરો છો, તો મારું અનુસરણ કરો, અલ્લાહ તમારાથી મુહબ્બત કરવા લાગશે, અને તમારા ગુનાહોને માફ કરી દેશે, જ્યારે તમે મુહમ્મદ ﷺ પર ઈમાન લાવો અને તેમનું અનુસરણ કરશો ત્યારે જ અલ્લાહ તઆલા તમારાથી મુહબ્બત કરશે.

અને આ જ તે ઈસ્લામ દીન છે, જેને આપ ﷺ સમગ્ર માનવજાતિ તરફ લઈને મોકલવામાં આવ્યા, અને આ એવો સંપૂર્ણ, ખુબસુરત અને સરળ દીન છે, જેને અલ્લાહ એ સંપૂર્ણ કર્યો છે, અને પોતાના બંદાઓ માટે આજ દીનને પસંદ કર્યો, જેની નજીક તેના સિવાય કોઈ દીન કબૂલ નથી, અને તે જ દીનની દરેક પયગંબરએ ખુશખબર આપી હતી, અને તેના પર ઈમાન લાવ્યા, કુરઆનમાં અલ્લાહ તઆલા કહે છે: (આજે મેં તમારા માટે દીનને સંપૂર્ણ કરી દીધો અને તમારા પર મારી નેઅમતો પુરી કરી દીધી અને તમારા માટે ઈસ્લામના દીન હોવા પર રાજી થઈ ગયો) [અલ્ માઈદહ: 3].

## આયતની સંક્ષિપ્ત સમજુતી:

આ આયત આપ ﷺ પર તે સમયે ઉતરી જ્યારે આપ ﷺ અને આપની સાથે દરેક સહાબા હજ્જે વિદાઅના સમયે અરફાના દિવસે ઝિક્ર અને દુઆઓ કરવામાં વ્યસ્ત હતા, અને ઈસ્લામ દીન ખૂબ જ પ્રગતિ કરી રહ્યો હતો, અને આપ ﷺ નું જીવન અંતિમ તબક્કામાં હતું. ત્યારબાદ અલ્લાહ ની મદદ આવી, ઈસ્લામ દીન ફેલાઈ ગયો અને કુરઆન મજીદનો ઉતરવાનો સિલસિલો પૂરો થઈ ગયો.

આ આયત દ્વારા અલ્લાહ તઆલા એ જાણકારી આપવા માગે છે કે તેણે મુસલમાનો માટે ઈસ્લામ દીન પૂરો કરી દીધો, અને તેમના પર પોતાની નેઅમતો, આપ ﷺ ની પયગંબરી અને આપ ﷺ પર કુરઆન પૂરું કર્યું, અને તેમના માટે દીન રૂપે ઈસ્લામને પસંદ કરી લીધો, જેનાથી તે ક્યારેય નારાજ નહીં થાય, અને ન તો તે તેના સિવાય બીજો કોઈ દીન કબૂલ કરશે.

અલ્લાહ તઆલા જાણ આપી રહ્યો છે કે તે ઈસ્લામ દીન જેને લઈ આપ ﷺ આવ્યા, એક એવો સંપૂર્ણ દીન અને શરીઅત છે, જે દરેક સમયમાં, દરેક જગ્યાએ અને દરેક કોમ માટે યોગ્ય અને સચોટ દીન છે, તે ઈલ્મ, સરળતા, ભલાઈ અને બરકત વાળો દીન છે, ઈસ્લામ જીવનના વિવિધ તબક્કા માટે સંપૂર્ણ અને સ્પષ્ટ તરીકો છે, તે દીન અને સિયાસત બન્ને પર આધારિત છે, તેમાં સામ્રાજ્ય, ન્યાય અને નિર્ણય, સિયાસત, સામાજિક અને આર્થિક બાબતો તેમજ તે દરેક વસ્તુ બાબતે માર્ગદર્શન

આપવામાં આવ્યું છે, જેની જરૂરત એક માનવીને હોઈ શકે છે, અને આ દીન પર જ મૃત્યુ પામવા પર આખિરતમાં સફળતા મળશે.

****

## ઇસ્લામના અરકાન (સ્થભો)

ઇસ્લામ દીન જેને આપ ﷺ લઈને આવ્યા તેના કુલ પાંચ મહત્વના પાયા છે, જેના પર ઈમાન લાવ્યા વગર અને તેના નિયમોનું પાલન કર્યા વગર કોઈ વ્યક્તિ સાચો મુસલમાન નથી બની શકતો, તે પાંચ રુકન આ પ્રમાણે છે:

૧- એ વાતની ગવાહી આપવી કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઈલાહ(મઅબૂદ) નથી અને મુહમ્મદ પયગંબર ﷺ અલ્લાહ ના રસૂલ છે.

૨- નમાઝ કાયમ કરવી.

૩- ઝકાત આપવી.

૪- રમઝાનના રોઝા રાખવા.

૫- **ક્ષમતા** હોય તો બૈતુલ્લાહનો હજ કરવો.

## પહેલો રુકન

(ગવાહી આપવી કે અલ્લાહ સિવાય કોઈ ઈલાહ નથી અને મુહમ્મદ પયગંબર સાહેબ અલ્લાહ ના રસૂલ છે):

આ ગવાહીની કેટલીક સમજુતી અને અર્થ થાય છે, જેના વિશે દરેક **મુસલમાન ને** જાણવું જરૂરી છે, અને તે પ્રમાણે અમલ કરવો જરૂરી છે, અને જે લોકો વિચાર્યા વગર જ તેને ફક્ત પોતાની જબાન વડે કહી દે છે, અને તેની સમજુતીની જાણ

નથી રાખતા અને ન તો તેના પર અમલ કરે છે તેઓ યોગ્ય રીતે તેના દ્વારા કઈ પણ ફાયદો ઉઠાવી નથી શકતા.

કલિમા (લા ઈલાહ ઈલ્લલ્લાહ) નો અર્થ એ છે કે જમીન અને આકાશમાં અલ્લાહ સિવાય કોઈ સાચો ઈલાહ (ઈબાદત લાયક( નથી, તેની જ હસ્તી ઈલાહ હોવાને લાયક છે, અને તેના સિવાય અન્ય મઅબૂદ બાતેલ (ખોટા) છે, ઈલાહનો અર્થ: મઅબૂદ.

જે વ્યક્તિ અલ્લાહ ને છોડીને અન્યની ઈબાદત કરે છે તે કાફિર અને મુશરિક છે, ભલેને તેનો મઅબૂદ કોઈ નબી અથવા વલી કેમ ન હોય, પછી ભલેને તેમની બંદગીને એ દલીલ સાથે કરતો હોય કે તે તેમના દ્વારા અલ્લાહ ની નિકટતા પ્રાપ્ત કરી રહ્યા છે, તો તે પણ બાતેલ છે, કારણકે તે મુશરિક જેમની સાથે આપ ﷺ એ જિહાદ કર્યો તેઓ પણ નબીઓ અને વલીઓની આ જ દલીલ આપી તેમની બંદગી કરતા હતા, પરંતુ તેમની આ દલીલ બાતેલ અને રદ કરવામાં આવી છે, કારણકે અલ્લાહ ની નિકટતા પ્રાપ્ત કરવાની આ રીત નથી, કે અન્યની બંદગી કરવામાં આવે, અલ્લાહ ની નિકટતા, નેક અમલ દ્વારા ,અને તેના નામ અને ગુણો વડે પ્રાપ્ત કરવામાં આવે છે, જે બાબતે પોતે અલ્લાહ તઆલા આદેશ આપી રહ્યો છે, જેવું કે નમાઝ પઢવામાં આવે, રોઝા રાખવામાં આવે, જિહાદ કરવામાં આવે, સદકો કરવામાં આવે, હજ કરવામાં આવે, માતાપિતાની સેવા કરવામાં આવે, વગેરે, અને જીવિત હાજર મોમિન બંદાની દુઆ, જયારે તે પોતાના ભાઈ માટે દુઆ કરે.

## ઈબાદતના ઘણા પ્રકાર છે, તેમાંથી કેટલીક નીચે વર્ણન કરવામાં આવી રહી છે:

**૧- દુઆ:**

પોતાની જરૂરિયાતો **માટે દુઆ કરવી**, જેને પુરી કરવા માટે અલ્લાહ સિવાય કોઈ કુદરત નથી ધરાવતું, જેમ કે વરસાદ વરસાવૂં, બીમાર ને સાજો કરવું, મુસીબતોને દૂર કરવી, જેને અલ્લાહ સિવાય કોઈ દૂર નથી કરી શકતું, અને એવી જ રીતે જન્નતનો સવાલ તેમજ જહન્નમ થી મુક્તિ માંગવી, સંતાન માંગવી, રોજી માંગવી, શાંતિ અને અમન માગવું. વગેરે.

આ બધું જ અલ્લાહ સિવાય કોઈની પાસે માંગવામાં ન આવે, અને જો કોઈએ કોઈ સર્જન પાસે ભલેને તે જીવિત હોય કે મૃત્યુ પામેલ હોય, કોઈ પણ વસ્તુની તેમની પાસે માંગ કરી, તેણે તેની ઈબાદત કરી, તો તે જહન્નમમાં જશે. જો કે અલ્લાહ એ તેમને આદેશ આપ્યો છે કે તેઓ ફક્ત અલ્લાહ પાસે જ સવાલ કરે અને એ પણ કહી દીધું છે કે દુઆ પણ એક ઈબાદત છે, અને જે વય્કિત અલ્લાહ સિવાય કોઈને પોકારશે તો તે જહન્નમમાં જશે. અલ્લાહ તઆલા કહે છે: (અને તમારા પાલનહાર એ કહ્યું: મારી પાસે દુઆ માંગો હું તમારી દુઆઓને કબૂલ કરીશ, ખરેખર જે લોકો મારી ઈબાદત થી મોઢું ફેરવે છે, તે નજીક માં જ અપમાનિત થઇ જહન્નમમાં જશે). [ગાફ્રિ: ૬૦].

અને અલ્લાહ તઆલા એ સ્પષ્ટ કહી દીધું છે કે જેમને અલ્લાહ સિવાય પોકારવામાં આવે છે તેઓ કોઈને નુકસાન અને ફાયદો પહોંચાડી શકતા નથી, ભલેને તે નબી અથવા વલી હોય: (તમે તેમને કહી દો કે તેમને પોકારો, જેમને તમે અલ્લાહ સિવાય મઅબૂદ સમજો છો , ન તો તે તમારી કોઈ તકલીફ્ને દૂર કરી શકે છે અને ન તો બદલી શકે છે).

[અલ્ ઈસ્રા: ૫૬] અને તેના પછી એક બીજી આયતમાં વર્ણન કર્યું છે કે અલ્લાહ તઆલા કહે છે: (અને એ કે મસ્જિદો ફક્ત અલ્લાહ માટે જ છે, બસ ! અલ્લાહ તઆલા સાથે કોઇ અન્યને ન પોકારો). [અલ્ જિન્ન : ૧૮].

**૨- ઝબેહ(બલી) કરવું**, નઝર માનવી અને કોઈ પણ નેક કામ કરવું:

કોઈ પણ વ્યકિત માટે જાઈઝ નથી કે તે અલ્લાહ ના સિવાય કોઈના માટે ઝબેહ અને કુરબાની કરે અથવા નઝર માને, જે અલ્લાહ ને છોડીને બીજા માટે ઝબેહ

કરશે, ઉદાહરણ તરીકે કોઈની કબર માટે અથવા જિન્નાતને ખુશ કરવા માટે ઝબેહ કરશે તો તેણે અલ્લાહ ને છોડીને બીજાની ઈબાદત કરી, તો તે અલ્લાહ ની લઅનતને પાત્ર થઈ જશે; અલ્લાહ તઆલા કહે છે: (તમે કહી દો, ખરેખર મારી નમાઝ, મારી કુરબાની, મારું જીવન અને મારું મૃત્યુ સમગ્ર સૃષ્ટિનાં પાલનહાર માટે છે). [અલ્ અન્આમ: ૧૬૨-૧૬૩].

અને આપ ﷺ એ કહ્યું: (જે અલ્લાહ ને છોડીને બીજા માટે ઝબેહ કરશે તો તેના પર અલ્લાહ ની લઅનત છે) [1].

જ્યારે કોઈ વ્યક્તિ આમ કહે કે મારું ફલાણુ કામ થઈ જશે તો હું ફલાણા માટે નઝર અને દાન કરીશ અથવા કંઈક બીજું કરીશ, તો આ નઝર શિર્ક થઈ જશે, કારણકે આ નઝર સર્જન માટે કરવામાં આવી છે, અને નઝર માનવી ઈબાદત છે, એટલા માટે આ કોઈ સર્જન માટે કરવી યોગ્ય નથી પરંતુ નઝર ફક્ત અલ્લાહ માટે જ હોવી જોઈએ. સાચી નઝર એ છે કે કોઈ વ્યક્તિ એવું કહે કે,: "જો મારું ફલાણુ કામ થઈ જશે તો હું અલ્લાહ માટે દાન કરીશ, અથવા કોઈ બીજી ઈબાદત કરીશ".

### ૩- ઈસ્તિગાષહ (ફરિયાદ કરવી), ઈસ્તિઆનત (મદદ માંગવી) અને ઈસ્તિઆઝહ (પનાહ માંગવી) [2] :

એટલા માટે અલ્લાહ સિવાય કોઈની સામે ફરિયાદ કરવામાં ન આવે, અને ન તો મદદ માંગવામાં આવે, અને ન તો પનાહ માંગવામાં આવે; કુરઆન મજીદમાં અલ્લાહ તઆલા કહે છે: (અમે ફક્ત તારી જ બંદગી કરીએ છીએ અને ફક્ત તારી જ પાસે મદદ માંગીએ છીએ). [અલ્ ફાતિહા : ૫]. અને અલ્લાહ તઆલા એ કહ્યું: (તમે

---

[1] મુસ્લિમ: 1978, સુનન નસઈ: 4422

[2] ઈસ્તિઆનહ (الإستعانة): અર્થાત્ કોઈ થી મદદ મંગવી

કહી દો ! કે હું સવારના પાલનહારની શરણમાં આવું છું.(૧) દરેક તે વસ્તુની બુરાઈથી જે તેણે પેદા કરી.(૨)) [અલ્ ફલક: ૧-૨], આપ ﷺ એ કહ્યું: (મારી સામે ફરિયાદ કરવામાં ન આવે પરંતુ અલ્લાહ ની સામે ફરિયાદ કરવામાં આવે) [1], અને આપ ﷺ એ કહ્યું: (જ્યારે તમે સવાલ કરો તો અલ્લાહ તઆલા સમક્ષ કરો, અને જ્યારે મદદ માંગો કરો તો અલ્લાહ તઆલા પાસે મદદ માંગો) [2].

અને જ્યાં દુનિયામાં ફરિયાદ અથવા મદદ લેવાની જરૂર પડે તો ફક્ત જીવિત અને હાજર વ્યક્તિ પાસે જ મદદ માંગી શકાય છે, અને તેવો તે વસ્તુ કરવાની શક્તિ ધરાવતો હોય, અને ઈસ્તિઆઝહ અર્થાત્ પનાહ માંગવી, તો આ ફક્ત અલ્લાહ ની જ શાન છે, તેની પાસે જ આશરો માગવો જોઈએ, તે સિવાય કોઈ મૃતક અને ગાયબ વ્યક્તિ પાસે પનાહ માંગવી જાઈઝ નથી, કારણકે તે કોઈ વસ્તુના માલિક નથી, ભલેને કોઈ નબી અથવા વલી અથવા કોઈ ફરિશ્તો હોય.

ગૈબનું ઈલ્મ અલ્લાહ સિવાય કોઈની પાસે નથી, જે વ્યક્તિ ગૈબના ઈલ્મનો દાવો કરે, તો તે કાફિર છે, જેનો ઈન્કાર કરવો જરૂરી છે, જેણે કોઈ ભવિષ્યવાણી કરી અને તે વાત સંજોગો **થી** થઈ પણ ગઈ, તો ફક્ત તેને સંજોગ જ ગણવામાં આવશે, કારણકે આપ ﷺ કહે છે: (જે વ્યક્તિ કોઈ જ્યોતિષ પાસે ગયો અને તેની વાતોની પુષ્ટિ કરી તો તેણે જે વસ્તુ મુહમ્મદ ﷺ પર ઉતરી છે, તેનો ઈન્કાર કર્યો) [3].

---

[1] મુસનદ અહમદ:(5/17/22758), મોઅજમ તબરાની: (10/246) અને આ હદીષ ને ઈમામ અલ્બનીએ સહિહ કહ્યું છે.

[2] સૂનન તિરમિઝી: 2516, મુસનદ અહમદ:2802, મોઅજમ તબરાની: 2820,12989.

[3] સુનન અબિ દાઉદ: 3904, સુનન તિર્મિઝી: 135, સુનન ઈબ્ને માજા: 639, અને આ હદીષ ને ઈમામ અલ્બાનીએ -રહિમ્હુલ્લાહ- "સહીહ તર્ગીબ વ તરહીબ" માં સહિહ કહ્યું છે (3047)

## ૪ . તવક્કુલ (ભરોસો કરવો), રજા (ઉમ્મીદ રાખવી) [1] અને ખુશૂઅ (ડરવું):

કોઈ પણ વ્યક્તિ માટે જાઈઝ નથી કે તે અલ્લાહ સિવાય કોઈના પર ભરોસો કરે, અને તેના સિવાય કોઈની પાસે આશા રાખે, અને તેના સિવાય કોઈ બીજાથી ડરે.

પરંતુ ઘણા અફસોસની વાત છે કે આજના સમયમાં ઘણા ઈસ્લામનો દાવો કરનાર અલ્લાહ ની જાત અને તેના ગુણોમાં શિર્ક કરી રહ્યા છે, ઘણા લોકો જીવિત પ્રતિષ્ઠિત લોકો પાસે પોતાની જરૂરિયાત માંગતા હોય છે, કબરોના ચક્કર લગાવે છે, અને તેમની સામે પોતાની જરૂરિયાત પૂરી થવા માટે વિનંતી કરતા હોય છે, ખરેખર આ દરેક કાર્યો અલ્લાહ ને છોડીને બીજાની ઈબાદત ગણવામાં આવશે, અને આ અમલ કરનાર મુસલમાન હોઈ શકતો નથી, ભલે ને તે મુસલમાન હોવાનો દાવો કેમ ન કરે, કલિમએ તય્યીબહની ગવાહી આપતો હોય, નમાઝ પઢતો હોય, ઝકાત આપતો હોય અને બૈતુલ્લાહનો હજ પણ કરતો હોય; અલ્લાહ તઆલા કહે છે: (નિઃશંક તમારી તરફ વહી કરવામાં આવી ચૂકી છે અને તમારાથી પહેલાના લોકો તરફ પણ વહી કરવામાં આવી છે કે (હે પયગંબર !) જો તમે (પણ) શિર્ક કરશો તો તમારા કર્યો (પણ) બરબાદ થઈ જશે અને ખરેખર તમે નુકસાન ઉઠાવનારાઓમાંથી બની જશો). [અઝ્ ઝુમર :૬૫], અને અલ્લાહ તઆલા એ કહ્યું: (જે કોઈ અલ્લાહ ની સાથે અન્યને ભાગીદાર ઠેરવશે, તેના પર જન્નત હરામ થઈ જશે, તેનું ઠેકાણું જહન્નમ હશે, જાલિમો માટે કોઈ મદદ કરનાર નહિ હોય) [અલ્ માઈદહ: ૭૨]. એવી જ રીતે અલ્લાહ તઆલા એ આપ ﷺ ને આદેશ આપ્યો કે લોકોને જણાવી દો: (હે પયગંબર ! કહી દો કે હું તો તમારી જેમ એક માનવી જ છું, (હા પરંતુ) મારી તરફ વહી કરવામાં આવે છે, કે ખરેખર તમારો ઈલાહ ફક્ત એક જ ઈલાહ છે, તો જે કોઈ પોતાના પાલનહાર સાથે મુલાકાત કરવાની ઈચ્છા ધરાવતો હોય તો તેણે નેક કાર્યો કરવા જોઈએ, પોતાના પાલનહારની ઈબાદતમાં કોઈને પણ ભાગીદાર ન ઠેરવો જોઇએ). [અલ્ કહફ : ૧૧૦].

---

[1] તવક્કુલ (التوكل): અર્થાત્ હૃદય થી કોઈ પર વિશ્વાસ અને ભરોસો કરવું, રજા (الرجاء) અર્થાત આશા: અર્થાત્: ભવિષ્ય માં કોઈ પ્રિય વસ્તુ મેળવા માટે તેની સાથે હૃદયનું જોડાણ

અને કેટલાક દુરાચારી આલિમો લોકોને ધોખામાં રાખે છે, સાચી તૌહીદ, જે ઈસ્લામની બુનિયાદ છે, તેનાથી અજાણ છે, અને બસ થોડાક સામાન્ય મસ્લા મસાઈલની ઓળખ રાખે છે, એવા દુરાચારી આલિમો શફાઅત અને વસિલાના વિષયની આડમાં શિર્ક તરફ લોકોને બોલાવી રહ્યા છે, કેટલીક હદીષોની અને આયતો ની બાતેલ સમજુતી અને કેટલીક જૂઠી હદીષો તેમની દલીલ છે, તેઓ પોતાના શિર્ક અને બિદઅતને સાબિત કરવા માટે શેતાની સપના પણ વર્ણન કરતા હોય છે, જેઓને તે લોકોએ અલ્લાહ ને છોડીને અન્યની ઈબાદત કરવા માટે દલીલ રૂપે ભેગા કરી રાખ્યા છે, અને તે લોકોએ શેતાન તેમજ **મનેચ્છાઓ** અને પૂર્વજોનું આંધાણુ અનુસરણ કરવાની રીત તે જ રીતે અપનાવી રાખી છે, જે પહેલા ના મુશરિકોએ અપનાવી રાખી હતી.

અને વસીલો તે છે જે અલ્લાહ તઆલા એ આયતમાં શોધવાનો આદેશ આપ્યો, (અને તેની તરફ વસિલો શોધો) [અલ્ માઈદહ: ૩૫], તે સાચી તૌહીદ અને નેક અમલ છે, જેવું કે નમાઝ, રોઝા, સદકો, હજ, જિહાદ, ભલાઈનો આદેશ અને બુરાઈથી રોકવું, અને સંબંધો જોડી રાખવા વગેરે. મૃતક પાસે પોતાની જરૂરિયાત માંગવી અને મુસીબતોના સમયે તેમની પાસે ફરિયાદ કરવી, અને એવી જ રીતે **બીજા** અમલ; અલ્લાહ ને છોડીને અન્યની ઈબાદત કરવામાં ગણાશે.

શફાઅતનું વર્ણન: નબીઓ, અને વલીઓ અને અન્ય મુસલમાનોની ભલામણ, જ્યારે અલ્લાહ તઆલા તેમને તેની પરવાનગી આપશે, આપણે તેની સત્યતા પર ઈમાન ધરાવીએ છીએ, પરંતુ આ ભલામણ મૃતકો પાસે માંગવી જાઈઝ નથી, કારણકે આ ફક્ત અલ્લાહ નો જ અધિકાર છે, અને તે જેને ઈચ્છે તેને જ આ અધિકાર આપી શકે છે, એટલા માટે એક સાચો મુસલમાન મોમિન વ્યક્તિ અલ્લાહ પાસે શફાઅત માંગતા આ શબ્દો કહે, "હે અલ્લાહ તું મારા માટે પોતાના પયગંબર અને નેક બંદોઓની શફાઅત કબૂલ કર", પરંતુ આ શબ્દો ક્યારેય ન કહેવા **જોઈએ**: "હે ફલાણા વ્યક્તિ ! તું મારા માટે શફાઅર કરી દે" વગેરે, કારણકે તે મૃત્યુ પામી ચુક્યો છે, અને મૃતક પાસે ક્યારેય કોઈ વસ્તુ માંગી નથી શકતો, અલ્લાહ તઆલા કહે છે: (તમે કહી દો કે ભલામણ અલ્લાહ માટે જ છે, આકાશો અને ધરતીમાં તેની જ બાદશાહત છે, તમે સૌ તેની જ તરફ પાછા ફેરવવામાં આવશો.) [અઝ્ ઝુમર: ૪૪].

અને કેટલીક બિદઅતો જેને ઈસ્લામે હરામ કરી છે અને રસૂલ ﷺ એ સહીહ હદીષોમાં તેને કરવાથી રોક્યા છે, અને તેનાથી બચવાની તાકીદ કરી છે, જેવું કે કબરો પર ગુંબજ બનાવવા, તેમને ઠોસ મજબૂત બનાવવા, તેના પર લખવું, દીવા શણગારવા, અને ચાદરો ચઢાવવી, અને અંદર નમાઝ પઢવી વગેરે. આ બધી જ વસ્તુથી આપ ﷺ એ સખત રોક્યા છે; કારણકે તેનાથી જ કબર પૂજાની શરૂઆત થાય છે.

અહીં એ સારી રીતે સ્પષ્ટ થઈ ગયું છે કે ઘણા શહેરોમાં જે લોકો કબર અને દરગાહ પર હાજરી આપે છે, તેમનો આ અમલ અલ્લાહ સાથે એક પ્રકારનું શિર્ક કરવું ગણાશે, જેવું કે મિસ્રમાં બદવી અને સય્યિદહ ઝેનબની કબરો પર અને ઈરાકમાં શાહ અબ્દુલ કાદિર જિલાની, અને નજફ નામનું શહેર અને કરબલામાં આપ ﷺ ના ઘરવાળાઓ તરફ નિસબત આપવામાં આવેલી કબરો, અને દુનિયાની કોઈ પણ કબર પર એવો હેતુ લઈ ત્યાં હાજરી આપે છે કે તેમની ફરિયાદ સાંભળવામાં આવશે, તેમની ઈચ્છાઓ પૂરી કરવામાં આવશે કેટલાક શહેરોમાં તો હદ થઈ ગઈ છે કે લોકો કબરના ચક્કર લગાવે છે, અને કબર વાળાને ફાયદા અને નુકસાનનો માલિક સમજે છે, અને તેમની પાસે પોતાની ઈચ્છાઓની માંગણી કરતા હોય છે.

સ્પષ્ટ છે કે તેમનો આ અમલ તેમને ગુમરાહ મુશરિકો માંથી કરી દેશે, ભલે તેઓ મુસલમાન હોવાનો દાવો કરતા હોય, નમાઝ અને રોઝાની પાંબદી કરતા હોય, અને બૈતુલ્લાહનો હજ કરી ચુક્યા હોય, અને કલિમએ લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્ રસૂલુલ્લાહ વારંવાર પોતાની જબાનથી કહેતા હોય, કારણકે જે લા ઈલાહ ઈલ્લલ્લાહ પઢતો હોય તે ત્યાં સુધી સાચો મોમિન નથી બની શકતો જ્યાં સુધી તેનો અર્થ અને સમજુતી ન સમજી લે. તેના મુજબ નેક અમલ ન કરે, જો કે જ્યારે બિન મુસ્લિમ આ કલિમા એકરાર કરે છે તો તે મુસલમાન બની જાય છે, જ્યાં સુધી તેની વિરુદ્ધ કોઈ કામ ન કરી લે, જે તેના શિર્ક પર બાકી રહેવા માટેની દલીલ સાબિત થતી હોય, જેવું કે આ અજ્ઞાની લોકો કરતા હોય છે, અથવા ઈસ્લામને સંપૂર્ણ જાણી લીધા પછી તેમાંથી કોઈ વસ્તુનો ઈન્કાર કરી લે, અથવા ઈસ્લામ દીન સિવાય કોઈ અન્ય દીનની માન્યતાઓ પર ઈમાન ધરાવે.

નબી અને વલી [1] તે લોકોથી અળગા રહેશે, જે લોકો તેમની પાસે દુઆઓ માગે છે, અને ફરિયાદ કરે છે, કારણકે અલ્લાહ તઆલા એ તે લોકોને એટલા માટે મોકલ્યા છે કે તેઓ સાચી તૌહીદ અને ફક્ત એક અલ્લાહ ની ઈબાદત તરફ લોકોને બોલાવે, અને અલ્લાહ સિવાય અન્યની ઈબાદતથી લોકોને રોકે, ભલેને તે નબી હોય કે વલી.

રસૂલ ﷺ થી મુહબ્બત અથવા અલ્લાહ ના વલીઓ સાથે મુહબ્બતનો અર્થ એ નથી કે તેમની બંદગી કરવામાં આવે, કારણકે આમ તો તેમની સાથે શત્રુતા ગણાશે, પરંતુ તેમની સાથે સાચી મુહબ્બતનો તરીકો એ છે કે તેમનું સાચું અનુસરણ કરવામાં આવે, તેમના માર્ગને અપનાવવામાં આવે, સાચો મુસલમાન તે છે, જે નબીઓ અને પયગંબરોથી મુહબ્બત કરતો હોય, પરંતુ તેમની ઈબાદત નથી કરતો.

અને આપણો આ અકીદો છે કે રસૂલ ﷺ થી મુહબ્બત કરવી દરેક મુસલમાન માટે જરૂરી છે, અને એ પણ એવી મુહબ્બત, જે પોતાની જાન, પોતાના સંતાન અને માલની મોહબ્બત કરતા પણ વધારે હોય.

***

## અલ્ ફીર્કતુનન્ નાજીયહ (સફળ થયેલ જૂથ)

[1] અલ્લાહ ના વલી એક અલ્લાહ ની ઈબાદત કરનાર એકેશ્વરવાદી લોક છે, જે તેના પયગંબર ને સત્ય રીતે અનુસરે છે. તેમાં થી કેટલાક તેમના જ્ઞાન(ઈલ્મ) અને જિહાદ ના કારણે જાણીતા હોય છે અને કેટલાક જાણીતા હોત નથી, અને જાણીતા લોકો પણ ખ્યાતિ ને પસંદ કરતા નથી, અને સાચા વલી પોતેજ વલી થવા નો દાવો કરતા નથી, પરંતું તે પોતા ને ગુનેગાર જાણે છે, અને તેમનો કોઈ વિશેષ ઓળખ અને પહેરાવો નથી જેથી લોક તિમને ઓળખી ને તેમનું સમ્માન અને આદર કરે; પયમ્બર ﷺ ની સારી રીતે અનુસરી અને આજ્ઞા સિવાય. અને દરેક મુસ્લિમ જે એક અલ્લાહ ના એકેશ્વરવાદ માં વિશ્વાસ રાખે છે, અને તેમના પયગંબર ની અનુસરી કરે છે: તો તે તેની આજ્ઞાપાલન અને સલાહ(ભલાઈ) મુજબ અલ્લાહન નું વલી છે. આ બધી વાતો થી સ્પષ્ટ થાય છે કે જે લોકો વલી હોવા નું દાવો કરે છે અને વિશેષ પ્રકારના વસ્ત્રો પહેરે છે કે લોકો તેમનું સમ્માન કરે અને તેમની આજ્ઞાપાલન કરે તો તે જૂઠ્ઠા છે.

આમ મુસલમાનોની સંખ્યા ઘણી છે, પણ ખરી વાત એ છે કે સાચા મુસલમાનોની સંખ્યા ખૂબ જ ઓછી છે, પોતાને ઈસ્લામ તરફ સંબોધિત કરનારા જૂથ અત્યારે ફિરકા બની ગયા છે, જેમની સંખ્યા ૭૩ સુધી પહોંચી ગઈ છે, અને તેને માનનારા કરોડો લોકો છે, પરંતુ અકીદો અને નેક અમલ પ્રમાણે એક જ જૂથ એવું છે, **જે સાચી તૌહીદનું અનુસરણ કરનાર, તેમજ આપ ﷺ અને આપના સહાબાઓનું અનુસરણ કરનાર લોકો છે**, જેમના માટે આપ ﷺ એ એક હદીષમાં આમ કહ્યું કે: (યહૂદી ૭૧ ફિરકોમાં અને ઈસાઈ ૭૨ ફિરકામાં વિભાજીત થઈ ગયા, અને નજીકમાં જ મારી કોમ ૭૩ ફિરકાઓમાં વિભાજીત થઈ જશે, બધા જહન્નમી હશે, ફક્ત એક જૂથ સિવાય). સહાબાઓએ કહ્યું: હે અલ્લાહ ના રસૂલ ! તે કયું જૂથ હશે ? તો આપ ﷺ એ કહ્યું: (હું અને મારા સાથીઓ આજે જે માર્ગ પર ચાલી રહ્યા છીએ, એજ માર્ગ પર જે જૂથ ચાલતો રહશે, તે સફળ થશ) [1].

જાણી લો કે આપ ﷺ અને આપના સહાબા જે તરીકા પર હતા, તે છે: **લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્ રસૂલુલ્લાહ ના અર્થ અને સમજૂતી પર ઇમાન, અને અલ્લાહ માટે જ નઝર પુરી કરવી, તેની સામે જ ફરિયાદ કરવી, અને તેનાથી જ મદદ માંગવી, અને તેની જ પનાહ માંગવી, અને એવો અકીદો કે નુકસાન અને ફાયદો પહોંચાડવાની કુદરત અલ્લાહ સિવાય કોઈની પાસે નથી, એવી જ રીતે ઈસ્લામના રુકન પર સારી રીતે અમલ , અને અલ્લાહ એ ઉતારેલી કિતાબો, ફરિશ્તાઓ, રસૂલો, બીજી વાર જીવિત થવા પર અને હિસાબ કિતાબ પર, જન્નત અને જહન્નમ પર, અને સારી તેમજ ખરાબ તકદીર પર ઈમાન ધરાવવો, કે તે દરેક વસ્તુઓ અલ્લાહ તરફ થી છે, કુરઆન અને સુન્નત ને માર્ગદર્શક માની પોતાના દરેક નિર્ણય તેના મુજબ જ કરવો, અને તેની સામે પોતાનું માથું ઝુકાવવું, અને અલ્લાહ વાળાઓ સાથે મુહબ્બત અને તેમના દુશ્મનો સાથે નફરત કરવું, અલ્લાહ ના દીનનો પ્રચાર કરવું,**

---

[1] સુનન અબુ દાઉદ: 3842, ઈબ્ને માજહ: 3226, અને અલબાની -રહિમહુલ્લાહ- "સહીહ અલ-જામેઅ" : 1082 માં અને "સિલસિલા સહીહહ" : 203 માં સહિહ કહ્યું છે.

**અને જિહાદમાં સંપૂર્ણ ભાગ લેવું, અને સદાચારી આગેવાનોની ઈતાઅત કરવી, જ્યારે તે લોકો ભલાઈનો આદેશ આપે, અને કોઈપણ જગ્યાએ સત્ય વાત કહેવાથી ના ડરવું , અને આપ ﷺ અને આપની પવિત્ર પત્નીઓથી-સહાબાઓથી મુહબ્બત કરવી, અને તેમની પ્રાથમિકતા, પ્રતિષ્ઠતા તેમનો મુકામ અને મહત્ત્વતાનો સ્વીકાર કરવો, અને તે સૌ માટે અલ્લાહ ની ખુશીની દુઆ કરવી, તેમની વચ્ચે સામાન્ય મતભેદને [1] અવગણવું, અને મુનાફિક અને હઠેલા વિદ્રોહી લોકોની વાત ન માનવી, જે વાતો તે લોકોએ સહાબા વિશે કહી છે અને મુસલમાનો વચ્ચે મતભેદ ઉભો કરવા માટે ઘડેલી છે, અને જેના દ્વારા ધોખો ખાઈ કેટલાક આલિમો તેમજ ઈતિહાસકારોએ પોત પોતાની કિતાબોમાં ફક્ત સારા અનુમાન સાથે વર્ણન કરી છે, જો કે આ ખોટું છે.**

જે લોકો પોતાને અહલે બૈત તરફ નિસબત આપે છે અને સૈયદ લખતા હોય છે તેઓએ પોતાના નસબ અને ખાનદાન તરફ ધ્યાન ધરવું જોઈએ, કારણકે અલ્લાહ તઆલા તે લોકો પર લઅનત કરી છે, જે લોકો પોતાની નિસબત પોતાના પિતાને છોડીને અન્ય તરફ કરતા હોય છે, અને જ્યારે કોઈની નિસબત સાચે જ અહલે બૈત તરફ સાબિત થઈ જાય તો તેના માટે જરૂરી છે કે તે આપ ﷺ અને અહલે બૈતની ખાસ અને સાફ તૌહીદમાં તેમનું અનુસરણ કરે, અને ગુનાહોથી બચીને રહે, અને તેમની સવારી અને પગ ને ચુંબન ન કરવો જોઈએ, અને એમને જોઇએ કે તે પોતાની પોશાક ને ખાસ ન રાખે, કારણકે આ બધું સુન્નત વિરુદ્ધ છે, સાચે અલ્લાહ ની નજીક તે વધ પ્રતિષ્ઠિત અને પ્રિય છે, જે તેનાથી વધુ ડરતો હશે.

આપણા નબી મુહમ્મદ ﷺ પર દરૂદ નાજિલ થાય અને તેમના ઘરવાળાઓ પર અને તેમના પર અલ્લાહ ની સલામતી હોય.

***

[1] અર્થાત સહાબા વચ્ચે ના મતભેદ અંગે મૌન રાખવું તેના વિશે કોઈ પ્રકાર ની ટીકા કરવી નહિ

# નિર્ણય અને કાનૂન બનાવવો ફક્ત અલ્લાહ નો જ હક છે, અને જ્યાં કંઇ પણ અલ્લાહ  ની શરીઅત (કાનૂન) લાગૂ કરવા માં આવશે ત્યાં ન્યાય, રહમત અને કૃપા રહશે

લ઼ા ઈલાહ ઈલ્લલ્લાહ ના એકરાર પછી એ વાત પર ઈમાન રાખવું જરૂરી છે કે સરદારી અને કાનૂન ફક્ત અલ્લાહ નો જ અધિકાર છે, કોઈ વ્યક્તિ માટે જાઈઝ નથી કે તે એવો કાનૂન બનાવે જે અલ્લાહ ના કાનૂન વિરુદ્ધ હોય એવી જ રીતે કોઈ વ્યક્તિ માટે એ પણ જાઈઝ નથી કે તે અલ્લાહ ના નિર્ણય વિરુદ્ધ કોઈ નિર્ણય કરે, અને ન તો શરીઅતના વિરુદ્ધ નિર્ણય સામે ઝૂકે, એવી જ રીતે જે વસ્તુને અલ્લાહ  તઆલા એ હરામ કરી છે, તેને હલાલ કરવાની કોઈનો અધિકાર નથી, જે વ્યક્તિએ અલ્લાહ ના નિર્ણય વિરુદ્ધ જાણી જોઈને વિરોધ કર્યો અથવા શરીઅતના નિર્ણય વિરુદ્ધ કોઈ નિર્ણયનો સ્વીકાર કર્યો અને ખુશ રહ્યો તો તે કાફીર છે, અલ્લાહ  તઆલા  કહે છે: (અને જે લોકો અલ્લાહ એ આપેલ આદેશો મુજબ નિર્ણય ન કરે, તો તે જ કાફિર છે) [અલ્ માઈદહ: ૪૪].

***

# પયગંબરોને મોકલવાનો હેતુ

ત઼ૌહીદ તરફ લોકોને બોલાવવા, પયગંબરોને પયગંબરીની જવાબદારી સોંપવાનો ખરેખર હેતુ એ છે કે તેઓ લોકોને -લા ઈલાહ ઈલ્લલ્લાહ- નો એકરાર કરવા અને તેના નિયમો અનુસાર લોકોને અનુસરણ કરવા તરફ બોલાવે, અને તે ફક્ત એક અલ્લાહ ની ઈબાદત છે, અને બધા બાતેલ મઅબૂદો અને તેમના કાનૂનથી અળગા રહેવું, અને અલ્લાહ ની શરીઅત સામે પોતાનું માથું ઝુકાવી દેવું છે.

જે વ્યક્તિ આંધળી તકલીદ(અંધ શ્રદ્ધા)થી હટીને ધ્યાનથી કુરઆન મજીદનું વાંચન કરશે, તો તે જાણી લેશે કે જે વાતો અમે વર્ણન કરી છે, તે જ સાચી છે, અને વધુ

તેને એ પણ જાણ થઈ જશે કે અલ્લાહ તઆલા એ પોતાની પાક અને પવિત્ર હસ્તી સાથે અને દરેક સર્જનીઓ સાથે પણ ઇન્સાનના સંબંધ નક્કી કરી દીધા છે, જેવી રીતે કે પોતાનો સબંધ એક મોમિન બંદા સાથે એવી રીતે બાકી રાખવાનો આદેશ આપ્યો છે કે ઈબાદતના દરેક પ્રકાર ફક્ત તે પાક હસ્તી માટે ખાસ કરવામાં આવે, અને કોઈ સર્જન માટે કોઈ નાનામાં નાની ઈબાદત પણ કરવામાં ન આવે, એવી જ રીતે પયગંબર અને નેક લોકો સાથે મોહબ્બત અને લગાવ પોતાની મોહબ્બત અનુસાર કરવામાં આવે, અને તેમનું અનુસરણ કરવાનો આદેશ આપ્યો છે, અને એવી જ રીતે કાફિરો અને મુશરિકો સાથે નફરત ભર્યો સબંધ હોવો જોઈએ, કારણકે અલ્લાહ તઆલા તેમની સાથે નફરત કરી રહ્યો છે, અને તેમને ઈસ્લામ તરફ બોલાવવા જોઈએ, અને ઈસ્લામના સાચા અકીદા તેમની સમક્ષ સારી રીતે રજૂ કરવા જોઈએ, જેથી તેઓ તેનો સ્વીકાર કરી લે, અને જો તેઓ સત્ય દીનનો સ્વીકાર કરવાથી ઇન્કાર કરે અને અલ્લાહ સામે માથું ન ઝુકાવે તો તેમની સાથે જિહાદ માટે એલાન કરી દેવામાં આવે, જેથી કુફ્ર અને શિર્કનું મૂળિયું કપાઈ જાય, અને ઈસ્લામ દીન વિજય પામે, "લા ઈલાહ ઈલ્લલ્લાહ" કલિમાનો અર્થ અને સમજુતી જાણવી દરેક મુસલમાન માટે જરૂરી છે, અને તેના નિયમો મુજબ અમલ કરવો ખૂબ જ જરૂરી છે, જેથી સાચે જ તમે મુસલમાન બની જાઓ.

***

## આપ ﷺ માટે ગવાહીનો અર્થ:

તૌહીદ કલિમાનો બીજો ભાગ "મુહમ્મદ ﷺ અલ્લાહ ના રસૂલ " છે.

આ શબ્દનો અર્થ: આપણે એ વાતનું જ્ઞાન ધરાવીએ કે મુહમ્મદ ﷺ સમગ્ર માનવજાતિ તરફ રસૂલ અને પયગંબર બનાવી મોકલવામાં આવ્યા છે, અને તે એક પ્રતિષ્ઠિત બંદા છે ,જેમની ઈબાદત કરવામાં નથી આવતી, અને પ્રતિષ્ઠિત પયગંબર છે, જેમને જુઠલાવી નથી શકતા, જો કે આપ ﷺ નું અનુસરણ કરવું જરૂરી અને વાજિબ છે, જેણે આપનું અનુસરણ કર્યું તે જન્નતમાં દાખલ થશે અને જે વ્યક્તિ આપ ﷺ ની અવજ્ઞા કરશે તો તે

જહન્નમમાં દાખલ થશે, આપણે સૌએ એ વાતનું પણ યકીન રાખવું જોઈએ કે ઈસ્લામ દીનના આદેશો જાણવા ભલેને તેનો સબંધ ઈબાદતના પ્રકાર થી હોય, જેનો અલ્લાહ એ આદેશ આપ્યો છે અથવા વિવિધ પ્રકારના સામાજિક બાબતો થી હોય, અથવા હલાલ અને હરામ બાબતે હોય, આ દરેક વસ્તુ આપ ﷺ દ્વારા જ આપણા સુધી પહોંચી છે, કારણકે આપ ﷺ ની હસ્તી એવા રસૂલ ની છે જે અલ્લાહ ના આદેશો ને લોકો સુધી પહોંચાડતા હોય છે, એટલા માટે કોઈ મુસલમાન માટે જાઈઝ નથી કે તે રસૂલ ﷺ ની લાવેલ શરીઅત વિરૂદ્ધ કોઈ અન્ય દીન અથવા શરીઅતને કબૂલ કરે, અલ્લાહ તઆલા કહે છે: (અને રસૂલ જે કઈ પણ તમને આપે તેને અપનાવી લો અને જેનાથી રોકે તેનાથી બચો, અને અલ્લાહ થી ડરો, નિઃશંક અલ્લાહ સખત સજા આપનાર છે) [અલ્ હશ્ર: ૭]. અલ્લાહ તઆલા એ કહ્યું (હે મુહમ્મદ ) તમારા પાલનહાર ની કસમ ! આ લોકો ત્યાં સુધી ઈમાનવાળા નથી બની શકતા, જ્યાં **સુધી કે** દરેક અંદરોઅંદર ના વિવાદો માં તમને ન્યાયકરતા ન માની લે, પછી જે ફેંસલો તમે તેઓ માટે કરી દો તેનાથી પોતાના મનમાં કોઈ પણ પ્રકારની તંગી અને નાખુશી ન અનુભવે, અને આજ્ઞાકારી સાથે તે નિર્ણય માની લે). [અન્ નિસા: ૬૫].

## બન્ને આયતોની સમજુતી:

૧- અલ્લાહ તઆલા પહેલી આયતમાં મુસલમાનોને આદેશ આપી રહ્યો છે કે તેઓ રસૂલ ﷺ ની તે દરેક વાતોનું અનુસરણ કરે, જેનો આદેશ આપ ﷺ આપે, અને તે દરેક વસ્તુથી થોભી જાય, જેનાથી આપ ﷺ રોકે, કારણકે આપ ﷺ અલ્લાહ ના આદેશથી જ કોઈ કામ કરવા અથવા ન કરવાનો આદેશ આપતા હોય છે.

૨- બીજી આયતમાં અલ્લાહ તઆલા પોતે પોતાની પાક હસ્તીની કસમ ખાઈ એ વાત વર્ણન કરી રહ્યો છે, કોઈ વ્યકિતનું અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન ત્યાં સુધી યોગ્ય અને સાચું નથી જ્યાં સુધી તે વિવાદમાં રસૂલ ﷺ પાસે નિર્ણય ન કરાવે, અને પછી તે નિર્ણયને ખુશી ખુશી કબૂલ કરે, ભલેને તે નિર્ણય પોતાના હકમાં હોય કે

પોતાની વિરુદ્ધ હોય, આપ ﷺ કહે છે: (જે વ્યક્તિ કોઈ એવો અમલ કરે, જે અમારી શરીઅત મુજબ નથી તો તેનો તે અમલ રદ કરવામાં આવશે) [1].

***

## પોકાર

હે બુદ્ધિશાળી ઈન્સાન ! જ્યારે તમે સારી રીતે કલિમએ તૌહીદને જાણી ગયા અને તમને ખબર પણ પડી ગઈ કે આ મહાન કલિમો ઈસ્લામની ચાવી અને તેનો પાયો છે, જેના પર સંપૂર્ણ ઈસ્લામનો આધાર છે, તો તમારે સાચા દિલથી આ કલિમો "અશહદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહુ વ્ અશહદુ અન્ન મુહમ્મદુર્ રસૂલુલ્લાહ" (હું ગવાહી આપું છું કે અલ્લહ સિવાય કોઈ સાચો ઈલાહ નથી અને હું ગવાહી આપું છું કે મોહમ્મદ ﷺ અલ્લાહ ના પયગંબર છે) **પઢવો જોઇએ** અને એના પર ઈમાન અને યકીન રાખવું જોઈએ, અને તેના નિયમોનું પાલન કરવું જોઈએ, જેથી દુનિયા અને આખિરતમા શાંતિ મળી શકે, અને મૃત્યુ પછી અલ્લાહ ના અઝાબથી બચી શકો.

અને એ પણ જાણી લેવું જોઈએ કે તૌહીદ અને રિસાલતના કલિમા ના એકરાર નુ **અર્થ:** ઈસ્લામ ના **સંપૂર્ણ અર્કાન પર અમલ** કરવો છે, કારણકે અલ્લાહ તઆલા એ મુસલમાનો પર તે ઈબાદત ને એટલા માટે જ જરૂરી કરી છે, કે તેઓ ઈખલાસ અને સાચા દિલથી તેમના પર અમલ કરે અને જે વ્યક્તિએ ઈસ્લામના રુકન માંથી કોઈ પણ રુકનને કોઈ શરીઅતના કાનૂન વગર છોડી દે, તો તેની તૌહીદ અને રિસાલત ની ગવાહી અધૂરી છે, અને તે **(એકરાર,શહાદત(** માન્ય અને કબૂલ ગણવામાં નહીં આવે.

---

[1] ૨. બુખારી:2697, મુસ્લિમ:1718, હદીષ ના શબ્દો બુખારી ના છે.

***

## બીજો રુકન

## ઇસ્લામનો બીજો મહત્વનો રુકન નમાઝ

હે બુદ્દિધશાળી વ્યક્તિ ! જાણી લે કે ઈસ્લામનો બીજો મહત્વનો રુકન નમાઝ છે, રાત દિવસમાં અલ્લાહ તઆલા એ પાંચ વખતની નમાઝ ફર્ઝ કરી છે, જેથી એક મુસલમાન બંદો અને તેના પાલનહાર વચ્ચે એક સંબંધ કાયમ રહે, અને તે અલ્લાહ ના દરબારમાં દુઆ કરે, અને ફરિયાદ કરે, અને એટલા માટે પણ કે નમાઝ તેને અશ્લીલતા અને વ્યર્થ કાર્યોથી સુરક્ષિત રાખે, જેના કારણ તેના દિલને એવી શાંતિ અને શારીરિક આરામ નસીબ થાય કે તેને દુનિયા અને આખિરતમાં સફળતા પ્રાપ્ત થાય.

અલ્લાહ તઆલા એ નમાઝ પઢવા માટે શરીર, કપડાં અને જગ્યાની પાકી સફાઈ જરૂરી કરી છે, એટલા માટે એક મુસલમાન નમાઝ પઢતા પહેલા પાક સાફ પાણીથી પોતાના શરીરને દેખીતી ગંદકીથી જેવી કે પેશાબ, મળ થી પાક સાફ કરી લે, જેથી કરીને તેનું શરીર જાહેરી ગંદકીથી અને તેનું દિલ અણદેખી ગંદકીથી પાક થઈ જાય.

નમાઝ ઈસ્લામ દીનનો પાયો છે, અને તૌહીદ તેમજ પયગંબરીની ગવાહી આપ્યા પછી ઈસ્લામનો સૌથી અગત્યનો રુકન છે, એક મુસલમાન માટે પુખ્તવયે પહોંચ્યા પછીથી લઈ મૃત્યુ સુધી પાબંદી સાથે નમાઝ પઢવી જરૂરી છે, એવી જ રીતે પોતાના બાળકો જ્યારે તેઓ સાત વર્ષના થઈ જાય તેમને શિક્ષા આપવી જરૂરી છે, જેથી કરીને તેઓ નમાઝના પાંબંદ બની જાય, અલ્લાહ તઆલા કહે છે: (ખરેખર દરેક મોમિનો પર નમાઝ તેના સમયસર પઢવી ફરજીયાત છે). [અન્ નિસા: ૧૦૩], અને અલ્લાહ તઆલા એ કહ્યું: (તેઓને ફક્ત એ જ આદેશ આપવામાં આવ્યો હતો કે તેઓ ફક્ત અલ્લાહ ની જ ઈબાદત કરે અને દીનને નિખાલસતા સાથે અપનાવે, (માત્ર

અલ્લાહ માટે) નમાઝ કાયમ કરતા રહે, ઝકાત આપતા રહે, આ જ સાચો દીન છે). [અલ્ બય્યિનહ: ૫].

## બન્ને આયતોની સંક્ષિપ્ત સમજુતી:

૧- પહેલી આયતમાં અલ્લાહ તઆલા જણાવવા ઈચ્છે છે કે નમાઝ મુસલમાનો પર એક જરૂરી કાર્ય છે, અને તેમના માટે જરૂરી છે કે તે નક્કી કરેલ સમયમાં તેને અદા કરે.

૨-અને બીજી આયતમાં અલ્લાહ તઆલા એ વર્ણન કર્યું છે કે તેણે જે ભવ્ય મકસદ માટે ઈન્સાનને પેદા કર્યા છે અને જે આદેશો તેમના માટે નક્કી કર્યા છે, તે એ છે કે લોકો ફક્ત ને ફક્ત તેની જ બંદગી કરે, અને સાચી ઈબાદત તેનો અધિકાર સમજે, અને નમાઝ પઢે અને ઝકાત હકદાર સુધી પહોંચાડે.

નમાઝ દરેક મુસલમાનો માટે જરૂરી છે, ભલેને કોઈપણ પરિસ્થિતિ હોય, ડર અને બીમારીની સ્થિતિમાં પણ શક્તિ પ્રમાણે નમાઝ પઢવી પડશે, જો ઉભા રહી નમાઝ પઢવાની શક્તિ ધરાવતો હોય તો ઉભા રહી પઢે નહીં તો બેસીને પઢે, જો તેની પણ શક્તિ ન હોય તો સૂતા સૂતા, અને જો તેની પણ શક્તિ ન હોય તો પોતાની આંખોના ઈશારા અને દિલના ધ્યાન વડે પઢી લેવી જોઈએ, રસૂલ ﷺ એ કહ્યું: (અમારી અને તેમની (કાફિરો) વચ્ચે એક તફાવત છે અને તે છે, નમાઝ, જે કોઈ નમાઝ છોડી દેશે તો તેણે કુફ્ર કર્યું). [1].

---

[1] સુનન તિર્મિઝી: 262, સુનન નસઈ: 46, મુસનદ અહમદ: 5/346, અને ઈમામ અલબનીએ "સાહીહુલ જમેઅ" માં આ હદીષ ને સહિહ કહ્યું છે.

### પાંચ ફર્ઝ નમાઝ આ પ્રમાણે છે:

ફજરની નમાઝ, ઝોહરની નમાઝ, અસરની નમાઝ, મગરિબની નમાઝ, ઈશાની નમાઝ

**ફજરની નમાઝ**: તેનો સમય પરોઢ સવારથી લઈ સૂર્યોદય સુધી રહે છે, પરંતુ તેના છેલ્લા સમય સુધી વાટ જોવી યોગ્ય નથી, **ઝોહરની નમાઝ:** તેનો સમય જ્યારે સૂર્ય અસ્ત શરૂ થઈ અને ત્યાં સુધી રહે છે, જ્યાં સુધી કોઈ વસ્તુનો પ્રતિબિંબ તે વસ્તુ બરાબર ન થઈ જાય, **અસરની નમાઝ**: તેનો સમય ઝોહરની નમાઝના સમયના અંતથી લઈ સૂર્યમાં પીળાશ આવવા સુધી રહે છે, પરંતુ તેને પણ તેના છેલ્લા સમય સુધી વાટ જોઈ યોગ્ય નથી, પરંતુ તેને તે સમયે પઢવી જોઈએ જ્યારે સૂર્ય એકદમ સફેદ અને પ્રકાશિત હોય, **મગરિબની નમાઝ**: તેનો સમય સૂર્યાસ્તથી લઈ લાલાશ ગાયબ થાય ત્યાં સુધી રહે છે, તેને પણ તેના છેલ્લા સમય સુધી વાર જોવી યોગ્ય નથી, **ઈશાની નમાઝ**નો **સમય**: મગરિબના અંતિમ સમય પછી શરૂ થાય છે અને રાતના છેલ્લા ભાગ સુધી રહે છે. ત્યારબાદ વિલંબ નથી કરી શકતા.

જો કોઈ વ્યક્તિએ એક વખતની નમાઝ પણ કોઈ શરઈ કારણ વગર લેટ પઢી તો તેણે મોટો ગુનોહ કર્યો, અને તેણે અલ્લાહ  સામે તૌબા કરવી પડશે, અને બીજીવાર આમ ન કરવું જોઈએ, અલ્લાહ  તઆલા  કહે છે: (પછી એવા નમાઝીઓ માટે (પણ) વિનાશ છે. (૪) જેઓ પોતાની નમાઝથી ગાફેલ છે). (૫)) [અલ્ માઉન: ૪-૫].

***

## નમાઝનો તરીકો અને તેના કેટલાક આદેશો

### પહેલું: પાકી સફાઈ:

જ્યારે કોઈ મુસલમાન નમાઝ પઢવાનો ઈરાદો કરે તો સૌ પ્રથમ તે પોતાની પેશાબ અને મળ કરવાની જગ્યાને સારી રીતે પાક સાફ કરી લે, જો તેણે પેશાબ કરી હોય અથવા મળ તો, પછી વુઝૂ કરવું જોઈએ.

**વુઝૂ:** વુઝૂ માટે નિયત કરી લેવી જોઈએ અને નિયત દિલમાં કરવી જોઈએ, જબાન વડે નિયત ન કરે, અલ્લાહ તઆલા તેને ખૂબ સારી રીતે જાણે છે, આપ ﷺ એ નિયત જબાન વડે નથી કરી,

**વુઝુની રીત:** સૌ પ્રથમ બિસ્મિલ્લાહ પઢવું જોઈએ, પછી કોગળા કરે, ત્યારબાદ નાકમાં પાણી નાખી તેને સાફ કરવું, પછી સંપૂર્ણ ચેહરાને ધોવો જોઈએ, ત્યારબાદ કોણી સુધી બન્ને હાથ ધોવા જોઈએ, પહેલા જમણા હાથને ધોવો જોઈએ પછી ડાબા હાથને, પછી બન્ને હાથ વડે માથાનો સંપૂર્ણ મસહ કરવો જોઈએ, પછી કાનનો મસહ કરવો, પછી છેલ્લે ઘૂંટી સુધી બન્ને પગ ધોવા જોઈએ, પહેલા જમણા પગને ધોવો જોઈએ.

જ્યારે કોઈ વ્યક્તિ પાકી સફાઈ પછી પેશાબ, મળ, પાદવ, **અથવા** સૂઈ **જાય** કે બેભાન થઈ જાય તો તેણે નમાઝ પઢવા માટે ફરીવાર પાક થવું જરૂરી છે, એવી જ રીતે કોઈ પુરુષ અથવા સ્ત્રી સૂતા અથવા જાગતા મનેચ્છાથી વીર્ય નીકળી જાય તો તેણે જનાબતનું ગુસલ કરવું પડશે, અને સ્ત્રી જ્યારે હૈઝ અને નિફાસથી ફારીગ થાય તો તેના પર પણ ગુસલ કરવું જરૂરી છે, કારણકે હૈઝ અને નિફાસની સ્થિતિમાં નમાઝ પઢવી જાઈઝ નથી, અને પાક થયા સુધી તેના પર નમાઝ ફર્ઝ નથી, અલ્લાહ તઆલા એ તેમને છૂટ આપતા તેમને ફરીવાર પઢવું પણ જરૂરી નથી કર્યું, જો આ સિવાય અન્ય કારણોસર નમાઝ સમયસર ન પઢી તો પુરુષની જેમ જ તેને ફરીવાર પઢવી વાજિબ છે.

જ્યારે વુઝૂ અથવા ગુસલ માટે પાણી ન મળે, અથવા પાણીનો વપરાશ થી નુકસાન પહોંચતો હોય, ઉદાહરણ તરીકે બીમાર વ્યક્તિ માટે, તો તે સ્થિતિમાં તયમ્મુમ જરૂરી છે, તયમ્મુમની રીત એ છે કે સૌ પ્રથમ દિલમાં તયમ્મુમ કરવાની નિયત કરે, બિસ્મિલ્લાહ પઢી બન્ને હાથ માટી પર એક વાર મારવા જોઈએ, પછી તે હાથ ચેહરા પર ફેરવવા જોઈએ, પછી ડાબા હાથની હથેળી જમણા હાથ પર અને જમણા હાથની હથેળી ડાબા હાથ પર ફેરવવી જોઈએ, આટલું કરવાથી તયમ્મુમ થઈ **જાય છે**, **તયમ્મુમ** હેઝ અને નિફાસથી પાક થવા, એવી જ રીતે જ્યાં વુઝૂ અને ગુસલ કરવું

જરૂરી હોય, અને જો પાણી ન મળે અથવા પાણીના વપરાશ પર તકલીફ થતી હોય તો તયમ્મુમ કરી શકાય છે.

### બીજું: નમાઝ પઢવાનો તરીકો:

### ૧- ફજર ની નમાઝ:

બે રકઅત એવી રીતે પઢવી જોઈએ કે નમાઝ પઢવાવાળો પુરુષ હોય અથવા કે સ્ત્રી દિલથી ફજરની નમાઝની નિયત કરી કિબલા તરફ ઉભા થઇ જાઓ, કિબ્લો મક્કહમાં મસ્જિદે હરામ તરફ હોવો જોઈએ, જબાનથી કોઈ પણ રીતે નિયત ન કરવી જોઈએ, પછી અલ્લાહુ અકબરના શબ્દો વડે તકબીરે તહરીમા પઢવી જોઈએ, અને પછી દુઆએ ઈસ્તિફ્તાહ પઢવી જોઇએ. "હે અલ્લાહ ! તું પાક છે, વખાણ તારા માટે જ છે, અને તારું નામ બરકતવાળું છે, અને તારી શાન મહાન છે, તારા સિવાય કોઈ સાચો મઅબૂદ નથી" હું ધુતકારેલા શેતાનથી તારી પનાહમાં આવું છું, ત્યાર બાદ સૂરે ફાતિહા પઢવી જોઈએ. **જેનું અર્થ** છે: ((શરૂ કરું છું) અલ્લાહ ના નામથી જે અત્યંત દયાળુ અને કૃપાળુ છે. (૧) દરેક પ્રકારની પ્રશંસા અલ્લાહ માટે જ છે, જે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર છે. (૨) (જે) ઘણો જ કૃપાળુ, અત્યંત દયાળુ, (છે). (૩) બદલાના દિવસ (કયામત) નો માલિક છે. (૪) અમે ફકત તારી જ બંદગી કરીએ છીએ અને ફકત તારી જ પાસે મદદ માંગીએ છીએ. (૫) અમને સત્ય (અને સાચો) માર્ગ બતાવ. (૬) તે લોકોનો માર્ગ, જેમના પર તે કૃપા કરી. તે લોકોનો (માર્ગ) ન બતાવ, જેમના પર તું ક્રોધિત થયો અને તેમનો પણ માર્ગ ન બતાવ, જેઓ પથભ્રષ્ટ છે. (૭) [અલ્ ફાતિહા: ૧-૭]. આ સંપૂર્ણ સૂરતને અરબી ભાષામાં પઢવી જરૂરી છે [1] **અને પછી "અલ્લાહુ અકબર" કહી રુકૂઅ કરવું જોઈએ, અને રુકૂઅમાં પોતાની પીઠ અને માથું ઝુકાવવું**

[1] કારણ કે જો કુરઆન ને અરબી સીવાય કોઈ અન્ય ભાષા માં વાંચવા માં આવશે તો તે કુરઆન નહીં રહશે, એજ કારણે કુરઆન ના શબ્દો નું ભાષાંતર કરવા માં આવતું નથી પરંતુ તેના અર્થો નું અનુવાદ કરવા માં આવે છે; કારણ કે જો કુરઆન ના અક્ષરો અને શબ્દો નું ભાષાંતર કરવા માં આવતું તો કુરાનની છટાદારતા અને ચમત્કારિકતા જતિ રહેશે અને અરબી કુરઆન રહેશે નહીં.

જોઈએ, અને પોતાની બન્ને હથેળીઓને ઘૂંટણ પર મૂકી દેવી જોઈએ, અને "સુબ્હાન રબ્બીયલ્ અઝીમ" કહેવું જોઈએ, પછી "સમિઅલ્લાહુ લિમન્ હમિદહ" કહેતા ઉભા થાઓ અને સીધા ઉભા થઇ ગયા પછી "રબ્બના વ લકલ્ હમ્દ" કહેવું, પછી "અલ્લાહુ અકબર" કહેતા એવી રીતે સિજદો કરવો જોઈએ, કે બન્ને પગની આંગળીઓ અને ઘૂંટણ અને બન્ને હાથ અને ચહેરો તેમજ નાક જમીન પર હોવું જોઈએ, અને સિજદામાં "સુબ્હાન રબ્બિઅલ્ અઅલા" કહેવું, પછી "અલ્લાહુ અકબર" કહી બેસી જવું જોઈએ, અને બંને સિજદા વચ્ચેની બેઠકમાં "રબ્બિગ્ફિર્લી" કહેવું જોઈએ, પછી "અલ્લાહુ અકબર" કહી બીજો સિજદો કરવો જોઈએ, અને "સુબ્હાન રબ્બિયલ્ અઅલા" કહેવું અને પછી "અલ્લાહુ અકબર" કહેતા બીજી રકઅત માટે ઉભા થાઓ ,અને સૂરે ફાતિહાની તિલાવત કરવી જોઈએ, જેવી રીતે પહેલી રકઅતમાં કરી હતી, પછી "અલ્લાહુ અકબર" કહી રુકુઅ કરવો, પછી રુકુઅથી માથું ઉઠાવી પછી સિજદો કરવો જોઈએ, પછી બેસવું જોઈએ અને ફરી "અલ્લાહુ અકબર" કહી બીજો સિજદો કરવો જોઈએ, અને પછી બેસી જાય, બીજી રકઅતમાં દરેક જગ્યા પર તે જ તસ્બીહ પઢવી જોઈએ જે પહેલી રકઅતમાં પઢી હતી.

પછી બેસીને આ દુઆ પઢવી જોઈએ: (અત્તહિય્યાતુ લિલ્લાહિ વસ્સલવાતુ વત્તય્યિબાતુ, અસ્સલામુઅલય્ક અય્યુહન્ નબીય્યુ વરહ્મતુલ્લાહિ વ બરકાતુહ, અસ્સલામુઅલય્ના વઅલા ઈબાદિલ્લાહિસ્ સાલિહીન, અશ્હદુ અલ્ લાઈલાહ ઈલ્લલાહુ વ અશ્હદુ અન્ન મુહમ્મદ ન્ અબ્દુહુ વરસૂલુહુ, અલ્લાહુમ્મ સલ્લી અલા મુહમ્મદિવં વ અલા આલી મુહમ્મદ કમા સલ્લય્તા આલા ઈબ્રાહીમ વ અલા આલી ઈબ્રાહીમ, ઈન્નક હમીદુમ્ મજીદ, અલ્લાહુમ્મ બારિક અલા મુહમ્મદિવં વ અલા આલી મુહમ્મદ કમા બારક્તા આલા ઈબ્રાહીમ વ અલા આલી ઈબ્રાહીમ, ઈન્નક હમીદુમ્ મજીદ) "દરેક અદબ અને ઇઝઝતનો માલિક ફક્ત અલ્લાહ તઆલા જ છે, દરેક પ્રકારની દુઆઓ અને પાક શબ્દો ફક્ત તેના માટે જ છે, હે નબી તમારા પર અલ્લાહ ની રહમતો, બરકતો અને સલામતી ઉતરે, અમારા પર પણ સલામતી ઉતરે અને અલ્લાહ ના નેક બંદાઓ પર, હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ સાચો મઅબૂદ નથી, અને હું ગવાહી આપું છું કે મુહમ્મદ ﷺ તેના બંદા અને રસૂલ છે, હે અલ્લાહ ! તું મુહમ્મદ અને મુહમ્મદ ના ઘરવાળાઓ પર રહમત ઉતાર, જે રીતે તે ઈબ્રાહિમ અને

**તેમના ઘરવાળાઓ પર ઉતારી, તું વખાણને લાયક અને પ્રતિષ્ઠિત છે, હે અલ્લાહ ! તું મુહમ્મદ અને મુહમ્મદ ના ઘરવાળાઓ પર બરકત ઉતાર, જે રીતે તે ઈબ્રાહિમ અને તેમના ઘરવાળાઓ પર ઉતારી, તું વખાણને લાયક અને પ્રતિષ્ઠિત છે" પછી જમણી બાજુ અને ડાબી બાજુ (અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહ) કહી સલામ ફેરવી દે, એ રીતે ફજરની નમાઝ થઈ ગઈ.**

### ૨- ઝોહર, અસર અને ઈશાની નમાઝ:

ઝોહર, અસર અને ઈશાની ચાર રકઅત છે, જેમાં પહેલી બે રકઅત ફજરની બે રકઅત જેમ જ પઢવામાં આવશે, પરંતુ તશહહુદ પછી સલામ ફેરવવાના બદલે અલ્લાહુ અકબર કહી ઉભા થઈ જાઓ, અને પહેલી બે રકઅતની જેમ જ બીજી બે રકઅત પઢો, પછી તશહહુદ માટે બેસવું જોઈએ, તશહહુદ અને આપ ﷺ પર દરુદ મોકલવું અને દુઆ કરી બન્ને તરફ સલામ ફેરવી દો, જેવું કે ફજરની નમાઝમા સલામ ફેરવ્યું હતું.

### ૩- મગરિબની નમાઝ:

મગરિબની નમાઝ ત્રણ રકઅત છે, જેમાં પહેલી બે રકઅત ફજરની પહેલી બે રકઅતની જેમ જ પઢવી જોઈએ, અને બીજી રકઅતમા તશહ્હુદ પછી અલ્લાહુ અકબર કહી ઉભા થઈ જાઓ, અને ત્રીજી રકઅત ઝોહર, અસર અને ઈશાની છેલ્લી બે રકઅતની જેમ જ પઢવી, પછી રુકૂઅ અને સિજદો કરી બીજા તશહ્હુદમાં બેસી જાઓ, અને તશહ્હુદ, દરૂદ અને દુઆ કરી બન્ને તરફ સલામ ફેરવી દેવું જોઈએ, નમાઝ માટે બહેતર એ છે કે રુકૂઅ અને સિજદામાં જે તસ્બીહ પઢવામાં આવે છે તેને વારંવાર પઢવી જોઈએ.

પુરુષો માટે જરૂરી છે કે તેઓ નમાઝના સમયે મસ્જિદમાં આવી પાંચ વખતની નમાઝ જમાઅત સાથે પઢે, તેમની ઈમામત તે વ્યક્તિ કરે, જે તેમના માંથી કુરઆન સૌથી સારું પઢતો હોય, અને નમાઝની બાબતો વિશે વધુ ઈલ્મ ધરાવતો હોય અને સૌથી વધારે દીનદાર હોય, ઈમામ ફજર, મગરીબ અને ઈશાની પહેલી બે

રકઅતોમાં  રુકૂઅ પહેલા ઊંચા અવાજે તિલાવત કરશે, અને તેમની પાછળ નમાઝ પઢનાર તેમની તિલાવત સાંભળે.

સ્ત્રીઓ પોત પોતાના ઘરોમાં પરદાનો બંદોબસ્ત કરી નમાઝ પઢશે, ચહેરા સિવાય બધું જ એટલે સુધી કે હાથ અને પગને પણ ઢાંકીને રાખે,  કારણકે સ્ત્રીનું સંપૂર્ણ શરીર પરદો છે, સ્ત્રીઓ પુરુષથી દૂર ઉભી રહી નમાઝ પઢે, કારણકે તેમના દ્વારા ફિતનાનો ખતરો હોય છે, જ્યારે કોઈ સ્ત્રી મસ્જિદમાં આવી જમાઅત સાથે નમાઝ પઢવા ઈચ્છે તો તેને એક શરત પર પરવાનગી આપવામાં આવશે કે તે સંપૂર્ણ પરદા અને સુગંધનાં ઉપયોગ વગર મસ્જિદમાં જાય, અને તેની સફ પુરુષોની સફથી પાછળ હીજાબમાં હોવી જોઈએ, જેથી તેમના દ્વારા બીજું કોઈ ફિતનામાં ન પડે અને તેઓ પોતે પણ ફિતના થી બચી શકે.

નમાઝ પઢનાર માટે જરૂરી છે કે તે પોતાની નમાઝ અત્યંત દિલ લગાવી અને ખુશૂઅ ખુઝૂઅ સાથે પઢે, અને દરેક રુકન ઉદાહરણ તરીકે રુકૂઅ, કિયામ, સિજદો, શાંતિપૂર્વક અદા કરે, નમાઝમાં વ્યર્થ કાર્યો ન કરવા જોઈએ, નજર આકાશ તરફ ન ઉઠાવવી જોઈએ, અને ન તો કુરઆન સિવાય કોઈ શબ્દો પોતાની જબાન વડે પઢવા જોઈએ, અને સુન્નતથી સાબિત દુઆઓ અને ઝિકર નમાઝમાં નક્કી કરેલ જગ્યાએ [1] અદા કરવા જોઈએ, કારણકે અલ્લાહ  તઆલા એ નમાઝનો આદેશ પોતાના ઝિકર માટે આપ્યો છે.

**જુમુઅહ ની નમાઝનો તરીકો**: જુમઆના દિવસે દરેક મુસલમાન બે રકઅત નમાઝ પઢે, જેમાં ઈમામ બુલંદ અવાજે તિલાવત કરશે, જેવી રીતે ફજરની નમાઝમા પઢવામાં આવે છે, અને નમાઝ પહેલા બે ખૂતબા આપે, જેમાં મુસલમાનોને નસીહત કરે, અને તેમને ઈસ્લામની શિક્ષાઓ શીખડાવવી જોઈએ, મુસલમાન પુરુષો માટે ઈમામ

[1] સીવાય એ કે તે કોઈને ચેતવવા અથવા જવાબ આપવા માંગતો હોય તો તેને  કહેવું જોઈએ (સુબહાનલ્લાહ)જો ઈમામ થી કોઇ ભૂલ થઈ જાય અથવા કોઈ ને કોઈ ખાસ સમય ચેતવવું હોય તો આ કહેશે, અને સ્ત્રી સુબહાનલ્લાહ નહિ કહેશે તેવી ફક્ત તાળી પાડશે.

સાથે જુમુઅહ ની નમાઝમાં હાજરી જરૂરી છે, જુમઅહ ની આ નમાઝ જુમઅહ ના દિવસે ઝોહરની નમાઝ બરાબર ગણાશે.

***

## ઇસ્લામના અરકાનો માથી ત્રીજો રુકન (ઝકાત)

અલ્લાહ તઆલા એ દરેક વ્યક્તિ જેમનો માલ નિસાબ સુધી પહોંચ્યો હોય [1], ઝકાત આપવાનો આદેશ આપ્યો છે, જે વર્ષમા એકવાર નિકાળવામાં આવશે, અને ગરીબો તેમજ હકદારને આપવામાં આવશે, જેની સ્પષ્ટતા કુરઆન મજીદે કરી છે.

**સોનું, ચાંદી અને વેપારનો માલનો નિસાબ**: જ્યારે કોઈ વ્યક્તિ પાસે સાડા સાત તોલું સોનુ, અથવા સાડા બાવન તોલુ ચાંદી અથવા તેના જેવું કોઈ પણ પ્રકારનું ચલણ, અથવા વેપારનો સામાન હોય, અને તે નિસાબ સુધી પહોંચી જાય તો તેના પર એક વર્ષ પસાર થઈ જવા પર ઝકાત છે, અથવા તેણે સંપૂર્ણ માલ માંથી ચાળીસમો ભાગ (અઢી ટકા) નિકાળવા જરૂરી છે.

**ફળ અને અનાજનો નિસાબ:** ફળ અને અનાજ ત્રણસો સાઅ (એક માપણું) સુધી પહોંચી જાય તો તેમાં ઝકાત કાઢવી જરૂરી છે, જ્યારે આ ખેતી કોઈ મહેનત અને તકલીફ વગર ઉપજે તો, તેના પર દસ ટકા ઝકાત કાઢવી ફર્ઝ છે, અને જો મહેનત અને તકલીફ તેમજ ખેડી અને સિંચાઈ વડે અનાજ ઉગાવવામાં આવે તો તેના પર પાંચ ટકા ઝકાત કાઢવી જરૂરી છે.

[1] નિસાબ: અર્થાત તે રકમ જ્યાં સુધી પૈસા/સંપત્તિ પહોંચી જાય તો ઝકાત ફરજિયાત થઇ જાય છે

ફળો અને ખેતી પર ઝકાત દરેક ઉપજ વખતે છે, વર્ષમાં બે અથવા ત્રણ વખત ઉપજ આવતી હોય તો દરેક વખત ઝકાત કાઢવી જરૂરી છે.

**જાનવરોનો નિસાબ:** ઊંટ, બકરી ગાય વગેરેનો નિસાબનું વર્ણન પણ ફીકહની કિતાબોમાં વર્ણન થયું છે, ત્યાં જરૂરત વખતે વાંચન કરી શકો છો, અલ્લાહ તઆલા કહે છે: (તેઓને ફક્ત એ જ આદેશ આપવામાં આવ્યો હતો કે તેઓ ફક્ત અલ્લાહ ની જ ઈબાદત કરે અને અને દીનને નિખાલસતા સાથે અપનાવે, (માત્ર અલ્લાહ માટે) નમાઝ કાયમ કરતા રહે, ઝકાત આપતા રહે, આ જ સાચો દીન છે.) [અલ્ બય્યિનહ: ૫]

**ઝકાતના ફાયદા:** ઝકાતનો માલ કાઢવાથી ફકીર અને લાચારોની મદદ થાય છે, અને તેમની જરૂરત પુરી થાય છે, અને તેમની અને માલદારો વચ્ચે ભાઈચારો અને મુહબ્બત કાયમ થાય છે.

ઈસ્લામે સામાજિક મદદ અને મુસલમાનો વચ્ચે માલની મદદ અને ફકીર અને લાચારની જવાબદારી ફક્ત ઝકાતના માલમાં જ સીમિત નથી કરી, પરંતુ દુકાળ ના સમયે માલદારો માટે ગરીબોની મદદ કરવી જરૂરી છે, **અને હરામ છે કે કોઈ વ્યક્તિ પેટ ભરીને સૂઈ જાય અને તેનો પડોશી ભૂખ્યો હોય**, એવી જ રીતે મુસલમાનો પર અલ્લાહ તઆલા એ સદકએ ફિતર વાજિબ કર્યો છે, જેને તે ઈદના દિવસે શહેરમાં ઉપયોગી ખોરાકમાંથી એક સાઅ દરેક વ્યક્તિ, એટલે સુધી કે બાળક તરફથી પણ નીકાળવું પડશે, અને ગુલામનો ફીત્રો તેના માલિક પર છે, એવી જ રીતે અલ્લાહ તઆલા એ કસમનો કફ્ફારો (પ્રાયશ્ચિત) [1] પણ વાજિબ કરેલ છે, જ્યારે કોઈ વ્યક્તિ કસમ ખાઈ તેને પુરી ન કરે, શરીઅત મુજબ માનવામાં આવેલ નઝર પણ પુરી કરવાનો આદેશ આપ્યો છે, એવી જ રીતે નફીલ સદકો કરવા પર લોકોને પ્રોત્સાહિત કર્યા છે, અને ભલાઈના કામોમાં ખર્ચ કરનાર માટે ઉત્તમ બદલાનું વચન આપ્યું છે, અને એ વચન આપ્યું છે કે તેમને તેમનું

[1] કસમ તોડવા નું કફ્ફારો (પ્રાયશ્ચિત): માણસ પાસે એક ગુલામ મુક્ત કરવા, દસ ગરીબોને ખવડાવવા અથવા તેમને વસ્ત્રો પહેરાવવાનો વિકલ્પ છે, જો તે ન મળે તો તે ત્રણ દિવસ રોજા રાખશે.

વળતર કઈ બમણું કરીને આપશે, એક નેકીનો બદલો દસ થી લઈ સાતસો ગણો અને તેનાથી પણ વધારે આપે છે.

***

## ઇસ્લામનો ચોથો રુકન (રોઝો)

તે રમઝાન માસના રોઝા છે, રમઝાન હિજરીસન નો નવમો મહિનો છે

### રોઝા રાખવાનો તરીકો:

મુસલમાન પરોઢ સવાર પહેલા સહેરી ખાઈ રોઝા રાખવાની નિયત કરી લે, અને પછી સૂર્યાસ્ત સુધી ખાધા પીધા અને સમાગમ કરવાથી થોભી જાય, અને પછી સૂર્યાસ્ત પછી ઈફ્તારી કરે,અલ્લાહ ની ઈબાદત અને પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે આખો મહિનો રોઝા રાખવા જોઈએ.

### રોઝા રાખવાના ઘણા ફાયદા છે, જેમાંથી કેટલાક નીચે પ્રમાણે છે:

- આ અલ્લાહ ની ઈબાદત અને તેના આદેશનું પાલન કરવું છે, બંદો ફક્ત અલ્લાહ માટે ખાવા પીવા અને પોતાની ઈચ્છાઓને છોડી દે છે, અને આવું કરવું તકવા માટે ખૂબ જ જરૂરી છે.

- એવી જ રીતે રોઝા રાખવાથી ઘણા સામાજિક, શારીરિક ફાયદા છે, જેનો અંદાજો ફક્ત તે જ કરી શકે છે, જે સાચા દિલ અને ઈમાન સાથે રોઝો રાખે. અલ્લાહ તઆલા કહે છે: (હે ઈમાનવાળાઓ ! તમારા પર રોઝા રાખવા જરૂરી કરી દેવામાં આવ્યા છે, જેવી રીતે તમારા પહેલાના લોકો પર જરૂરી કરી દેવામાં આવ્યા હતા, જેથી તમે ડરવાવાળા બની જાઓ. (૧૮૩) (આ રોઝાના) ગણતરીના થોડાક જ દિવસ હોય છે, જો તમારા માંથી કોઈ વ્યક્તિ બિમાર હોય અથવા સફરમાં હોય તો તે બીજા દિવસોમાં ગણતરી પુરી કરી લે અને જે વ્યક્તિ રોઝા રાખવાની શક્તિ ધરાવતો હોય,

છતાં પણ રોઝો ન રાખે તો તેના માટે ફિદયહમાં એક લાચારને ખવડાવવુ છે, અને જો ભલાઈ કરવામાં વધારો કરે, તો તે તેના માટે બહેતર છે, પરંતુ તમારા માટે ઉત્તમ કાર્ય રોઝા રાખવા જ છે, જો તમે જાણતા હોય. (૧૮૪) રમઝાન તે મહિનો છે, જેમાં કુરઆન ઉતારવામાં આવ્યું છે, જે લોકો માટે હિદાયત છે, અને તેમાં હિદાયત તેમજ સત્ય અને અસત્ય વાતની વચ્ચે તફાવત માટેની નિશાનીઓ છે, તમારા માંથી જે વ્યક્તિ આ મહિનો મેળવી લે, તેના માટે મહિનાના સંપૂર્ણ રોઝા રાખવા જરૂરી છે, હાઁ જે બિમાર હોય અથવા મુસાફર હોય તેણે બીજા દિવસોમાં આ ગણતરી પુરી કરી લેવી જોઈએ, (કારણકે) અલ્લાહ તઆલા તમારી સાથે સરળતા ઈચ્છે છે, કઠિનાઈ નહી, તે ઈચ્છે છે કે તમે ગણતરી પુરી કરી લો અને અલ્લાહ તઆલા એ આપેલા માર્ગદર્શન પર તેની પ્રસન્નતાનું વર્ણન કરો અને તેનો આભાર માનો. (૧૮૫)) [અલ્ બકરહ: ૧૮૩-૧૮૫]

**રોઝાના તે મસ્અલા મસાઈલ જેને અલ્લાહ તઆલા એ કુરઆનમાં અથવા રસૂલ ﷺ એ પોતાની હદીષોમાં વર્ણન કર્યા છે, તેમાંથી કેટલાક નીચે પ્રમાણે છે.**

૧- જે વ્યક્તિ બીમાર હોય કે મુસાફર હોય તે જો રમઝાનના રોઝા ન રાખે તો છૂટ છે, પરંતુ રમઝાન પછી બીજા મહિનાઓમાં તેની કઝા કરવી જરૂરી છે, એવી જ રીતે હૈઝ અને નિફાસ વાળી સ્ત્રી માટે રોઝા રાખવા યોગ્ય નથી, પરંતુ પાક થઈ ગયા પછી તેની કઝા વાજીબ છે.

૨- એવી જ રીતે ગર્ભવતી અથવા દૂધ પીવડાવનાર સ્ત્રી જ્યારે પોતાના માટે અથવા પોતાના બાળક માટે કોઈ નુકસાન થવાનો ભય હોય તો તે પણ રોઝા છોડી શકે છે, પરંતુ અન્ય મહિનાઓમાં તે આ ગણતરી પુરી કરી લેશે.

૩- જો કોઈ રોજદાર ભૂલથી ખાઈ પી લે પછી તેને યાદ આવે તો તેનો રોઝો સહીહ ગણાશે, કારણકે અલ્લાહ તઆલા એ આ ઉમ્મત માટે ભૂલ ચૂક અને જબરદસ્તી કરવામાં આવેલ ગુનાહને માફ કરી દીધા છે, જો કે ખાતા ખાતા યાદ આવે તો મોઢામાં જે વસ્તુ હોય તેને પણ બહાર ફેંકી દે.

***

# ઇસ્લામનો પાંચમો રુકન (હજ)

જ઼ીવનમાં એકવાર બૈતુલ્લાહનો સફ્ર કરવો છે, તે સિવાય જેટલી વાર કરશો તે નફીલ ગણવામાં આવશે, હજના ઘણા ફાયદા છે:

**એક**: એ કે હજ અલ્લાહ  માટે આત્મા, શરીર અને માલ દ્વારા થતી ઈબાદત છે.

**બીજું**: આખી દુનિયાના મુસલમાનોનું એક ભવ્ય જૂથ જોવા મળે છે, જેઓ એક જગ્યાએ અને એક જ જેવા પોશાકમા અને એક અલ્લાહ ની ઈબાદત માટે ભેગા થાય છે, જ્યાં અમીર અને ગરીબ, બાદશાહ અને ફકીર, કાળા અને સફેદનો તફાવત ખતમ કરી ભાઈ ભાઈ બનીને રહે છે, અને દરેક અલ્લાહ ની બંદગી કરતા નજર આવે છે, જ્યાં અલગ અલગ શહેરો અને દેશોથી આવેલ લોકોમાં મુલાકાત અને ઓળખાણ થતી હોય છે ,એક બીજાની રીત જાણે છે, પછી એક બીજા પ્રત્યે મદદ કરવાનો ઉત્સાહ પેદા થાય છે, એવી જ રીતે આ ભવ્ય માહોલ મહેશરના મેદાનની યાદ અપાવે છે, જ્યાં દરેક લોકોને અલ્લાહ  હિસાબ અને કિતાબ માટે ભેગા કરશે, બસ તેઓ અલ્લાહ  તઆલા નું અનુસરણ કરી મૃત્યુ પછીના જીવન માટે તૈયારી કરે છે.

કઅબા નો તવાફ કરી, જે મુસલમાનોનો કિબ્લો છે, જેની તરફ મોઢું કરી પાંચ વખતની નમાઝ પઢવાનો આદેશ આપ્યો છે, ભલેને તેઓ જ્યાં પણ હોય, અને એવી જ રીતે અરફાતમા કિયામ, અને મુઝદલિફા અને મીનામાં રોકાણનો હેતુ પણ એ જ કે અલ્લાહ એ દર્શાવેલ ઈબાદતના તરીકા પ્રમાણે ઈબાદત થવી જોઈએ, જે પ્રમાણે તેણે આપણને આદેશ આપ્યો છે.

તેનાથી કઅબતુલ્લાહ અથવા પવિત્ર જગ્યાઓની ઈબાદત કરવી નહીં ગણાય, કેમ કે ન તો તેમની ઈબાદત કરવામાં આવે છે અને ન તો તેમની અંદર ફાયદો અને નુકસાન પહોંચાડવાની ક્ષમતા છે, આપણે બધા તે એક અલ્લાહ ની ઈબાદત કરીએ છીએ જે એકલો ફાયદો અને નુકસાન પહોંચાડવાની શક્તિ ધરાવે છે, જો અલ્લાહ તઆલા એ અલ્લાહ ના ઘરનો  હજ કરવા અને કઅબતુલ્લાહના તવાફનો આદેશ ન આપ્યો હોત તો કોઈ મુસલમાન માટે ત્યાં તવાફ કરવું અને ત્યાં સફર કરી જવું, યોગ્ય ન

ગણાત, કારણકે ઈબાદત પોતાની ઈચ્છા અને મંતવ્ય પ્રમાણે કરવામાં નથી આવતી, ફક્ત અલ્લાહ ના આદેશ મુજબ જ હોય છે, જે કુરઆન મજીદમાં વર્ણન કરવામાં આવી છે અથવા આપ ﷺ ની સુન્નતમાં વર્ણન કરવામાં આવી હોય, અલ્લાહ તઆલા કહે છે: (અને લોકો પર અલ્લાહ તઆલા નો હક એ છે કે જે વ્યક્તિ તેના ઘર સુધી પહોંચી શકતો હોય તે આ ઘરનો હજ કરે, અને જે કોઈ આ આદેશનો ઈન્કાર કરશે (તે સારી રીતે સમજી લે) કે અલ્લાહ તઆલા સમગ્ર સૃષ્ટિથી બેનિયાઝ છે). [આલિ ઈમરાન: ૯૭] [1].

એવી જ રીતે ઉમરહ દરેક સક્ષમ વ્યક્તિ માટે જીવનમાં એક વાર કરવું જરૂરી છે, ભલેને તે હજના સમયે કરે અથવા કોઈ પણ સમયમાં કરે, મદીનહ માં મસ્જિદે નબવીની ઝિયારત હજ સાથે અથવા કોઈપણ સમયે કરવી વાજિબ નથી, જો કે એક મુસલમાન માટે મુસ્તહબ અને સવાબને પાત્ર કાર્ય છે અને જો ઝિયારત ન કરે તો કોઈ પણ પ્રકારનો ગુનોહ અને પકડ નથી, અને જ્યાં સુધી એવી હદીષ જે લોકોમાં વિખ્યાત છે કે જેણે હજ કર્યું અને મારી ઝિયારત ન કરી તેણે મારા પર જુલમ કર્યો [2], તો આ સાચી હદીષ નથી, પરંતુ આ હદીષ તો મવ્ઝૂઅ (ઘડી કાઢેલી) હદીષ છે. જે આપ ﷺ તરફ ખોટી રીતે વર્ણવેલ છે. [૩૪].

---

[1] અને અજ્ઞાની લોકો નું હજ જો તે વલીઓ ની કબર અને દર્ગાહો પર જઈ ને કરે છે તો તે અલ્લાહ અને તેના પયગંબર ના આદેશો નું ઉલંઘન છે.પયગંબર ﷺ નું આદેશ છે: "ઈબાદત ના ઈરાદે ત્રણ મસ્જિદો સીવાય મુસાફરી કરવી માન્ય નથી: પવિત્ર મસ્જિદ (કાબા), અને આ મારી મસ્જિદ, અને મસ્જિદે અક્સા" બુખારી:1189, મુસ્લિમ:1397

[2] એમજ કઈ એક બનાવટી હદીષો છે જો કે હદીષ ની માન્ય પુસ્તકો માં જોવા મળતી નથી, આવી હદીષો ગુમરાહ લોકો ની પુસ્તકો માં જોવા મળે છે જેવો બહુદેવવાદ અને પાખંડ તરફ બુલાવે છે. ઉદાહરણ તરીકે આ હદીષો: "મારા પદ દ્વારા દુઆ કરો, કારણ કે મારો પદ અલ્લાહ ની નજીક વિશાળ છે" અને: "જો કોઈ પત્થર સાથે (પણ) સદ્ભાવના રાખશે તો તેને લાભ આપશે".

જો કે તે સફર માટે પરવાનગી આપવામાં આવી છે, જે મસ્જિદે નબવીની ઝિયારત માટે કરવામાં આવે, અને જ્યારે કોઈ મસ્જિદે નબવી પહોંચી જાય બે રકઅત તહય્યતુલ્ મસ્જિદ પઢી ફારીગ થઈ જાય, તો તેના માટે શરીઅતે પરવાનગી આપી છે કે તે આપ ﷺ ની પવિત્ર કબર પર હાજર થઈ આ પ્રમાણે સલામ પઢે, "અસ્સલામુ અલયકુમ યા રસૂલુલ્લાહ" તે સમય અદબ અને દરજ્જાનું ખૂબ માન રાખવું જોઈએ, અવાજ નિચો રાખે, અને આપ ﷺ થી કોઈ સવાલ અને વાત ન કરવી જોઈએ, પરંતુ સલામ કરી અને ત્યાંથી બહાર આવી જાય, આ પ્રમાણે જ ઉમ્મત ને આપ ﷺ એ આદેશ આપ્યો છે અને સહાબાઓએ કરીને બતાવ્યું છે.

જે લોકો આપ ﷺ ની કબર પર નમાઝની જેમ ખુશૂઅ અને ખુઝૂઅ સાથે ઉભા રહી પોતાની જરૂરિયાત પૂરી કરવાની વિનંતી કરતા હોય છે, અથવા આપ ﷺ ને ફરિયાદ કરતા હોય છે, અથવા અલ્લાહ પાસે તેમને વાસતો સમજી ઉભા રહે છે, તો તેઓ અલ્લાહ તઆલા સાથે શિર્ક કરી રહ્યા છે, આપ ﷺ તેમનાથી અળગા છે, મુસલમાનોએ આ પ્રમાણેના કાર્યોથી ભલેને આપ ﷺ સાથે કરવામાં આવે અથવા કોઈ અન્ય વ્યક્તિ સાથે કરવામાં આવે, બચવુ જોઈએ, ત્યારબાદ અબૂ બકર અને ઉમર રઝિયાલ્લહુ અંહુ ની કબરોની શરીઅત પ્રમાણે તેમની ઝિયારત કરવી જોઈએ, ત્યાં પહોંચી સલામ કરે અને તેમના માટે માફીની દુઆ કરે, અને મૃત્યુ ને યાદ કરે અને પાછો આવી જાય.

### હજ અને ઉમરહનો તરીકો:

સૌ પ્રથમ તો હાજી હલાલ માલનો બંદોબસ્ત કરે, અને હરામ માલથી બચે, કારણકે હરામ માલથી કરવામાં આવેલ હજ અને દુઆ રદ કરવામાં આવે છે, અને આપ ﷺ ની એક હદીષ વર્ણન કરવામાં આવી છે: (તે દરેક માસ જેનો ઉછેર હરામ માલથી

થયો હોય, તે જહન્નમ માં જવાનો વધુ હક ધરાવે છે) [1]. હજ માટે એવા દોસ્તોને પસંદ કરવા જોઇએ જેમનો અકીદો સહીહ હોય અને ઈમાનવાળાઓ હોય.

## અલ્ મવાકીત (મીકાત)

જ્યારે હાજી ગાડી અથવા અન્ય સવારી દ્વારા મીકાત સુધી પહોંચી જાય તો ત્યાંથી એહરામ બાંધી લે, જો વિમાનમાં હોય તો મીકાતની નજીક પહોંચતા જ એહરામ બાંધી લે, અને મિકાત ની હદ ન વટાવે, મિકાત: મક્કહ શહેરમાં બહારથી આવનારા દરેક હાજીઓ માટે આપ ﷺ એ જે એહરામ બાંધવાની જગ્યાઓ વર્ણન કરી છે, તે પાંચ છે, અને તે નીચે મુજબ છે:

૧- ઝુલ્ હુલૈફા: આ મદીના શહેર અથવા તે માર્ગથી આવનારા લોકો માટે મીકાત છે, તેને અબયારે અલી પણ કહે છે.

૨- જુહફહ: આ શામ શહેર અથવા મિશ્ર(ઈજિપ્ત) શહેર અને પશ્ચિમ દિશા તરફથી આવનાર હાજીઓ માટે મીકાત છે, રાબિગ નામના શહેરથી આ જગ્યા નજીક છે.

૩- કરનુલ્ મનાઝિલ: આ નજદ શહેર અથવા તાઈફ શહેર તરફ અને તે માર્ગથી આવનાર દરેક હાજીઓની મીકાત છે, આ જગ્યા સૈલ અથવા વાદીએ મુહર્રમથી પ્રખ્યાત છે.

૪- ઝાતે ઈરક: આ ઈરાક શહેરથી અથવા તે માર્ગથી આવનાર હાજીઓ માટે મીકાત છે.

---

[1] તબરાની (ઔસત): 4480,
શોઅબુલ ઈમાન: 2/173/2, અને ઈમામ અલ્બાની રહિમહુલ્લાહ આ હદીષ ને સિલસિલા-સહીહહ્ માં સહીહ કહ્યું છે: 212/6.

૫- યલમ્લમ: યમન તરફથી આવનારાઓની મીકાત છે.

જે લોકો હજ અથવા ઉમરહની નિયત કરી આવનાર આ માર્ગ પરથી પસાર થતા હોય, તેઓ દુનિયાની કોઈ પણ જગ્યા થી આવતા હોય તેઓએ આ જગ્યા પરથી એહરામ બાંધી ને જ જવું જોઈએ. મક્કહ ના રહેવાસી અને જે લોકો મીકાતની હદમા રહેતા હોય તેઓ હજ માટે એહરામ પોતાના ઘરેથી જ બાંધીને આવે, (ઘરેથી મીકાત જઈ અહેરામ બાંધવાની જરૂર નથી)

***

## એહરામ બાંધવાનો તરીકો:

એહરામ બાંધતા પહેલા શરીરની સફાઈ કરવી, ગુસલ કરવું, અને ખુશ્બુ લગાવવી મુસ્તહબ છે, મીકાત પહોંચી એહરામ માટે કપડાં પહેરવા જોઈએ, અને વિમાનમાં  સફર કરી આવનાર વ્યક્તિ ઘરેથી જ કપડાં પહેરે પછી નિયત કરી લે અને મીકાતની નજીક પહોંચી તલ્બિયા પઢે [1] પુરુષ બે સાફ કપડાંમાં એહરામ બાંધે જે સિલાઈ કરેલા ન હોય અને પોતાના માથાને ખુલ્લું રાખે. સ્ત્રી એહરામમાં કોઈ પણ પ્રકારના કપડાં પહેરી શકે છે, તેમના માટે ખાસ કપડાં પહેરવા જરૂરી નથી, હા, શરત એ છે કે તેનો પોશાક ચોડો અને છુપાયેલો હોવો જોઈએ, એવો પોશાક ન પહેરવો જોઈએ, જેના કારણે સુંદરતા અને બે પરદગી જાહેર થતી હોય, તેમના માટે એહરામ ના સમયે બન્ને હાથોમાં મોજા પહેરવા, અથવા નકાબ દ્વારા પોતાના ચહેરો છુપાવવો યોગ્ય નથી, જો કે કોઈ ગેર મહરમ સામે આવી જાય તો ચહેરા પર કોઈ કપડું લટકાવી લે, અથવા કોઈ બીજી વસ્તુથી મોઢું છુપાવી લે, જેવું કે આપ ﷺ ની પવિત્ર પત્નીઓ જ્યારે તેમની સામેથી કોઈ કાફલો પસાર થતો, તો માથા પરથી પોતાની ચાદરો ચેહરા પર લટકાવી દેતા હતા.

---

[1] તલબિયા: અર્થાત "લબ્બઈક હજજન" અથવા  "લબ્બઈક ઉમરતન" પઢવું અર્થાત "હે મારા રબ હુ હાજર છું હજ/ઉમરહ માટે".

ત્યારબાદ હાજીએ એહરામનો લિબાસ પહેર્યા પછી પોતાના દિલમાં ઉમરાહની નિયત કરવી જોઈએ અને ફરી તલ્બિયહ કહેવું જોઈએ, અને "અલ્લાહુમ્મહ લબૈક ઉમરતન્" : 'હે અલ્લાહ હું ઉમરહ માટે હાજર છું', કહી તલ્બિયહ કહેવું જોઈએ, અને ઉમરહને હજ સાથે ભેગું કરી મુતમત્તિઅ [1] બની જાય. અને હજજે તમત્તુઅ જ બહેતર છે, કારણકે રસૂલ ﷺ એ સહાબાઓને આ પ્રમાણે હજ કરવાનો આદેશ આપ્યો હતો, અને જે વ્યક્તિએ આ આદેશના પાલન કરવામાં સંકોચ અનુભવ્યો તો આપ તેનાથી નારાજ થઈ ગયા હતા, જો કે જેની પાસે હદ્ય [2] માટે જાનવર હોય; તે કિરાન ના એહરામમાં બાકી રહેશે, જેવું કે આપ ﷺ એ કર્યું હતું. કારિન: તે વ્યક્તિ છે, જે હજ અને ઉમરાહ માટે એક સાથે એહરામ બાંધે, અને તલ્બિયહમા "અલ્લાહુમ્મ લબ્બૈક ઉમરતન્ વ હજજન્": 'હે અલ્લાહ હું હજ અને ઉમરહ કરવા માટે હાજર છું', કહેવું જોઈએ, કારિન પોતાના એહરામમાં ત્યાં સુધી બાકી રહેશે, જ્યાં સુધી નહર(કુરબાની) ના દિવસે પોતાની હદ્ય(કુરબાની નું પ્રાણી) કુરબાની ન કરી લે.

અને મુફરીદ તે છે, જે ફક્ત હજ માટે નિયત કરે, અને "અલ્લાહુમ્મ લબૈક હજજન" કહે, હે અલ્લાહ ! હું હજ માટે હાજર છું, કહી તલ્બિયહ કહે.

***

---

[1] હજજે તમત્તુઅ: એટલે કે હાજી હજ ના મોસમ માં ઉમરો કરે, પછી એહરામ ખોલી દે, એના માટે તે બધી વસ્તુઓ હલાલ થઈ જાય છે જો કે એહરામ ની હાલત માં હરામ હતી, અને ઝિલ હજજ ની ૮ તારીખે તે પછી એહરામ પહેરી લે.
કારિન: એટલે કે હાજી હજ અને ઉમરા ની નિય્યત એક સાથ કરે પરંતુ કાર્યો ફક્ત હજના કરે.
મુફરિદ: જે ફક્ત હજ કરે (ઉમરો ના કરે)

[2] હદ્ય: એટલે તે પશુઓ( ઊંટ, ગાય, ઘેટાં) જેની હાજી બલી આપીને પોતે પણ ખાય છે અને તેના થી દાન અને ભેટ પણ આપે છે.

## અહેરામની સ્થિતિમાં મનાઈ કરવામાં આવેલી વસ્તુઓ:

અહેરામની સ્થિતિમાં નીચે વર્ણવેલ દરેક વસ્તુઓ હરામ છે:

૧- સમાગમ અને તેને સંબંધિત દરેક કામ, ઉદાહરણ તરીકે બોસો લેવો, **વાસના સાથે** સ્પર્શ કરવું, અશ્લીલ વાતો કરવી, એવી જ રીતે લગ્ન કરવા, તેમજ લગ્ન કરાવવા અને સગાઈ કરાવવી.

2- માથાના વાળ કપાવવા અથવા વાળ માંથી થોડાક પણ વાળ કાપવા.

૩- નખ કાપવા.

૪- માથું ઢાંકવું, પરંતુ છત્રી, તંબુ અથવા ગાડીની આડમા છાંયડો પ્રાપ્ત કરી શકાય છે.

૫- ખુશ્બુ લગાવવી અથવા ખુશ્બુ સૂંઘવી

૬- જમીનના જાનવરોનો શિકાર કરવો અથવા (કોઈને શિકાર) તે કરવાનું માર્ગદર્શન આપવું.

૭- પુરુષ માટે કમિસ અથવા અન્ય સિવેલું કપડું પહેરવું અને સ્ત્રીઓનું ચહેરો અને હાથ પર નકાબ અથવા સિવેલું કપડું નાખવું, પુરુષ ચપ્પલ પહેરી શકે છે, અને જો ચપ્પલ ન મળે તો મોજાનો પણ ઉપયોગ કરી શકે છે.

વર્ણવેલ વસ્તુઓ માંથી અજાણતામાં અથવા ભૂલ કરી જો કોઈ વ્યક્તિ કોઈ કામ કરી લે તો તરત જ તેને દૂર કરી દે, અને તેના પર કોઈ ફીદયો વગેરે નથી.

જ્યારે હાજી કઅબતુલ્લાહ પહોંચે તો તે સાત વખત તવાફે કુદૂમ કરે [1], શરૂઆત હજરે અસ્વદ પાસેથી તકબીર વડે કરે, અને અંત પણ ત્યાં જ કરે, તવાફ કરતી વખતે ઝિક્ર અને અન્ય દુઆઓમાં [2] વ્યસ્ત રહેવું જોઈએ, તવાફ માટે કોઈ ખાસ દુઆ નથી, અને ત્યારબાદ શક્ય હોય તો મકામે ઈબ્રાહીમ અથવા મસ્જિદે હરામમાં કોઈ પણ જગ્યાએ બે રકઅત નમાઝ પઢવી, ત્યારબાદ સફા પર્વત પર ચઢી કિબ્લા તરફ મોઢું કરે, અને તકબીર (અલ્લાહુ અકબર કહેવું) અને તહલીલ (લા ઈલાહ ઈલ્લલાહ) પઢવી જોઈએ, અને દુઆ કરવી જોઈએ, ત્યાંથી મરવહ તરફ જવું જોઈએ, ત્યાં પણ એવી જ રીતે કરવું જોઈએ જે સફા પર કર્યું હતું, આ પ્રમાણે સાત વખત સઈ કરવી જોઈએ, સફાથી મરવહ તરફ જવું એક ચક્કર થયું, અને મરવહથી સફા આવવું બીજું ચક્કર થયું, ત્યારબાદ માથાના વાળ કપાવવા જોઈએ, અને સ્ત્રી આંગળીના એક બોરખા જેટલા વાળ કપાવે, અને આવું કર્યા પછી ઉમરહ પૂરો થઈ ગયો, અને એહરામના કારણે જે વસ્તુઓ હરામ હતી હવે તે બધી વસ્તુઓ હલાલ થઈ જશે.

**સ્ત્રીઓના અંગત મસાઈલ**: જો કોઈ સ્ત્રીને અહેરામ પહેલા અથવા અહેરામ પછી હૈઝ અથવા નિફાસ આવી જાય તો તે હજજે કિરાન અર્થાત્ હજ અને ઉમરહ બન્ને ની નિય્યત કરશે, અને અન્ય હાજીઓની જેમ જ હજ અને ઉમરહ બન્નેનો તલ્બિયા પઢતી રહે, કારણકે હૈઝ અને નિફાસ અહેરામ અને અરફહ તેમજ મુઝદલિફા માં રોકાણ માટે કોઈ રોક નથી, હાં, બૈતુલ્લાહ નો તવાફ કરવાની તેના પર મનાઈ છે, જે સ્ત્રી આ પ્રમાણે હોય તો તે અન્ય હાજીઓની જેમ દરેક રુકન કરશે, ફક્ત બૈતુલ્લાહનો તવાફ પાક સાફ થયા સુધી રોકી રાખશે, અને પાક થયા પછી તેને કરશે, જો કોઈ સ્ત્રી લોકોના હજના એહરામ બાંધતા પહેલા જ પાક થઈ ગઈ તો તે ગુસલ કરી બૈતુલ્લાહનો

---

[1] એટલે મક્કહ શરીફ પહોચતા સમય નું પહેલું તવાફ

[2] સીવાય કાબા ના પશ્ચિમ દિશા ના બંને ખૂણાઓ (રૂકને શામી) વચ્ચે, તો તેના વચ્ચે આ દુઆ પઢવી જોઈએ :"રબ્બના અતિના ફિદ્દુનયા હસનહ, વ-ફિલ અખિરતી હસનહ, વ કિના અઝબન-નાર" સુરહ: (બકરહ:201)

તવાફ કરી શકશે, સઈ પણ કરશે અને પોતાના વાળ પણ કપાવશે, અને ઉમરાહ ના એહરામથી હલાલ થઈ જાય, પછી દરેક હાજીઓ સાથે એહરામ બાંધી મિના જાય, અને જો તે આઠ તારીખ સુધી હાજીઓના એહરામ બાંધવા સુધી પાક ન થઈ શકે તો તે પણ તેમની સાથે તલ્બિયા કહેતા હજજે કિરાનની નિયત કરી દરેક રુકન કરતી રહેશે, અર્થાત્ મિના જવું, અરફાત અને મુઝદલિફામા રોકાવવું, રમયે જમરાત, કુરબાની, અને માથાના વાળા કાપવા વગેરે દરેક રુકન હાજીઓ સાથે કરતી રહે, અને જ્યારે પાક થઈ જાય તો બૈતુલ્લાહનો જરૂરી તવાફ અને સફા તેમજ મરવહની સઈ કરી લે.

અને આ તવાફ અને સઈ તેના હજ અને ઉમરાહ બન્ને માટે પૂરતો ગણાશે, કારણકે આવું જ હજજતુલ્ વિદાઅના સમયે હઝરતે આયશા રઝિયાલ્લહુ અંહા સાથે થયેલ, અને તેમને આપ ﷺ એ આ જ પ્રમાણે કરવાનો આદેશ આપ્યો હતો, સાથે સાથે ઈશારો પણ કર્યો હતો કે આ તવાફ અને સઈ હજ અને ઉમરાહ બન્ને તરફથી પૂરતું છે, કારણકે હજજે કિરાન કરવાવાળા પર મુફરિદની જેમ ફક્ત એક તવાફ અને એક સઈ વાજિબ છે, અને આપ ﷺ નું ફરમાન આ વાતની દલીલ છે, એક બીજી હદીષમા છે કે: "ઉમરાહ હજમાં કયામત સુધી દાખલ થઈ ગયું છે". અલ્લાહ વધુ જાણે છે.

આઠ ઝિલ્ હિજજહએ મક્કહ શહેરમાં પોતાની રહેવાની જગ્યાએથી જ હજ માટે એહરામ બાંધી લે, જેવી રીતે કે ઉમરાહનો એહરામ બાંધી મિકાતથી મક્કાહ આવ્યા હતા, શક્ય હોય તો ગુસલ કરી લે, અને ખુશ્બુ લગાવી પછી એહરામ બાંધવુ જોઈએ, અને "અલ્લાહુમ્મ લબૈક હજજન" કહી હજ માટે નિયત કરવી જોઈએ, અને એહરામની દરેક બાબતનો ખ્યાલ કરવો જોઈએ, અને વર્ણવેલ રોકથી સંપૂર્ણ બચીને રહેવું જોઈએ, આ પાબંદી ત્યાં સુધી રહેશે જ્યારે મુઝદલિફહથી પાછા ફરતા મિના સુધી આવી દસમી તારીખે રમ્યે જમરાત અને કુરબાની અને માથાના વાળ કપાવી ફારીગ ન થઈ જાય, અને સ્ત્રી ફક્ત થોડાક જ વાળ કપાવશે.

હાજી આઠ ઝિલ્ હિજજહ ના દિવસે એહરામ બાંધી દરેક હાજીઓ સાથે મિના જાય, અને ત્યાં જ રાત પસાર કરે, ત્યાં પાંચ વખતની નમાઝ પોતાના સમયે કસર અદા કરવી, (ઝોહર, અસર, મગરિબ, ઈશા ફજર) બીજા દિવસે નવમી તારીખે સૂર્યોદય

પછી દરેક હાજીઓ સાથે નમિરહ જવું, અને ત્યાં રોકાઈ જવું, અને ત્યાં ઈમામ સાથે ઝોહર અને અસરની નમાઝ ભેગી કરી કસર કરવી, અને ઝવાલ પછી ત્યાંથી અરફાહ સુધી નીકળી કિબલા તરફ મોઢું કરી  વધુમાં વધુ ઝિક્ર અને દુઆમાં વ્યસ્ત રહેવું જોઈએ, અને જો (નમિરહથી ન જઈ) અરફાહમાં જઈ બેસી જાઓ તો પણ જાઈઝ છે, અરફાતનું મેદાન સંપૂર્ણ ઠહેરવાની જગ્યા છે.

અને હાજીએ અરફાતમા અલ્લાહ નો ઝિક્ર, દુઆ અને ઈસ્તિગ્ફારમાં વ્યસ્ત રહેવું જોઈએ, અને પર્વત તરફ મોઢું ન કરી કિબલા તરફ ફરી જવું, કારણકે પર્વત તો અરફાતનો એક ભાગ છે, ઈબાદત સમજી તેના પર ચઢવું જાઈઝ નથી, એવી જ રીતે તેના પથ્થરોને સ્પર્શ કરવું પણ જાઈઝ્ નથી, જો કે આ હરામ કરેલ બિદઅતો છે.

પછી સૂર્યાસ્ત પછી લબૈક પઢતા સંપૂર્ણ શાંતિ સાથે મુઝદલિફા તરફ જવું જોઈએ, અને ત્યાં પહોંચતા જ મગરીબ અને ઈશાની નમાઝ ઈશાના સમયે કસર સાથે પઢવી જોઈએ, ત્યારબાદ ત્યાં જ રાત પસાર  કરવી જોઈએ, અને ફજરની નમાઝ પઢી જ્યારે અજવાળું થઈ જાય તો સૂર્યોદય પહેલા અલ્લાહ નો ઝિક્ર કરતા મિના તરફ નીકળી જાય, મિના પહોંચી સૂર્યોદય પછી જમરહ ઉકબાની તરફ જવું જોઈએ, અર્થાત્ સાત કાંકરિયો એક પછી એક બહુ નાની ન હોવી જોઈએ અને ન તો ઘણી મોટી હોવી જોઈએ અને ન તો ઘણા મોટા પથ્થર હોવા જાઈએ, જો કે ચણાની જેમ હોય, ચપ્પલ વેગેરે જમરાત પર મારવા જાઈઝ નથી, આ વ્યર્થ અને શેતાની અમલ છે, રસૂલ ﷺ ની સુન્નતનું અનુસરણ અને અલ્લાહ  તેમજ રસૂલ ની અવજ્ઞાથી બચતા શેતાનને સૌથી વધારે અપમાનિત કરી દે એવી વસ્તુ છે.

રમીએ જમરાત થી ફારીગ થઈ હાજી કુરબાની કરશે, પછી પોતાના માથાના વાળ કપાવવા જોઈએ, અને સ્ત્રીઓ થોડાક જ વાળ કપાવશે, જો પુરુષ પણ થોડા વાળ કાપે તો જાઈઝ છે, પરંતુ સંપૂર્ણ વાળ કાઢી નાખવા બહેતર છે, પછી પોતાના કપડાં પહેરી લે હવે એહરામના દરેક પ્રતિબંધો ખતમ થઈ જશે, અને ફક્ત સ્ત્રી સિવાય દરેક વસ્તુ હલાલ થઈ જશે, પછી મક્કા જઈ અને તવાફે ઈફાઝા અને ત્યારબાદ સઈ કરવી જોઈએ, અને પછી સ્ત્રી પણ હલાલ થઈ જશે, પછી તવાફે ઈફાઝાથી ફારીગ થઈ ગયા પછી મિના તરફ પાછા આવી જાય, અને અગિયાર, બાર અને તેર તારીખની રાતો ત્યાં

જ પસાર કરે, જો કોઈ ફક્ત બે જ રાતો ત્યાં પસાર કરી આવી જાય, તો પણ જાઈઝ છે, તે દિવસોમાં ઝવાલ પછી ત્રણેય જમરાતને કાંકરિયો મારવી, શરૂઆત પહેલા જમરાહ થી કરવી જોઈએ, જે મિના સાથે ભેગું છે, પછી બીજા ને, અને પછી જમરહ ઉકબાને, દરેક જમરાતને સાત કાંકરીઓ મારવી જોઈએ, દરેક કાંકરીઓ મારતી વખતે અલ્લાહુ અકબર કહેવું જોઈએ, અને કાંકરીઓ મિનામાં પોતાની જગ્યા પર થી લઈને જવું. જે કોઈને મિનામાં જગ્યા ન મળે તો ત્યાં તંબુ ખત્મ થાય છે, ત્યાં જ રોકાઈ જવું.

જો મિનામા ફકત બે જ દિવસ રોકાઈ પોતાના શહેર તરફ પાછા ફરવાનો ઈરાદો હોય તો એવું કરી શકાય છે, પરંતુ બહેતર એ છે કે ત્રીજી રાત પણ મિનામાં જ પસાર કરે, અને ઝવાલ પછી **રમી** કરવી જોઈએ, જ્યારે પોતાના ઘર તરફ પાછા ફરવા ઈચ્છતા હોય તો તવાફે વિદાઅ કરવું જોઈએ, અને તરત જ રવાના થઈ જવું જોઈએ, તવાફે હજ્જ અથવા સઈ કર્યા પછી જો સ્ત્રીને હૈઝ અથવા નિફાસ આવી ગયું તો તે તવાફે વિદાઅ છોડી શકે છે, અને તેના પર તે તવાફ જરૂરી નથી.

જો કોઈ હાજી કુરબાનીને અગિયાર, બાર અથવા તેર સુધી પણ કરે, તો આવું કરવું પણ જાઈઝ છે, એવી જ રીતે કોઈ તવાફે ઈફાઝા અને સઈને મિનાથી પાછા ફરીને કરવા ઈચ્છે તો એ પણ જાઈઝ છે, પરંતુ બહેતર દસમી તારીખે કરવી છે.

અને અલ્લાહ જ સૌથી વધારે જાણે છે , દરુદ અને સલામતી હોય મુહમ્મદ પર અને તેમની સંતાન પર.

## ઈમાન

અલ્લાહ તઆલા એ મુસલમાનો માટે અલ્લાહ અને તેના રસૂલ અને અરકાને ઈસ્લામ પર ઈમાન સાથે સાથે ફરિશ્તાઓ [1] અને આકાશીય કિતાબો [2] ઉપર પણ ઈમાન લાવવું જરૂરી કર્યું છે, જે કિતાબોને અલ્લાહ તઆલા એ પોતાના પયગંબર પર ઉતારી, જેની શ્રૃંખલાની અંતિમ કિતાબ કુરઆન મજીદ છે, જે દરેક આકાશીય કિતાબોની નાસિખ (રદ કરી દેનારી) છે અને અલ્લાહ તઆલા એ તે કિતાબને પહેલા

---

[1] ફરિશ્તા: અલ્લાહ તલાએ નૂર થી બનાવ્યું છે, અને તે ઘણા બધા છે જેણી ગણતરી અલ્લાહ સીવાય કોઇ નથી કરી શકતો, અમુક ફરિશ્તાઓ આકાશ માં અને અમૂક પૃથ્વી પર રહે છે.

[2] મુસલમાન માને છે કે અલ્લાહ તાલાએ તેના પયગંબર પર જે પુસ્તકો મોકલ્યા છે તે સત્ય છે, અને તેમાંથી કુરઆન સિવાય કોઈ બચ્યું નથી,પરંતુ તોરાત અને ઇંજીલ,જે યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પાસે છે, તે તેમનાજ દ્વારા લખવામાં આવી છે, એનુ પુરાવો એમા જોવા મળતા મતભેદો છે. ઉદહારણ તરીકે તેમની આ કહેવતો: કે ઈશ્વર ત્રણ છે, અને ઇસા અલઈહિસ-સલામ અલ્લાહ ના પુત્ર છે. અને સત્ય એ છે કે પૂજા લાયક એક છે અને તે અલ્લાહ છે, અને ઈસા અલઈહિસ-સલામ અલ્લાહ ના બંદા અને તેમના પયગંબર છે, જેમ કે કુરઆન માં છે. અને પયગંબર ﷺ ઉમર રઝિયાલ્લહુ અંહુ ના હાથમાં તોરાત માંથી એક પાનું જોયું તો કહ્યું:"હેખત્તાબ ના પુત્ર! અલ્લાહ ની કસમ, જો મુસા (અલઈહિસ-સલામ) જીવતો હોત, તો મારી અનુસરી સીવાય એના પાસે કોઈ અન્ય વિકલ્પ ના હોત". તો ઉમરે તે પાનું ફગાવી દીધો અને કહયું:" હે અલ્લાહ ના પયગમ્બર! મારા માટે અલ્લાહ થી ક્ષમા માંગો ".

મુસનદ અહમદ: (387/3) અને અલ્બાનીએ આ હદીષ ને "અલ-ઈરવા" (1589) માં હસન કહયું છે.

ની દરેક કિતાબો માટે સંરક્ષક બનાવી દીધી, એવી જ રીતે અલ્લાહ  તઆલા એ એ પણ આદેશ આપ્યો છે કે તેણે મોકલેલા દરેક પયગંબરો અને નબીઓ પર ઈમાન લાવે, કારણકે દરેકની વાત એક જ છે, અને દીન પણ  એક જ છે, અને તે દીન ઈસ્લામ છે, જેને અલ્લાહ  તઆલા એ, જે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર છે, પયગંબર અને નબી બનાવી મોકલ્યા, એટલા માટે એક મુસલમાન માટે જરૂરી છે, કે તે દરેક પયગંબરો પર ઈમાન લઈ આવે, જેમનુ વર્ણન કુરઆન મજીદમાં કરવામાં આવ્યું છે, કે તેઓ અલ્લાહ ના પયગંબર હતા, જેમને પોતાની કોમ તરફ મોકલવામાં આવ્યા છે, અને તેની સાથે સાથે એ પણ યકીન અને ઈમાન ધરાવે કે અંતિમ પયગંબર મુહમ્મદ ﷺ છે, જેમને સમગ્ર માનવજાતિ તરફ રસૂલ  બનાવી મોકલવામાં આવ્યા, અને સમગ્ર માનવજાતિ અહીં સુધી કે યહૂદી અને નસરાની પણ અને એ વગર અન્ય ધર્મના લોકો પણ આપ ﷺ ની ઉમ્મત ના એક સભ્ય છે, અને જમીનના દરેક લોકો માટે આપ ﷺ પર ઈમાન લાવવું જરૂરી અને ફરજીયાત છે.

મૂસા અને ઈસા ઉપરાંત દરેક પયગંબર તેમનાથી દૂર રહેવાનું એલાન કરશે, જે લોકો મુહમ્મદ ની શરીઅત પર ઈમાન નથી લાવ્યાં, કારણકે એક મુસલમાન દરેક પયગંબરો પર ઈમાન લાવનાર અને તેમનું અનુસરણ કરવાવાળો હોય છે, અને જે વ્યક્તિ મુહમ્મદ ﷺ પર ઈમાન નહિ લાવે, અને આપનું અનુસરણ ન કરે, અને ઈસ્લામ દીન પર ઈમાન અને યકીન ન ધરાવે, તે ખરેખર દરેક પયગંબરોનો ઈન્કાર કરવાવાળો છે, ભલેને તે પોતાને કોઈ એક નબીનો અનુયાયી દર્શાવે, આ વિશે વિસ્તાર પૂર્વક વિભાવ: ૨ મા વર્ણન થઇ ગયું છે.

આપ ﷺ એ કહ્યું : (કસમ છે તે જાતની જેના હાથમાં મારી જાન છે, આ ઉમ્મત નો કોઈ પણ વ્યક્તિ ભલેને તે યહૂદી હોય કે ઈસાઈ, તેણે મારી પયગંબરી વિશે

જાણ્યું તેમ છતાં મારી પયગંબરી પર ઈમાન લાવ્યા વગર જ મૃત્યુ પામે તો તે જહન્નમમા જશે) [1].

એવી જ રીતે દરેક મુસલમાન માટે મૃત્યુ પછી ફરીવાર જીવિત થવા, હિસાબ કિતાબ, સજા અને બદલો, જન્નત અને જહન્નમ, અર્થાત્ આખિરતની દરેક વસ્તુ પર ઈમાન અને અલ્લાહ ની તકદીર પર ઈમાન લાવવું જરૂરી છે.

## તકદીર પર ઈમાનનો અર્થ:

તકદીર પર ઈમાન લાવવું દરેક મુસલમાન માટે જરૂરી છે, તકદીર પર ઈમાન લાવવાનો અર્થ એ છે કે મુસલમાન ને એવો અકીદો ધરાવવું જોઈયે કે અલ્લાહ તઆલા એ સૃષ્ટિની દરેક વસ્તુ અને બંદાઓના દરેક કાર્યોનું જ્ઞાન આકાશ અને ધરતીના સર્જન પહેલાથી હતું, અને આ દરેક વસ્તુ લોહે મહફુઝમાં લખેલી છે, અને એક મુસલમાનું તે વસ્તુ પર પણ ઈમાન હોવું જોઈએ કે અલ્લાહ એ જે વસ્તુની ઈચ્છા કરી તે થઈ ગઈ, અને જે વસ્તુની ઈચ્છા તેણે ન કરી તે ન થઈ, અને તેણે બંદાઓને પોતાની ઈબાદત અને બંદગી માટે પેદા કર્યા, અને તેના તરીકાને સ્પષ્ટ કરી દીધો, અને તેને કરવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે, અને એવી જ રીતે પોતાની અવજ્ઞાથી રોક્યા છે, અને તેનું પણ માર્ગદેશન આપી દીધું છે, અને ઈન્સાનને કુદરત અને ઈરાદાની શકિત આપી છે, જેના દ્વારા તે અલ્લાહ ના આદેશોનું પાલન કરી શકે ,જેથી તેને સવાબ આપવામાં આવે, અને જે વ્યક્તિએ તેની અવજ્ઞા કરી અને ગુનાહો કર્યા તો તે સજાનો હકદાર બનશે.

અને બંદાઓની ઈચ્છા અલ્લાહ ની ઈચ્છા મુજબ હોય છે, જ્યાં સુધી એવી તકદીર નું સંબંધ, જેમાં માનવીની કોઈ દખલગીરી ન હોય, જેમકે ભૂલી જવું, ભૂલ કરવી, બીમારી, ગરીબી, મુસીબતો આવવી, ઝબરદસ્તી કરવામાં આવેલી વસ્તુઓ પર અલ્લાહ તઆલા તરફથી કોઈ પકડ નથી, અને ન તો કોઈ પ્રકારનો અઝાબ અથવા

[1] મુસ્લિમ:153, મુસનદ અહમદ: 314/2

સજા છે, પરંતુ તંગી, મુસીબત પર જ્યારે બંદો સબર કરી અડગ રહે છે અને અલ્લાહ ના નિર્ણય પર ખુશ થાય તો અલ્લાહ  તેને સવાબ અને બદલો આપે છે.

**વર્ણવેલ દરેક વસ્તુઓ પર ઈમાન ધરાવવું એક મુસલમાન પર જરૂરી છે.**

મુસલમાનોમા સૌથી વધારે મજબૂત ઈમાન ધરાવનાર અને અલ્લાહ ની નજીક રહેવાવાળા અને જન્નતમાં ઉચ્ચ દરજ્જા વાળા (મુહસીનીન) એહસાન કરવા વાળ છે, જેઓ અલ્લાહ  તઆલા ની ઈબાદત એવી રીતે કરે છે અને તેનાથી એવી રીતે ડરે છે અને આશા રાખે છે અને ઇઝ્ઝત કરે છે જાણે કે તેઓ તેને જોઈ રહ્યા છે, અને તેની અવજ્ઞા નથી કરતા, તેમની જાહેરની સ્થિતિ અને અંદરની સ્થિતિ એક જેવી હોય છે, અને જો આ રીતે ન થાય તો કમ સે કમ તેઓ એવું વિચારતા હોય છે કે અલ્લાહ તઆલા  તેમને જોઈ રહ્યો છે, અને તેમના કાર્યો, વાતો અને નિયત માંથી કોઈ વસ્તુ તેનાથી છુપાયેલી નથી, તેનું અનુસરણ કરવા માટે હંમેશા તૈયાર રહે છે અને તેની અવજ્ઞા કરવાથી હંમેશા દૂર રહે છે, અને જ્યારે તેનાથી કોઈ ગુનો થઈ જાય તો તૌબા અને માફી માંગવામાં જલ્દી કરે છે, પોતાના ગુનાહો પર અફસોસ કરે છે અને આગળ તે ગુનાહથી સંપૂર્ણ બચવાનું વચન કરે છે,  અલ્લાહ  તઆલા  કહે છે: (નિ:શંક અલ્લાહ  તઆલા પરહેજગારો અને સદાચારી લોકો સાથે છે). [અન્ નહલ: ૧૨૮].

***

## ઇસ્લામ દીનનું સંપૂર્ણ હોવું

અલ્લાહ  તઆલાએ  કુરઆન મજીદમાં કહ્યું: (આજે મેં તમારા માટે દીનને સંપૂર્ણ કરી દીધો અને તમારા પર મારી કૃપા પુરી કરી દીધી અને તમારા માટે ઈસ્લામના દીન હોવા પર રાજી થઇ ગયો) [અલ્ માઈદહ: ૩], અને અલ્લાહ  તઆલા એ કહ્યું: (ખરેખર આ કુરઆન તે માર્ગ બતાવે છે, જે ખૂબ જ સીધો છે, અને ઈમાનવાળાઓ તેમજ જે લોકો નેક કાર્યો કરે છે કે તેમને ખુશખબરી આપે છે, કે તેમના માટે ખૂબ જ

મોટો સવાબ છે). [અલ્ ઈસ્રા: ૯], અને અલ્લાહ  જે સર્વ શ્રેષ્ઠ છે, કહ્યું: (અને અમે તમારા પર એવી કિતાબ ઉતારી છે, જેમાં દરેક વસ્તુઓનું સ્પષ્ટતા સાથે વર્ણન કરી દેવામાં આવ્યો છે, અને મુસલમાનો માટે હિદાયત, રહેમત અને ખુશ ખબરી છે) [અન નહલ: ૮૯]. અને સહીહ હદીષમા આપ ﷺ એ કહ્યું; (હું તમને અત્યંત ઉજ્વળ અને પ્રકાશિત માર્ગ પર છોડીને જઈ રહ્યો છું, જેની રાત એના  દિવસની જેમ પ્રકાશિત અને સ્પષ્ટ છે, આ માર્ગથી તે જ દૂર હશે જે નષ્ટ થવાનો હશે) [1], અને આપ ﷺ એ કહ્યું- : (હું તમારી પાસે બે વસ્તુ છોડીને જઈ રહ્યો છું, જ્યાં સુધી તેને મજબૂતી સાથે પકડી રાખશો ગુમરાહ નહિ થાઓ, એક અલ્લાહ ની કિતાબ (કુરઆન) અને બીજું તેના પયગંબરની સુન્નત) [2].

**વર્ણવેલ આયતોની સ્પષ્ટતા:**

પહેલી આયતમાં અલ્લાહ  તઆલા એ વર્ણન કર્યું કે તેણે ઈસ્લામ દીનને લોકો માટે સંપૂર્ણ કરી દીધો, હવે તેમાં કોઈ પણ પ્રકારની વધઘટ થઈ શકતી નથી, તે દરેક સમયમાં દરેક શહેરના લોકો માટે સરખો છે, અને એવું એલાન કરી દીધું કે તેણે મુસલમાનોને આ સંપૂર્ણ દીન આપી આપ ﷺ ની પયગંબરી દ્વારા અને મુસલમાનોને તેમના દુશમનો પર વિજય આપી પોતાની દરેક નેઅમતોને સંપૂર્ણ કરી દીધી, વધુમાં એ પણ વર્ણન કરી દીધું કે તેણે દીન રૂપે ઈસ્લામને પસંદ કરી લીધો, અને હવે તેનાથી ક્યારેય નારાજ નહીં થાય, અને ઈસ્લામ દીન સિવાય કોઈ પણ દીન તે કબૂલ નહીં કરે.

બીજી આયતમાં અલ્લાહ  તઆલા એ વર્ણન કર્યું કે કુરઆન મજીદ એક સંપૂર્ણ માર્ગદર્શક કિતાબ છે, તેમાં દીન અને દુનિયાની દરેક બાબત અત્યંત સ્પષ્ટ રીતે અને

---

[1] સુનન અબૂ દાઉદ: 4607, સુનન તિર્મીઝી: 2676, સુનન ઈબ્ને માજહ:43, મુસનદ અહમદ:17142. અને ઈમામ અલ્બાનીએ આ હદીષ ને "સહિહ ઈબ્ને માજાહ" માં સહિહ કહયું છે.

[2] મોઅત્તા: 3338, અને ઈમામ અલ્બાનીએ આ હદીષ ને "સહીહૂલ-જામેઅ": (2937) માં સહિહ કહ્યું છે.

સંતોષકારક માર્ગદર્શન અને શિક્ષાઓ વર્ણન કરી છે, એવી કોઈ ભલાઈની વાત નથી, જેનું માર્ગદર્શન કુરઆન મજીદે ન આપ્યું હોય, અને એવી જ રીતે કોઈ બુરાઈ અને ખરાબ વાત નથી, જેની જાણ ન આપી હોય, જુની અથવા નવી દરેક બાબત કેમ ન હોય, કુરઆન મજીદમાં તેનો સચોટ અને સ્પષ્ટ હલ વર્ણન છે, જે કુરઆન મજીદ વિરુદ્ધ કરશે તે સ્પષ્ટ જુલમ અને અજ્ઞાનતામાં હશે.

ઈલ્મ, અકીદા, સિયાસત અને હુકુમતના નિયમો વિશે અને સામાજિક બાબતો વિશે  ન્યાયપૂર્વક અને સ્પષ્ટ રીતે કુરઆન મજીદમાં વર્ણન કરવામાં આવ્યું છે, અને તેની સંપૂર્ણ સ્પષ્ટ સમજુતી આપ ﷺ એ પોતાની વાતો અને કાર્યો દ્વારા વર્ણન કરી, તેની જ તરફ કુરઆનની આયત ઈશારો કરી રહી છે, (અમે આ કિતાબને તમારા પર ઉતારી દીધી, જે સ્પષ્ટ રીતે વર્ણન કરવાવાળી છે). [અન્ નહલ: ૮૯].

આગળ ભાગમાં ઇસ્લામ દીનની સંપૂર્ણતા અને તેના યોગ્ય અને સચોટ તરીકાને વર્ણન કરવામાં આવ્યો છે.

# ચોથો ભાગ

# ઈસ્લામ નું મનહજ (તરીકો)

## ૧- ઇલમ:

અલ્લાહ  તઆલા એ માનવી માટે જે સૌ પ્રથમ વસ્તુ જરૂરી કરી છે, તે ઈલમ પ્રાપ્ત કરવું છે, અલ્લાહ  તઆલા  કહે છે: (તો (હે પયગંબર) તમે જાણી લો કે અલ્લાહ  સિવાય કોઇ બંદગીને લાયક નથી અને પોતાના માટે અને ઈમાનવાળા પુરૂષો અને ઈમાનવાળી સ્ત્રીઓના માટે પણ ગુનાહોની માફી માંગતા રહો , અલ્લાહ  તઆલા તમારા લોકોની હરવા-ફરવા અને રહેઠાણને ખુબ સારી રીતે જાણે છે). [મુહમ્મદ : ૧૯], અને અલ્લાહ  તઆલા એ કહ્યું: (અલ્લાહ  તઆલા  ઈમાન અને ઈલ્મવાળાઓના દરજ્જાઓને બુલંદ કરે છે અને અલ્લાહ  તે દરેક વસ્તુઓની જાણ ધરાવે છે, જે કંઈ તમે કરો છો) [અલ્ મુજાદલહ: ૧૧] અલ્લાહ  તઆલા  એ કહ્યું: (અને તમે કહો કે હે મારા પાલનહાર ! મારા ઈલ્મ (જ્ઞાન)માં વધારો કર) [તાહા: ૧૧૪], અને અલ્લાહ  તઆલા એ કહ્યું: (બસ ! તમે કિતાબવાળાને પૂછી લો જો તમે પોતે ન જાણતા હોય.) [અલ્ અંબિયા: ૭]. સહીહ હદીષમાં આપ ﷺ  કહે છે: (ઈલ્મ પ્રાપ્ત કરવું દરેક મુસલમાન માટે જરૂરી છે) [1], અને આપ ﷺ એ કહ્યું : (એક આલિમને એક જાહિલ પર એવી જ રીતે મહત્વ આપવામાં આવ્યું છે, જેવું કે પૂર્ણિમા ચંદ્રની મહત્વતા સંપૂર્ણ તારાઓ પર હોય છે) [2].

### ઈસ્લામમા જે જરૂરી જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે, તેના કેટલાક પ્રકાર છે:

**પહેલો પ્રકાર**: જે દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી માટે જરૂરી છે, અને જે જ્ઞાન બાબતે કોઈનું કારણ કબૂલ કરવામાં નહીં આવે, અને તે છે "**અલ્લાહ ની મઅરિફત**

---

[1] સુનન ઈબ્ને માજહ:224, તબરાની (સગીર): 22, અને ઈમામ અલ્બનીએ આ હદીષ ને સહીહુલ-જામેઅ માં સહિહ કહ્યું છે..

[2] સુનન તિર્મીઝી:2322, સુનન ઈબ્ને માજાહ: 4112, અને ઈમામ અલ્બનીએ આ હદીષ ને સહીહુલ-જામેઅ માં સહિહ કહ્યું છે.

**(ઓળખ)", "રસૂલ ﷺ ની મઅરિફત" અને "ઈસ્લામ દીનની જરૂરી વાતોની મઅરિફત" રાખવી જરૂરી છે** [1].

**બીજો પ્રકાર**: ફર્ઝે કિફાયા, અર્થાત્ આ ઉમ્મત માંથી થોડાક લોકો આ જ્ઞાન પ્રાપ્ત કરે, તો અન્ય દરેક લોકો માટે પૂરતું થઈ જશે, અને તે લોકો તે જ્ઞાન ન પ્રાપ્ત કરવા પર ગુનેગાર નહીં થાય, પરંતુ તે લોકો માટે પણ તે જ્ઞાન પ્રાપ્ત કરવું મુસ્તહબ છે, જો કે બહેતર રહેશે, અને તે જ્ઞાન એ છે કે આયતો અને હદીષોની સચોટ સમજુતી, મસ્અલા મસાઈલનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેમાં એટલી મહારત પ્રાપ્ત કરવી કે તે જ્ઞાન બીજા ને પઢાવી શકે, નિર્ણાયક શકિત પ્રાપ્ત થઈ જાય અને કોઈને ફતવો આપી શકે, અને લોકોને દીન તરફ માર્ગદર્શન આપી શકે, આ જ્ઞાન હેઠળ તે દરેક દુનિયાના જ્ઞાન પણ આવે છે, જેને પ્રાપ્ત કરવાથી તે પોતે પ્રબળ બની શકે, અને કોઈના પર નિર્ભર ન રહે, એટલા માટે મુસલમાન સરદારો માટે જરૂરી છે, તેઓ કેટલાક એવા લોકો તૈયાર કરાવે, જેઓ આ ઈલ્મ પઢાવી શકે, જે મુસલમાનો માટે જરૂરી છે, અને તે પોતે પ્રબળ બની શકે.

## ૨- અકીદાનું જ્ઞાન:

અલ્લાહ તઆલા એ મુહમ્મદ ﷺ ને આદેશ આપ્યો કે તેઓ સ્પષ્ટ સૂચના આપી દે કે દરેક લોકો ફક્ત એક અલ્લાહ ના બંદા છે, એટલા માટે તેમના માટે જરૂરી છે કે તેઓ ફક્ત તેની જ બંદગી કરે, અને ફક્ત તેની જ પાસે દુઆ અને ફરિયાદ કરે, જેનું સ્પષ્ટીકરણ તૌહીદના વિભાગમાં વર્ણન થઈ ગયું છે, અને એવી જ રીતે ફક્ત અલ્લાહ ની જ જાત પર ભરોસો કરે, તેની જ સામે ડર અને આશા જાહેર કરે, તેનાથી જ આશાઓ

---

[1] ૩. અગાઉના ત્રણ પ્રકરણોમાં આનું વિગતવાર વર્ણન થઈ ગયો છે.

જોડાયેલી રાખે[1] કારણકે ફાયદા અને નુકસાન પહોંચાડવાનો માલિક ફક્ત તે જ છે, અને તે દરેક ગુણોને સાબિત કરે, જે ગુણો અલ્લાહ  તઆલા એ પોતા માટે વર્ણન કર્યા છે, અથવા મુહમ્મદ ﷺ એ વર્ણન કર્યા છે, આ વિશે પણ આગળ વર્ણન થઈ ગયું છે.

## ૩- લોકો સાથે જોડાયેલો રહે:

અલ્લાહ  તઆલા એ એક મુસલમાનને આદેશ આપ્યો છે કે તે એવો સદાચારી માનવી બને જે માનવતાને કૂફ્ર અને શિર્કના અંધકાર માંથી કાઢી, ઈસ્લામના પ્રકાશ તરફ લાવવા માટે પ્રયત્ન કરે, એ જ વસ્તુ ધ્યાનમાં રાખી અમે આ કિતાબને તરતીબ આપી અને અને તેનું પ્રકાસન કરી લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે, જેથી ઈસ્લામના પ્રચાર અને હુકુકુલ્ ઈબાદની જવાબદારી નિભાવી શકે.

એવી જ રીતે અલ્લાહ  તઆલા એ એ પણ સ્પષ્ટ કહી દીધું કે અલ્લાહ  પર ઈમાન જ એક મુસલમાનને બીજા મુસલમાન સાથે જોડે છે, અને તેના કારણે જ સંબંધ બનાવવામાં આવે છે, એટલા માટે એક મુસલમાન પોતાના મુસલમાન ભાઈથી, જે નેક અને અલ્લાહ નો આજ્ઞાકારી હોય, મુહબ્બત કરે, ભલેને તે દૂરનો સંબંધી પણ ન હોય, અને તે કાફિરોથી નફરત કરે, જેઓ અલ્લાહ  અને તેના રસૂલ ના અવજ્ઞાકારી છે, ભલેને તે નજીકનો સંબંધી જ કેમ ન હોય, આ જ મજબૂત સંબંધ છે,જે અલગ  અલગ પ્રકારના બે વ્યક્તિઓને જોડે છે, અને તે બન્નેમાં મુહબ્બત પેદા કરે છે,  ખાનદાની, શહેરી, અને ઔપચારિકતાના સબંધ તો તરત જ તૂટી જતા હોય છે.

અલ્લાહ  તઆલા  કહે છે: (જે લોકો અલ્લાહ  તઆલા  અને કિયામતના દિવસ પર ઈમાન ધરાવે છે, તમે ક્યારેય તેમને નહિ જુવો કે તેઓ એવા લોકો સાથે મિત્રતા કરતા હોય, જેઓ અલ્લાહ  અને તેના પયગંબરના વિરોધી છે, ભલેને પછી

---

[1] ૧. એટલે કે મૃતકો અને મૂર્તિઓ થી  કોઈ ભય કે આશા ના રાખવી જોઈએ, પરંતુ એવી વસ્તુ જેને માણસ કે અન્ય પ્રાણી કરી શકે છે, જેમ કે: સિંહ અથવા ચોર નું ભય, એવિજ રીતે કોઇ ઉદાર માણસ થી મદદ ની આશા રાખવી (જેને તે કરી શકે છે) તો એ કુદરતી ભય અને આશા છે જેને દોષી ઠેરવી શકાય નહીં.

તેમના પિતા, દિકરા અને ભાઈ અથવા તેમના કુંટુબીઓ પણ કેમ ન હોય) [અલ્ મુજાદલહ: ૨૨]. અને અલ્લાહ તઆલા એ કહ્યું: (ખરેખર અલ્લાહ પાસે તે વધુ પ્રતિષ્ઠિત છે, જે તમારામાં સૌથી વધુ અલ્લાહ થી ડરવાવાળો હશે) [અલ્ હુજરાત: ૧૩].

**અલ્લાહ તઆલા પહેલી આયતમાં કહે** છે કે અલ્લાહ પર ઈમાન રાખનાર મોમિન, અલ્લાહ ના દુશમનોથી મુહબ્બત જાહેર નથી કરતો, ભલેને તે નજીકનો સંબંધી પણ કેમ ન હોય.

**બીજી આયતમાં વર્ણન કરી રહ્યો છે** કે અલ્લાહ તઆલા ની નજીક પ્રતિષ્ઠિત અને ઈઝઝતદાર તે વ્યક્તિ છે, જે તેનો આજ્ઞાકારી હશે, ભલેને તે કોઈ પણ રંગ અથવા નસલથી સંબંધ રાખતો હોય.

એવી જ રીતે અલ્લાહ તઆલા એ ઈન્સાફ અને ન્યાય સાથે નિર્ણય કરવાનો આદેશ આપ્યો છે, ભલેને વિરોધી વ્યક્તિ દુશમન હોય કે દોસ્ત, અને જુલમને પોતાના પર હરામ કરી દીધું છે, તો પોતાના બંદાઓ માટે પણ તેને હરામ કર્યું છે, અને અમાનતદારી તેમજ સાચું બોલવાનો આદેશ આપ્યો છે, અને ખિયાનત કરવાથી રોક્યો છે, તેમજ માતાપિતાની સેવા, સબંધીઓ સાથે સિલા રહેમી, લાચાર અને ગરીબ સાથે એહસાન, અને દયા કરવાનો આદેશ આપ્યો છે, અને સામાજિક કાર્યોમા ભાગ લેવા પર પ્રોત્સાહન આપ્યું છે, એવી જ રીતે દરેક સર્જનીઓ સાથે સારો વ્યવહાર કરવાનો આદેશ આપ્યો છે, અહીં સુધી કે જાનવરો સાથે પણ સારો વ્યવહાર અને તેમને તકલીફ પહોંચાડવાથી રોક્યો છે [1], હા નુકસાન પહોંચાડવાવાળા જાનવર, જેવું કે પાગલ કૂતરું, સાંપ, ઉદર, વીંછી, ગરોળી, વગેરે જેવા જાનવરોને મારી નાખવામાં આવશે, જેથી તેમનાથી લોકો સુરક્ષિત રહી શકે, હાં તેમને પણ તકલીફ આપી મારવાથી રોક્યો છે.

---

[1] અહીંયા સુધી કે હલાલ પ્રાણી ને કાપવા માં પણ: દયા કરવા નું અદેશ આપ્યું કે: "છરીને ધારદાર કરી લો અને તેને રાહત આપો કરો".

## ૪: મોમિનના દિલની સ્થિતિ અને નસીહત કરવા બાબતે:

કુરઆન મજીદની ઘણી આયતો એ દર્શાવે છે કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓને જોઈ રહ્યો છે, તે જ્યાં પણ હોય, એવી જ રીતે તે તેમના દરેક અમલ, અને દિલમાં છુપાયેલા ભેદો અને નિયતોને જાણે છે, અને તેમના અમલનો રેકોર્ડ તૈયાર કરવામાં આવી રહ્યો છે, અને આ કામ માટે કેટલાક ફરિશ્તાઓ નક્કી કર્યા છે, જે હંમેશા સાથે રહે છે, અને તે દરેક નાની મોટી, દેખીતી અને અણદેખી વસ્તુઓ જે માનવી કરતો હોય છે, તેને લખી લે છે, અને તે પ્રમાણે જ અલ્લાહ તઆલા આખિરતના દિવસે હિસાબ કિતાબ કરશે, અને એવી જ રીતે અલ્લાહ તઆલા એ તે લોકોને દુઃખદાયી અઝાબથી સચેત કર્યા છે જે લોકો આ દુનિયાના જીવનમાં તેની અવજ્ઞા અને ગુનાહ કરે છે, તેથી મોમિન ચેતવણીઓથી શીખ મેળવે છે અને ગુનાહ તેમજ અવજ્ઞાથી બચવાની ભરપૂર કોશિશ કરે છે, અને ગુનાહના કામોથી અળગા રહે છે, અને અલ્લાહ થી ડર અને ભય જાહેર કરે છે.

અને તે લોકો, જેઓ અલ્લાહ નો ડર અને ભય નથી રાખતા અને ગુનાહના કાર્યો કરે છે તો અલ્લાહ તઆલા એ તેમનાથી પણ અળગા રહેવાનો એક તરીકો નક્કી કર્યો છે, તે એ છે કે તેણે મુસલમાનોને આદેશ આપ્યો છે કે તેઓ અંદરો અંદર એકબીજાને ભલાઈનો આદેશ અને બુરાઈથી રોકવાનું કામ કરતા રહે, અને એવી જ રીતે દરેક મુસલમાન એ એહસાસ જરૂર રાખે કે તે દરેક ગુનાહ જે કોઈ બીજો વ્યક્તિ કરતો હોય તે પોતાને અલ્લાહ પાસે તેનો જવાબદાર ઠહેરાવી, પોતાની શક્તિ પ્રમાણે હાથ વડે અથવા જબાન વડે રોકવાનો પ્રયત્ન કરે, નહિ તો કમ સે કમ તેને દિલમાં ખોટું સમજે, એવી જ રીતે અલ્લાહ તઆલા એ મુસલમાન આગેવાનોને આદેશ આપ્યો છે કે ઈસ્લામી નિયમોનો વિરોધ કરનારાઓ પર અલ્લાહ એ વર્ણન કરેલી હદ સાબિત કરે, જેની સ્પષ્ટતા અલ્લાહ તઆલા એ કુરઆન મજીદમાં અને રસૂલ ﷺ એ હદીષોમાં વર્ણન કરી છે, અર્થાત પાપ કરનારાઓ પર તેમના પાપ પ્રમાણે સજા સાબિત કરવી જોઈએ, જેથી ન્યાય અને ઈન્સાફ તેમજ શાંતિ અને અમન કાયમ રહે.

## ૫: ઇસ્લામનો સામાજિક તેમજ એકતા માટે સહકાર:

અલ્લાહ તઆલા એ મુસલમાનોને આદેશ આપ્યો છે કે તેઓ અંદરો અંદરો એકબીજાની માલ દ્વારા અને દરેક રીતે મદદ કરતા રહે, જે બાબતે ઝકાત અને સદકાના પાઠમાં વર્ણન કરવામાં આવ્યું છે, એવી જ રીતે તેણે મુસલમાનોને એકબીજાને તકલીફ આપવાથી રોક્યા છે, ભલેને સામાન્ય વસ્તુ દ્વારા પણ કેમ ન હોય, જેવું કે રસ્તા વચ્ચે અથવા છાંયડાની જગ્યાએ કોઈ ખરાબ વસ્તુ નાખવામાં આવે, અલ્લાહ એ તે હરામ કર્યું છે, અને આવી તકલીફ આપનારી વસ્તુ દૂર કરવા પર સવાબ અને નેકીનું વચન આપ્યું છે, અને તકલીફ આપનારને સજાની ચેતવણી આપી છે.

એવી જ રીતે અલ્લાહ તઆલા એ એક મુસલમાન પર જરૂરી કર્યું છે કે તે બીજા માટે તે જ વસ્તુ પસંદ કરે જે પોતાના માટે પસંદ કરતો હોય, અને બીજા માટે તે વસ્તુ નાપસંદ કરે, જે પોતાના માટે નાપસંદ કરતો હોય, અલ્લાહ તઆલા કહે છે: (નેકી અને તકવાના કામોમાં લોકોનો સહકાર આપો અને ગુનાહ અને અત્યાચારના કામોમાં લોકોનો સહકાર ન આપો, અલ્લાહ થી ડરો, ખરેખર અલ્લાહ સખત અઝાબ આપનાર છે) [અલ્ માઈદહ: ૨]. અલ્લાહ તઆલા કહે છે: (મોમિન તો સૌ એકબીજાના ભાઈ છે, એટલા માટે પોતાના બે ભાઈઓમાં મેળાપ કરાવી દો) [અલ્ હુજરાત: ૧૦]. અને અલ્લાહ તઆલા એ કહ્યું: (તેઓના વધારે પડતા ગુપ્ત સૂચનો માં કોઈ ભલાઈ નથી, હાં ભલાઈ તેઓના સલાહસૂચનો માં છે, જેઓ દાન કરવામાં અથવા સત્કાર્ય કરવામાં તથા લોકોને મેળાપ કરવાનો આદેશ આપે, અને જે વ્યક્તિ ફક્ત અલ્લાહ તઆલા ની પ્રસન્નતા ઈચ્છતા આ કાર્ય કરે તેને અમે ચોક્કસપણે ખૂબ જ પ્રમાણમાં ફળ આપીશું). [અન્ નિસા: ૧૧૪]. આપ ﷺ એ કહ્યું- : (તમે ત્યાં સુધી મોમિન નથી બની શકતા જ્યાં સુધી તમે પોતાના ભાઈ માટે તે વસ્તુ પસંદ ન કરો જે વસ્તુ તમે પોતાના માટે પસંદ કરતા હોય) [1]. એટલા માટે જ આપ ﷺ એ હજજતુલ્ વિદાઅના મહત્વના

[1] બુખારી:13, મુસ્લિમ:45

ખુતબા [1] વખતે જે આપ ﷺ એ પોતાના જીવનના અંતિમ દિવસોમાં આપ્યો હતો, અલ્લાહ તઆલા ના વર્ણવેલ આદેશોની પુષ્ટિ કરતા કહ્યું અને ઈમામ અહમદે રિવાયત કરી: (હે લોકો ! ખબરદાર તમારો પાલનહાર એક જ છે, અને તમારા પિતા એક જ છે, ધ્યાનથી સાંભળો ! કોઈ અરબના વ્યકિતને કોઈ ગેર અરબ વ્યકિત પર, અથવા કોઈ ગેર અરબ વ્યકિતને કોઈ અરબના વ્યકિત પર કોઈ પણ પ્રાથમિકતા નથી, અને ન તો કોઈ કાળા વ્યકિતને કોઈ સફેદ વ્યકિત પર તેમજ ન તો કોઈ સફેદ વ્યકિતને કોઈ કાળા વ્યકિત પર કોઈ પણ પ્રાથમિકતા નથી, હા જો પ્રાથમિકતા હોઈ શકે છે, તો ફક્ત તકવાના આધારે. શુ મેં તમારી સમક્ષ અલ્લાહ નો આદેશ પહોંચાડી નથી દીધો? તો દરેક લોકોએ કહ્યું, **અલ્લાહ ના પયગંબરે પહોંચાડી દીધું છે**)[2] અને આપ ﷺ વધુ કહ્યું- : (નિઃશંક અલ્લાહ તઆલા એ તમારા પર તમારી જાન, તમારો માલ તમારી ઈઝ્ઝતને એવી રીતે હરામ કરી દીધો છે જેવી રીતે કે આ દિવસને, આ મહિનાને અને આ શહેરને હરામ કર્યો છે. શું મેં પહોંચાડી નથી દીધું?) દરેકે જવાબ આપ્યો કે હા, પછી આપ ﷺ એ પોતાની આંગળી આકાશ તરફ ઉઠાવી કહ્યું, (હે અલ્લાહ ! તું સાક્ષી રહેજે)[3].

## ૬: સરદારી

અલ્લાહ તઆલા એ મુસલમાનોને આદેશ આપ્યો છે કે તેઓ પોતાના માંથી જ કોઈને પસંદ કરી પોતાનો ઈમામ અને સરદાર નક્કી કરી લે, અને તેની ઈતાઅત અને સત્તાને કબૂલ કરે, અને એકતાના પ્રેરક બને, અને વિવાદથી દુર રહે, અને એવી જ રીતે

---

[1] ૨. આ એક મહાન ઉપદેશ(ખૂતબો) છે જે હદીસ ની કિતાબો માં જુદી જુદી જગ્યાએ જોવા મળે છે.

[2] મુસનદ અહમદ:22978,અને આ હદીષ ને ઈમામ અલ્બાનીએ સિલસિલા-સહીહહ્ (6/199) માં સહિહ કહ્યું છે

[3] બુખારી:105, મુસ્લિમ:1679.

એક ઉમ્મત હોવાનું સાબિત કરે, એવી જ રીતે તેમને આદેશ આપવામાં આવ્યો કે પોતાના ઈમામ અને સરદારનું અનુસરણ અને આજ્ઞાનું પાલન કરે, જો કે જ્યારે સરદાર અલ્લાહ ની નાફરમાની પર મજબૂર કરે તો તે કામમાં તેમની ઈતાઅત અને આજ્ઞાનું પાલન કરવામાં નહીં આવે, કારણકે અલ્લાહ ની અવજ્ઞામાં કોઈ સર્જનનું અનુસરણ કરવું જાઈઝ નથી.

અલ્લાહ તઆલા એ એક મુસલમાનને એ પણ આદેશ આપ્યો છે કે જ્યારે તે કોઈ એવા શહેર અથવા દેશમાં રહેતો હોય જ્યાં પોતાના ઈસ્લામને જાહેર ન કરી શકતો હોય, અને ન તો તે આઝાદ બની તેનો પ્રચાર કરી શકતો હોય તો ત્યાંથી કોઈ ઈસ્લામી શહેર તરફ હિજરત કરી લે જ્યાં ઈસ્લામના આદેશ મુજબ કામ ચાલતું હોય, અને અલ્લાહ એ આપેલ માર્ગદર્શન મુજબ કોઈ મુસલમાન સરદારી કરતો હોય.

કારણકે ઈસ્લામ શહેરની બંદીશો અને કોમ તથા જબાનના તફાવત અને પ્રાથમિકતાને કબૂલ નથી કરતો, પરંતુ એક મુસલમાનની ઓળખ ઈસ્લામ છે, દરેક લોકો અલ્લાહ તઆલા ના બંદાઓ છે, અને સમગ્ર સૃષ્ટિનો માલિક અને પેદા કરનાર અલ્લાહ તઆલા છે, એટલા માટે મુસલમાન જ્યાં પણ ઈચ્છે આઝાદ રહી અવરજવર કરી શકે છે, શરત એ કે તે અલ્લાહ ના નિયમોનું પાલન કરતો હોય, અને જ્યારે તે અલ્લાહ ના આદેશો વિરુદ્ધ કોઈ કામ કરે તો તેને ઈસ્લામી કાનૂન [1] અને સજા પ્રમાણે નિર્ણય કરવામાં આવશે, અલ્લાહ ના આદેશો પર અમલ અને ઈસ્લામી હદ પ્રમાણે સજા આપવાથી જ દેશમાં શાંતિ અને અમન કાયમ થઈ શકે છે, મુસલમાનોના અધિકાર સુરક્ષિત રહી શકે છે, અને તેમની જાન અને માલ તેમજ ઈઝ્ઝત ની સુરક્ષા થઈ શકે છે, અને તેમાં જ લોકોની ભલાઈ છે, અને તેના આદેશ વિરુદ્ધ કામ કરવાથી દરેક બુરાઈ જન્મ લઈ શકે છે.

[1] હુદૂદ(સજાઓ): એ ઈસ્લામ માં પાપ અને કાયદા ના ઉલંઘન કરનારાઓ માટે નિર્દિષ્ટ સજાઓને "હુદૂદ" કહેવાય છે.

અલ્લાહ તઆલા એ માનવીની અકલની હિફાજત માટે દરેક નશીલી પદાર્થ અને અકલ પર પરદો કરી દેનારી વસ્તુઓને હરામ કરી છે, અને શરાબ પીનારની સજા ચાળીસ થી એસી કોડા મારવાની નક્કી કરી છે, જેથી કરીને તે શરાબ પીવાનું છોડી દે, અને તેની અકલની સુરક્ષા થઈ શકે, અને તેની બુરાઈથી લોકો સુરક્ષિત રહે.

એવી જ રીતે અલ્લાહ તઆલા એ મુસલમાનોની જાન અને લોહીની હિફાજત માટે નાહક કતલ કરવાને હરામ ઠહેરાવ્યું છે, અને કતલ કરનારની સજા બદલામાં કતલ જ નક્કી કરી છે, અને ઘા ની સજા પણ નક્કી કરી દીધી છે, એવી જ રીતે એક મુસલમાનને પોતાની જાન, માલ અને ઇઝ્ઝતની હિફાજત અને કદાચ તેના પર આંચ આવે તેને દૂર કરવાની પણ પરવાનગી આપી છે; અલ્લાહ તઆલા કહે છે: (અને હે બુધ્ધીશાળી લોકો ! તમારા માટે કિસાસ લેવામાં જ જીવન છે, (અને આ કાનૂન એટલા માટે જરૂરી કરી દેવામાં આવ્યો છે, કે તમે બધા આ પ્રમાણેના કાર્યોથી બચીને રહો) [અલ્ બકરહ: ૧૭૯]. અને અલ્લાહ ના રસૂલ ﷺ એ કહ્યું: (જે વ્યકિત પોતાની નફસની સુરક્ષા કરવામાં કતલ થયો તે શહીદ ગણાશે, અને જે પોતાના સંતાન અને ખાનદાનની સુરક્ષા કરવામાં કતલ થયો તો તેને શહીદ ગણવામાં આવશે, અને જે વ્યકિત પોતાના માલની સુરક્ષા કરતા કતલ થયો તો તે પણ શહીદ છે) [1].

અલ્લાહ તઆલા એ મુસલમાનોની ઇઝ્ઝતની હિફાજત એવી રીતે કરી છે, કે એક મુસલમાને બીજા મુસલમાન ભાઈને ગેર હાજરીમાં એવી વાત કહેવાથી રોક્યા છે, જે તેને પસંદ ન હોય, (અર્થાત્ ગિબત કરવાથી રોક્યા છે) એવી જ રીતે કોઈ મુસલમાન પર કોઈ અખલાકી આરોપ લગાવવા થી, જેવું કે ઝીના અથવા લીવાતત વિશે આરોપ મુકવાની સજા, જ્યાં સુધી તે શરીઅત મુજબ સાબિત ન કરે એસી કોડા નક્કી કરી છે.

---

[1] સુનન અબૂ દાઉદ: 4772, સુનન નસઈ:4090, સુનન તિર્મીઝી:1418. અને ઈમામ અલ્બનીએ આ હદીષ ને સહીહૂલ-જામેઅ(4172) માં સહિહ કહ્યું છે

એવી જ રીતે અલ્લાહ  તઆલા એ મુસલમાનોના નસબ અને ખાનદાનની હિફાજત માટે ઝીના અને શારીરિક સબંધ [1], ને હરામ કર્યા છે, અને તે પાપને ઘણું મોટું પાપ કહ્યું છે, અને કડકાઈથી  તેનાથી રોકયા છે, અને જો શરીઅત મુજબ તે સાબિત થઈ જાય તો ભયાનક સજા તેના માટે નક્કી કરી છે, જેથી લોકો માટે શિખામણ બને.

અલ્લાહ  તઆલા એ લોકોના માલની દેખરેખ માટે ચોરી, ધોખો, જુગાર, લાંચ અને તે સિવાય તે દરેક અયોગ્ય રીતે કમાવવામાં આવતી કમાણીને હરામ કરી છે, અને તે ખોટા માર્ગને રોકવા માટે ચોરી અને લૂંટફાટ કરવાવાળાની સજા હાથ કાપવાની નક્કી કરી છે, જ્યારે કે હાથ કાપવાની શરતો નક્કી છે, અને જો હાથ કાપવાની શરતો પુરી ન થાય અને ચોરી સાબિત થાય તો પણ કેટલીક સજાઓ આપવામાં આવશે, જેથી તે આવી હરકતો કરવાથી થોભી જાય.

આ નિયમો અને કાનૂન તે અલ્લાહ એ નક્કી કર્યા છે, જે  અત્યંત ઈલ્મ અને હિકમત વાળો છે, અને તે પોતાના બંદાઓની ફિતરત સારી રીતે જાણે છે, અને સાથે સાથે તેમના પર દયા અને રહેમ કરવાવાળો છે,  તેણે તે સજાઓને મુસલમાન પાપીઓના ગુનાહો  માટે કફ્ફારો બનાવી દીધી છે, અને સમાજને તેમનાથી અને  દુરાચારી લોકોથી સુરક્ષિત રહેવાનો સ્ત્રોત બનાવ્યો છે, જે લોકો કાતિલના કતલ અને ચોરનો હાથ કાપવા પર વિરોધ ઉઠાવે છે તેઓ ખરેખર તે બેકાર અંગ કાપવાનો વિરોધ કરી રહ્યા છે, જો તેને કાપવામાં ન આવે તો તેનો અસર સંપૂર્ણ સમાજમાં ફેલાઈ જશે, અને એવી રીતે તો સંપૂર્ણ સમાજ બરબાદ થઈ જશે [2], જ્યારે કે આ જ લોકો બીજી બાજુ મઅસૂમ જાનો લેવા અને જુલમ અને અત્યાચાર કરવાનો અને ખૂન-ખરાબી પર ખુશ થતા હોય છે.

---

[1] અને અલ્લાહે વંશને મિશ્ર થવાથી સુરક્ષિત કર્યું છે, જેમ કે વ્યભિચારને કારણે કોઈ વ્યક્તિ તેના પિતા સિવાય અન્ય કોઈ ને પિતા કહે.

[2] અને આ દર્દી ના રોગગ્રસ્ત સડેલા અંગ ને તેની અનુમતિ થી કાપવા કરતા વધુ સારું છે.

# ૭: ઇસ્લામમાં વિદેશ નીતિ

અલ્લાહ  તઆલા એ મુસલમાન અને તેમના સરદારોને આ આદેશ આપ્યો છે કે તેઓ બિન મુસ્લિમને ઈસ્લામ તરફ બોલાવે, જેથી તેમને કુફ્ર અને શિર્કના અંધકાર માંથી બહાર લાવી ઈમાન અને ઈસ્લામના પ્રકાશ તરફ લઈ આવે, અને **અસ્થાઇ દુનિયા ના નશ્વર આનંદ થી** છૂટકારો આપી તે કાયમ રહેનારી નેઅમતો અને દિલની શાંતિની તરફ માર્ગદર્શન આપે, જેનાથી ખરેખર મુસલમાન ફાયદો ઉઠાવી રહ્યા છે, એવી જ રીતે એક મુસલમાનને આદેશ આપવામાં આવ્યો છે કે તે એક માર્ગદર્શક અને સદાચારી મુસલમાન બનીને સમાજમાં રહે, અને પોતાના ઈલ્મથી બગડેલા સમાજને સુધારે, અને સમગ્ર માનવજાતિને નષ્ટતાથી બચાવે, અને તેમની ભલાઈના કાર્યોમાં કોઈપણ પ્રકારની કમી ન હોવી જોઈએ, બીજા માનવતાના કાનૂન મુજબ નહીં, જેઓ કહે છે તમે પોતે સારા બનીને રહો બીજાની ઈસ્લાહ અને તેના સુધારાની કઈ જરૂર નથી, આ એ વાતની સ્પષ્ટ દલીલ છે કે માનવીએ બનાવેલ  કાનૂન અધૂરા અને ખોટા છે, અને ઈસ્લામનાં જીવન પસાર કરવાના નિયમો સાચા, સંપૂર્ણ અને સચોટ છે.

એવી જ રીતે અલ્લાહ  તઆલા એ મુસલમાનોને આદેશ આપ્યો છે કે તેઓ અલ્લાહ ના દુશ્મનોનો મુકાબલો કરવા માટે પોતાની સંપૂર્ણ શકિત અને આવડતને કામમાં લાવે, જેથી ઈસ્લામ અને મુસલમાનોની હિફાજત થઈ શકે, અને અલ્લાહ  અને તેમના દુશ્મનોને ભયભીત અને ડરાવવામા આવે, એવી જ રીતે સમયાંતરે જરૂરત પડવા પર કરાર કરવાની પરવાનગી આપી છે, જે શરીઅત મુજબ હોય, અને  વચનભંગ કરવાથી રોક્યા છે, જો કે દુશ્મન જ વચનભંગ કરે અથવા એવી સ્થિતિ ઉભી કરી દે, જે કરાર વિરુદ્ધ હોય તો તમે પણ તેમને જવાબ આપી શકો છો.

મુસલમાનોને યુદ્ધ કરતા પહેલા આદેશ આપવામાં આવ્યો છે કે સૌ પ્રથમ કાફિર અને મુશરિકોને ઈસ્લામ તરફ બોલાવે, જો તેઓ તેનો ઈન્કાર કરી દે તો તેમને

ટેક્સ આપવા અને અલ્લાહ ની સામે ઝૂકી જવા માટે કહે [1] જો તેનો પણ ઇન્કાર કરે તો કૂફ્ર અને શિર્ક અને ઝુલ્મ [2] તેમજ અત્યાચારને નાબૂદ કરી તેમની સાથે યુદ્ધ કરે જેથી ફક્ત અલ્લાહ ના દીનનો જ વિજય થાય.

એવી જ રીતે યુદ્ધ વખતે મુસલમાનોને આદેશ આપવામાં આવ્યો કે તેઓ સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધ, અને સારા વ્યક્તિઓને કોઈ પણ તકલીફ ન પહોંચાડે, જો કે તે લોકો કાફિરો સાથે ભેગા મળી કોઈ નુકસાન પહોંચાડે તો અલગ વાત છે, એવી જ રીતે કેદીઓ સાથે પણ સદ્ વ્યવહાર કરવામાં આવે, આવી શિક્ષાઓથી અનુમાન લગાવી શકાય છે કે ઇસ્લામી જિહાદનો મકસદ ફક્ત લૂંટમાર અને પદ પ્રાપ્ત કરવું અથવા અયોગ્ય રીતે ફાયદો ઉઠાવવો નથી, પરંતુ તેના અત્યંત ઉચ્ચ અને સાચા હેતુઓ છે, અને તે છે દીનનો પ્રચાર, અને માનવતા સાથે રહેમ અને દયા, અને માનવતાને માનવીની ગુલામીથી કાઢી એક અલ્લાહ ની બંદગી તરફ ફેરવવા છે.

---

[1] ઈસ્લામિક શાસન હેઠળ, મુસ્લિમો ઝકાત ચૂકવે છે, અને બિન-મુસ્લિમો જિઝિયા ચૂકવે છે, જે સ્ત્રીઓ, બાળકો, પાગલ લોકો, વૃદ્ધો અને ગરીબો વિના પુખ્ત પુરુષો પાસેથી લેવામાં આવતી રકમ છે. અને જીઝિયા બહુજ નાની રકમ છે જો કે પયગંબર ﷺ ના જમાના માં વર્ષ માં એક દીનાર થી વધુ ના હતી. અને આ રકમ ઈસ્લામિક રાજ્યના રક્ષણ હેઠળ સુરક્ષિત જીવન, જીવન ની તમામ પ્રવૃત્તિઓ અને તકો થી લાભ ની આજાદી ના બદલા માં લેવાય છે. એમજ તેઓ મુસ્લિમો દ્વારા જાન માલ ની સુરક્ષા સાથે ખુશાલ જિંદગી નો આનંદ માણે છે,તેમના ધર્મ અને ધાર્મિક સ્થાન ની સુરક્ષા ઉપરાંત.

અને જ્યારે મુસ્લિમો તેમના અધિકારો પૂરા કરવા અને તેમના દુશ્મનોથી તેમનું રક્ષણ કરવામાં અસમર્થ થઈ જાય છે, ત્યારે તેઓ જે જિઝીયા લીધું છે તે તેમને પરત કરે છે કારણ તે જિઝીયા ની શરત પૂરી કરી શકયા નથી, જોકે રક્ષણ છે. અને જો તેઓ તેમના દેશની રક્ષામાં ભાગ લે છે, તો તેમના પર થી જિઝિયા માફ કરી દેવા આવે છે.

[2] ઝુલ્મ અને ફિતનો: એ છે કે લોકો ને ઈસ્લામ વિશે જનકારી થી વંચિત કરી દેવા માં આવે અને ધાર્મિક સ્વતંત્રતા માં અવરોધો મૂકવા માં આવે.

# ૮: ઇસ્લામી આઝાદી:

## (૧) ઈસ્લામમાં ધાર્મિક સ્વતંત્રતા

અલ્લાહ તઆલા એ ગૈરમુસ્લિમોને જેઓ ઈસ્લામી હુકુમતની હેઠળ આવી જાય તેઓને પોતાના દીન બાબતે આઝાદી આપી છે, તેમને ઈસ્લામના અકીદા અને શિક્ષાઓથી પરિચિત કરાવવામાં આવે અને ઈસ્લામ તરફ બોલાવવામાં આવે, ત્યારબાદ જો ઈચ્છે તો ઈસ્લામ દીનનો સ્વીકાર કરી લે, અને દુનિયા અને આખિરતના જીવનની નેઅમતોથી ફાયદો ઉઠાવે, અને જો કોઈ પોતાના પૂર્વજોના દીન પર બાકી રહી કમનસીબી અથવા અઝાબનો હકદાર બનવા માગશે, તો તેને પણ સંપૂર્ણ અધિકાર છે, અને આ રીતે તેના પર હુજ્જત કાયમ થઈ ગઈ, અને તેના માટે અલ્લાહ પાસે આ કારણ મુકવાનો મોકો નહીં મળે કે મારી પાસે ઈસ્લામ લઈને કોઈ પણ નથી આવ્યું ત્યારે મુસલમાન તેને તેના અગાઉના દીન પર છોડી દેશે, અને તેની જાણ અને માલની સુરક્ષાના બદલા માં તેમની પાસેથી ટેક્સ વુસૂલ કરાશે, તે ઈસ્લામી આદેશોનું પાલન કરતો હોવો જોઈએ, અને મુસલમાનો સામે પોતાના નાજઈઝ શિક્ષાઓ જાહેર ન કરે.

પરંતુ જો કોઈ મુસલમાન ઈસ્લામ દીનનો સ્વીકાર કર્યા પછી પાછો ફરી જાય[1], તો તેની સજા કતલ છે, તો તેના આવા ભયાનક પાપના કારણે જીવિત રહેવાનો

---

[1] રિદ્દહ (ધર્મત્યાગ): તે ઈસ્લામ છોડીને કુફ્ર અપનાવવો છે. જો કોઈ વ્યક્તિએ સંપૂર્ણ વિશ્વાસ અને આંતરદૃષ્ટિ સાથે ઈસ્લામ અપનાવ્યો હોય, તો કોઈ સંસ્કૃતિ અથવા ધર્મ તેને ઈસ્લામમાંથી દૂર કરી શકતો નથી, કારણ કે કોઈ પણ ધર્મ ઈસ્લામની સંપૂર્ણતા અને ચમત્કારો સુધી પહોંચી શકતો નથી. ધર્મત્યાગ ના પ્રેરણાઓમાંથી અમૂક આ છે: મુસ્લિમ સમાજમાં દુષ્ટતા અને લાલચ પેદા કરવી અને તેને કુફ્ર તરફ ધકેલવું અથવા વાસના અને સામૂહિક અને ભૌતિક લાભો માટે પ્રયત્નશીલ રહેવું. આ રીતે ઈસ્લામ છોડી દેવો અને કુફ્ર અપનાવવો જાણે કે તે સૌથી મહત્વપૂર્ણ વચનને તોડવું અને સૌથી મહાન પ્રતિજ્ઞા થી દૂર થવું છે,ઈસ્લામ નું આ આદેશ એમજ છે જેમ કે આ સમયે મોટાભાગના દેશો માં દેશ સાથે ગદ્દારી કરનારને મૃત્યુદંડ ની સજા કરવા માં આવે છે. અને આ સજા શાસક જ આપી શકે છે અન્ય કોઈ નહિ અને તે ઈસ્લામી કાયદા કાનૂન મૂજબ મુસ્લિમ સમાજના રક્ષણ માટે ધર્મત્યાગી ને સજા કરે છે.

હક નથી રાખતો, હાં, તૌબા અને ઈસ્તિગ્ફાર કરી ફરીવાર ઈસ્લામમમાં દાખલ થઈ જાય તો તેની તૌબા કબૂલ કરવામાં આવશે [1].

જો કોઈએ ઈસ્લામથી ફેરવી દેનારી વસ્તુઓ માંથી કોઈ પણ વસ્તુને અમલમાં લાવી તો તેને તરત જ છોડી તૌબા કરવી જોઈએ, અને અલ્લાહ તઆલા થી માફી માંગવી જોઈએ.

## ઈસ્લામ માંથી ફેરવી નાખનારી વસ્તુઓ ઘણી છે; જેમાંથી કેટલીક નીચે પ્રમાણે છે:

**શિર્ક**: શિર્ક તએને કહે છે કે: અલ્લાહ તઆલા ની જાત અને સિફાત અને ઈબાદતમાં અન્યને શરીક કરવું, ભલેને પોતાના અને અલ્લાહ વચ્ચે કોઈ વાસ્તો અથવા ભલામણ બનાવવુ જ કેમ ન હોય, જેને તે પોકારતો હોય અને ભલામણની વિનંતી કરતો હોય, ભલેને તેને મઅબૂદ શાબ્દિક અને આર્થિક તરીકે સ્વીકારતો હોય, અથવા તેનાથી માંગવા અને તેની ઇબાદત ને શિર્ક ના કેહતો હોય , જેવું કે અજ્ઞાનતા ના સમયમાં જાહિલ મુશરીક લોકો કરતા હતા, તેઓએ પોતાના નેક પૂર્વજોની મૂર્તિઓ એ હેતુથી બનાવી રાખી હતી કે તેઓ ભલામણ કરવા માટે કામમાં આવશે, અથવા એકરાર ન કરતા કે તેઓ મઅબૂદ છે, પરંતુ તેમનો આ અમલ (ગૈર ની) ઈબાદત છે, જેવું કે આજના નામચીન મુસલમાનોની સ્થિતિ છે, જેમને તૌહીદના અકીદા તરફ બોલાવવામાં આવે તો તેને કબૂલ નથી કરતા, તેઓ એ ખોટા વહેમમા છે કે શિર્ક તો ફક્ત મૂર્તિઓ સામે સિજદો કરવાનું નામ છે, અથવા કોઈ બંદો કોઈના વિશે એમ કહે કે આ મારો મઅબૂદ છે.

તેમની સ્થિતિ તે વ્યક્તિની જેમ છે, જે શરાબનું નામ બીજું આપી તેને પીવે, જેનું વર્ણન આગળ થઈ ગયું છે, અલ્લાહ તઆલા કહે છે: (બસ ! તમે અલ્લાહ તઆલા

ની નિખાલસતાથી જ બંદગી કરતા રહો, તેના માટે જ દીનને નિખાલસ કરતા. (૨) યાદ રાખો ! ઈબાદત અલ્લાહ માટે જ ખાસ છે અને જે લોકોએ તેને છોડીને બીજાને કારસાજ બનાવી રાખ્યા છે, (તેઓ કહે છે) કે અમે તો તેમની બંદગી ફક્ત એટલા માટે કરી રહ્યા છિએ કે તેઓ અમને અલ્લાહ થી નજીક કરી દે, આ લોકો જેના વિશે વિવાદ કરી રહ્યા છે, તેનો નિર્ણય અલ્લાહ કરી દેશે અને અલ્લાહ જુઠા અને કૃતઘ્ની લોકોને હિદાયત નથી આપતો.(૩)) [અઝ્ ઝૂમર: ૨-૩], અને અલ્લાહ તઆલા એ કહ્યું: (આ જ અલ્લાહ છે, તમારા સૌનો પાલનહાર, તેની જ બાદશાહી છે, તેને છોડીને જેમને તમે પોકારો છો, તે તો ખજૂરના ઠળિયાના છોતરાંના પણ માલિક નથી. (૧૩) જો તમે તે લોકોને પોકારો, તો તેઓ તમારી પોકાર સાંભળી શકતા નથી અને જો સાંભળી પણ લે, તો તેનો જવાબ આપી શકતા નથી, પરંતુ કયામતના દિવસે તે તમારા શિર્કનો ઈન્કાર જ કરશે, અને અલ્લાહ જેવી કોઈ સાચી વાત તમને નહિ જણાવે. (૧૪)) [ફાતિર: ૧૩-૧૪]

૧- મુશરિક અને અન્ય કાફિર જેવું કે યહૂદી, ઈસાઈ, નાસ્તિક, મજૂસી અને તાગૂતી શક્તિઓ, જે અલ્લાહ ના નિયમો વિરુદ્ધ નિર્ણય કરે છે, અને અલ્લાહ ના આદેશોનો વિરોધ કરે છે, અને અલ્લાહ ના નિર્ણયથી ખુશ નથી થતા, તો જે વ્યક્તિ જાણવા છતાંય તેઓને કાફિર ન સમજે તો તે પોતે પણ કાફીર છે.

૨- જે વ્યક્તિએ શિર્કના આધાર પર જાદુ પોતે કર્યું અથવા જાણી લીધા પછી જાદુ કરનારને સાચો ગણ્યો તો તે કાફિર ગણાશે.

૩- એવો અકીદો રાખવો કે બીજી શરીઅત અથવા કાનૂન ઈસ્લામી શરીઅત કરતા સારી અને મહાન છે, અથવા કોઈ બીજાનો નિર્ણય અલ્લાહ ના રસૂલ કરતા વધુ સારો છે, અથવા કુરઆન અને હદીષ વિરુદ્ધ અન્યનો નિર્ણય લેવો જાઈઝ છે.

૪- રસૂલ થી દ્વેષ રાખવો, અથવા આપે દર્શાવેલ વાતો માંથી કોઈ વાતને નાપસંદ કરવી.

૫- જાણતા હોવા છતાંય દીનની કોઈ વાતનો મજાક કરવો [1].

૬- ઈસ્લામના વિજય અને પ્રગતિને નાપસંદ કરવી, અને તેની કમજોરી અને હાર પર ખુશ થવું.

૭- કાફિરો સાથે દોસ્તી અને તેમની મદદ કરવી અને મુસલમાનો વિરુદ્ધ જાણતા છતાંય તેમની મદદ કરવી કે કાફિરો સાથે દોસ્તી કરનાર તે લોકોમાં (કાફિરોમા) જ ગણવામાં આવશે.

૮- એવો અકીદો રાખવો કે મારી પાસે શરીઅત ઈસ્લામની હદ વટાવવાનો અધિકાર છે, જ્યારે કે કોઈ પણ બાબતમાં કોઈ વ્યક્તિને રસૂલ ની શરીઅત અથવા આદેશો વિરુદ્ધ હદ વટાવવાનો અધિકાર નથી.

૯- અલ્લાહ  તઆલા ના દીનથી મોઢું ફેરવવું, જે વ્યક્તિએ જાણવા છતાંય ઈસ્લામથી મોઢું ફેરવ્યું અર્થાત્ ન તો તેને સમજવા નું પ્રયાસ કર્યું  અને ન તો તેના પર અમલ કર્યો તો તે કાફિર છે.

૧૦- ઈસ્લામના કોઈ એવા આદેશનો ઈન્કાર કરવો જેના પર સૌ  એકમત હોય, અને તેનો હુકમ કોઈનાથી છુપાયેલો ન હોય, આ દરેક બાબતોની દલીલ કુરઆનમા વર્ણન કરવામાં આવ્યા છે.

## (૨) અભિપ્રાય આપવાની સ્વતંત્રતા:

ઈસ્લામે વિચાર કરવાની સંપૂર્ણ આઝાદી આપી છે, શરત એ છે કે તે વિચાર ઈસ્લામની શિક્ષા વિરુદ્ધ ન હોય, એક મુસલમાનને આદેશ આપવામાં આવ્યો છે કે તે સત્ય વાત કહેવામાં કોઈની ચિંતા ન કરે, તેને ઉત્તમ જિહાદ કહેવામાં આવ્યું છે, એવી જ રીતે તેને આદેશ આપવામાં આવ્યો છે કે પોતાના આગેવાનોને બેહતર મશવરા આપે, અને સારી વાતોની શિખામણ આપે, અને ખરાબ વસ્તુઓથી રોકે, અને બાતેલ લોકોનો

[1] ઉદહારણ તરીકે: અલ્લાહ કે તેના કોઈ પયગંબર અથવા દીન ના કોઈ આદેશ ની મશ્કરી કરવી.

વિરોધ કરે, અને તેમનાથી દૂર રાખે, અને **આ નિયમો** કોઈના વિચારને માન આપવા માટે સૌથી **સાર** છે,**અને** એવા વિચારો જે ઈસ્લામની શિક્ષા વિરુદ્ધ હોય તો તેમને જાહેર કરવાની પરવાનગી નથી, કારણકે આ તો સ્પષ્ટપણે વિદ્રોહ, નષ્ટતા અને સત્યની જળ કાપી નાખવી ગણાશે.

### (૩) વ્યક્તિગત આઝાદી:

અલ્લાહ તઆલા એ ઈસ્લામની શરીઅતમાં રહી મુસલમાનને વ્યક્તિગત આઝાદી આપી છે, એક મુસલમાન ભલેને તે સ્ત્રી હોય કે પુરુષ પોતાની બાબતોમાં સંપૂર્ણ અધિકાર ધરાવે છે, અને આ આપેલી આઝાદીના કારણે લે-વેચ, ભેટ, વકફ કરવું, માફી અને દરગુજર, એવી જ રીતે પુરુષ અને સ્ત્રીને લગ્ન માટે પસંદગી કરવા ની છૂટ અને અન્ય ઘણા દીની તેમજ દુન્યવી વસ્તુઓનો અધિકાર આપ્યો છે, તેના પર કોઈ જબરદસ્તી નથી કરી શકતું, હા, એક મુસલમાન સ્ત્રી કોઈ એવા વ્યક્તિ સાથે લગ્ન નથી કરી શકતી, જે દીનમા સરખો ન હોય, જેથી તેના અકીદા અને દીનની સુરક્ષા થઈ શકે, અને આ પાબંદી તેની સુરક્ષા અને તેના વંશ ની સુરક્ષા માટે છે.

સ્ત્રી નો વલી (નસબ પ્રમાણે સબંધમાં નજીકનો વ્યક્તિ અથવા તેનો નાયબ) જ તેના લગ્નનો જવાબદાર હશે, કારણકે સ્ત્રી પોતે જ પોતાનો લગ્ન નથી કરી શકિત, જેથી વ્યાભિચારી સ્ત્રી સાથે તેની સરખામણી ન થઈ જાય અને તેની હિફાજત અને તેની પવિત્રતા પર આંગળી ન ઉઠી શકે, જે વલી હશે, તે થનાર પતિને કહેશે કે મેં ફલાણીના લગ્ન તમારી સાથે કરાવી દીધા, તેના જવાબમાં તે બે સાક્ષીઓની હાજરીમાં કહેશે કે મેં કબૂલ કર્યું.

ઈસ્લામ એક મુસલમાનને પરવાનગી નથી આપતો કે તે શરીઅતની હદને ઉલ્લંઘન કરે, કારણકે તે અને સમગ્ર સૃષ્ટિ અલ્લાહ ની માલિકી હેઠળ છે, એટલા માટે શરીઅત ની હદમાં રહેતા અમલ કરે, જે શરીઅત ને અલ્લાહ તઆલા એ માનવતા માટે ખુશાલી અને તેમના અમનનું કારણ બનાવ્યું છે, જે તેના પર અમલ કરશે તો હિદાયત પર રહશે અને સફળ થશે, અને જે વ્યક્તિએ તેનો વિરોધ કર્યો તે બદનસીબ અને બરબાદ થશે, એટલા માટે અલ્લાહ તઆલા એ વ્યભિચાર, સમલૈંગિકતા, આત્મહત્યા અને

અલ્લાહ ના સર્જનમા ફેરફાર કરવાને હરામ ઠહેરાવ્યું છે. જ્યાં સુધી નખ કાપવા, મૂછો કતરાવવા, દુંટી નીચેના વાળ કાપવા, બગલના વાળ સાફ કરવા, અને ખતના કરવાનો સબંધ છે, તો તે એટલા માટે કરતો હોય છે કે અલ્લાહ તઆલા એ આદેશ આપ્યો છે.

ઈસ્લામે મુસલમાનોને અલ્લાહ ના દુશ્મનોની તે વસ્તુઓમાં સરખામણી કરવાથી રોક્યા છે, જે તેમની ખાસિયતો માં થી હોય, કારણકે જાહેરમાં સરખામણી કરવાથી અંદર પણ તેમની મુહબ્બત અને દિલનો એક લગાવ થઈ જતો હોય છે.

અને અલ્લાહ તઆલા એક મુસલમાનથી ઈચ્છે છે કે તે સાચો મુસલમામ બની ને રહે, તે કોઈના અભિપ્રાય અને વિચાર પર આધારિત ન હોય, એવી જ રીતે તે બીજા માટે સદાચારી આદર્શ વ્યક્તિ બનીને રહે, કોઈનો અનુસરણ કરવાવાળો ન હોય.

એવી જ રીતે ઇસ્લામ ઉદ્યોગ, વિકાસ અને તકનીકી કુશળતા અને નવી નવી વસ્તુઓ બનાવવી અને ઉચ્ચ શિક્ષણને પ્રાપ્ત કરવાનો આદેશ આપ્યો છે, અને બિન મુસ્લિમો દ્વારા ફાયદો ઉઠાવવા અને શીખવા માટે કોઈ વાંધો નથી ઉઠાવ્યો, કારણકે સાચે અલ્લાહ જ માનવીનો શિક્ષક છે, અલ્લાહ તઆલા કહે છે: (માનવીને તે શીખવાડયું, જે તે નહોતો જાણતો). [અલ્ અલક: ૫].

## (૪) રહણ સહણ ની આઝાદી:

અલ્લાહ તઆલા એ મુસલમાનોને ઘરમાં રહેતા સમયે આઝાદ રાખ્યો છે, કોઈ બીજા વ્યક્તિને તેની પરવાનગી વગર ઘરમાં નજર કરવા અથવા અંદર દાખલ થવાની પરવાનગી નથી આપી.

## (૫) કમાવવા માટે આઝાદી:

અલ્લાહ તઆલા એ મુસલમાનોને રોજી શોધવા, અને તેને ખર્ચ કરવા માટે શરીઅતના હદમાં રહી આઝાદી આપી છે, તેને કામ કરવા, કમાવવા, અને મહેનત અને

મજદૂરી કરવાનો આદેશ આપ્યો છે, જેથી તે પોતાની અને પોતાના સંતાનની જવાબદારી ઉઠાવી શકે, ઉપરાંત સારા અને ભલાઈના માર્ગમાં ખર્ચ કરવું જોઈએ,તેનાથી વિરુદ્ધ હરામ કમાણી જેવું કે વ્યાજ, જુગાર, લાંચ, ચોરી, જાદુની કમાણી, શરાબ વેચાણ, વ્યભિચાર, અશ્લિલતા, સજીવની ચિત્રકારી ની કમાણી [1], હરામ રમતગમતના સાધનોથી મળતી કમાણી, અને નૃત્ય અને ગીત દ્વારા પ્રાપ્ત થતી કમાણીને હરામ કરી છે, અને જેવી રીતે આ માર્ગની કમાણી હરામ છે એવી જ રીતે આ માર્ગમાં મદદ કરવી પણ હરામ છે, એટલા માટે એક મુસલમાન માટે જરૂરી છે કે તે ફક્ત ભલાઈના કામોમાં અને યોગ્ય માર્ગમાં જ ખર્ચ કરે, અને આ માર્ગદર્શન માનવી ની ભલામણ માટે સૌથી સાચો માર્ગદર્શન છે, જેથી તે હલાલ કમાણી દ્વારા માલદાર બની ખુશહાલ જીવન પસાર કરી શકે.

## ૯: પરિવાર માટે ઇસ્લામે સૂચવેલા નિયમો:

અલ્લાહ તઆલા એ ઈસ્લામ માં કુટુંબ વ્યવસ્થા ને સંપૂણ ગુણો સાથે તરતીબ આપ્યો છે, અને તે નિયમો એવા સંપૂર્ણ અને સચોટ તેમજ ફાયદારૂપ છે, જેના મુજબ અમલ કરવાથી દરેક પ્રકારની રાહત અને ખુશનસીબી પ્રાપ્ત થાય છે, નીચે તેના નિયમો અને ઉસૂલ વર્ણન કરવામાં આવી રહ્યા છે,

**માતાપિતાના હક:** અલ્લાહ તઆલા એ દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી પર માતાપિતા સાથે સારો વ્યવહાર અને તેમની સેવા તેમજ તેમનું અનુસરણ કરવું જરૂરી કરી દીધું છે, જેથી તેઓ તેમનાથી ખુશ રહે, કારણકે તેમની ખુશીમાં અલ્લાહ ની ખુશી છે, એવી જ રીતે માતાપિતાથી દુર રહેવાવાળા માટે તેમની વારંવાર મુલાકાત કરવી, તેમની સેવા કરવી, અને જો જરૂરતમંદ હોય તો તેમનો ખર્ચ ઉઠાવવો, અને તેમના માટે રહેવાની સગવડ કરવી જરૂરી છે, અને આવું કરવાથી સવાબ અને નેકીનું વચન આપ્યું છે, એવી જ રીતે અલ્લાહ તઆલા એ તે લોકો માટે અઝાબની ચેતવણી સંભળાવી છે,

---

[1] સજીવ ના બધાજ ચિત્ર ભલે તે હાથ વડે દોરેલ હોય કે લાકડા પર કોતરેલ હોય, અથવા માટી થી બનાવેલા હોય.

જેઓ માતાપિતાની અવજ્ઞા કરે છે, અને તેમની સેવા તેમજ જરૂરતની વસ્તુઓ પુરી પાડવામાં કચાસ રાખે છે.

**પતિપત્નીના હક:** અલ્લાહ તઆલા એ લગ્ન કરવાનો આદેશ આપ્યો છે, અને તેની હિકમત કુરઆન મજીદમાં તેમજ આપની પવિત્ર જબાન વડે વર્ણન અને સ્પષ્ટ કરેલ છે.

## લગ્ન ના આદેશ ની હિકતમો:

૧- લગ્ન કરવાથી પવિત્રતા અને ઈઝ્ઝતનું જીવન મળે છે, હરામ કાર્ય અને ખરાબ કૃત્યો કરવાથી (વ્યભિચાર( કરવાથી સુરક્ષિત રહે છે, અને ખરાબ નજરથી માનવી બચીને રહે છે.

૨- લગ્ન કર્યા પછી પુરુષ અને સ્ત્રી બન્નેને શાંતિ મળે છે, કારણકે અલ્લાહ તઆલા એ પતિપત્ની વચ્ચે મુહબ્બત રાખી છે.

૩- મુસલમાનોની સંખ્યામાં વધારો થાય છે અને એક પવિત્ર સમાજની રચના થાય છે.

૪- પતિપત્ની માંથી દરેક એકબીજાને કામ આવે છે, જ્યારે કે દરેક અલ્લાહ એ નક્કી કરેલ નિયમનું અનુસરણ કરે છે, જે દરેકની તબિયત પ્રમાણે હોય છે.

પુરુષ બહારની દુનિયા અને રોજી રોટી માટે જવાબદાર છે, અને સ્ત્રી ઘર અંદરના કામકાજ તેમજ ગર્ભ, જન્મ, બાળકોને દૂધ પીવડાવવું, તરબિયત, સફાઈ અને પાકી, ખાવાનું બનાવવું, વગેરે જેવી જવાબદારીઓ તેના પર હોય છે, અને જ્યારે પતિ થાકીને લોત પોત થઈ ઘરમાં પ્રવેશે, તો પત્ની તેના માટે શાંતિના સ્ત્રોત ઉભા કરે છે, તે પોતાના બાળકોથી સુકૂન અને શાંતિ પ્રાપ્ત કરે છે, અને દરેક થકાવટ, ચિંતા ભૂલી જાય છે, અને એવી જ રીતે તે ઘરમાં અમન અને શાંતિ નજર આવે છે. જો કોઈ જરૂરત અને યોગ્ય જગ્યા હોય તો સ્ત્રીઓ માટે કામ કરવું, અને સ્ત્રી માટે ઘરના ખર્ચ માટે પતિ સાથે

જવાબદારી સંભાળવી જાઈઝ છે, પરંતુ તેના માટે કેટલીક શરતો છે, જેમ કે સ્ત્રીની કામ કરવાની જગ્યા પુરુષની કામ કરવાની જગ્યાએથી અલગ હોવી જોઈએ, એવી જગ્યા કે બન્ને એકબીજા સાથે ભેગા ન મળી જાય, જેવું કે પોતાના ઘરમાં, અથવા પોતાના કોઈ બાગ અથવા ફાર્મ હાઉસમાં, વગેરે જેવી જગ્યાઓ છે, જેમાં બન્ને ભેગા નથી થતા, અને જ્યાં ભેગા થતા હોય જેવું કે ફેક્ટરી, અને દુકાન તેમજ ઓફીસોમાં, તો આવી જગ્યાએ તેને કદાપિ કામ કરવાની પરવાનગી નથી, અને ન તો તેના પતિ અથવા તેના ભાઈ અને માતાપિતાને અને સંબધીઓ ને હક છે કે તેને તેની પરવાનગી આપે, કારણકે આ વસ્તુ તેને પોતે ફિતનામા પડવા, અથવા બીજાને ફિતનામા પાડવા અને આખા સમાજમાં ફસાદ ફેલાવવા જેવું છે. સ્ત્રી જ્યાં સુધી પોતાના ઘરમાં સુરક્ષિત, પરદામાં અને શાંતિમાં રહે ત્યાં સુધી દુરાચારી લોકો હાથ નથી મારી શકતા, અને ગુનેગાર લોકો ખરાબ નઝર નથી કરી શકતા, પરંતુ તેના વિરુદ્ધ જ્યારે સ્ત્રી લોકો વચ્ચે નીકળી જાય છે, તો પોતાની કિંમતી વસ્તુ પવિત્રતા અને હયા ખોઈ નાખે છે, અને તે બકરીની જેમ થઈ જાય છે, જે જંગલી જાનવરની વચ્ચે ફસાઈ ગઇ હોય, પછી થોડીક જ વારમાં તેની પવિત્રતા, ઈઝ્ઝતના ચૂરે ચૂરા થઈ જાય છે. અને દુરાચારી લોકો તેની ઈઝ્ઝતને માટીમાં મેળવી દે છે. જો કોઈ વ્યક્તિ એક સ્ત્રી પર સંતોષ નથી પામતો તો અલ્લાહ  તઆલા એ તેને ચાર લગ્ન કરવાની પરવાનગી આપી છે, શરત એ છે કે તે તેણીઓ વચ્ચે ખર્ચ ઉઠાવવામાં, રહેઠાણમાં, અને રાત પસાર કરવામાં ન્યાય સાથે કામ લે, અને જ્યાં સુધી દિલની મુહબ્બતની વાત છે તો તેમાં ઈન્સાફ શરત નથી, કારણકે આ માનવીના હાથમાં નથી, કારણકે તે લાચાર છે, અને આ વસ્તુ માટે ઈન્સાફ કરવા પર અલ્લાહ  તઆલા એ ઈન્કાર કર્યો છે: (તમારાથી એવું તો ક્યારેય નહીં થઈ શકે કે પોતાની દરેક પત્નીઓમાં દરેક રીતે ન્યાય કરો) [અન્ નિસા: ૧૨૯], તે મોહબ્બત અને તેના પ્રત્યેના સ્ત્રોત છે, જેમાં ન્યાય ન કરવામાં આવે તો કોઈ વાંધો નથી, તેના પર માનવી કુદરત નથી ધરાવતો, અલ્લાહ તઆલા એ પયગંબરો માટે એક થી વધારે લગ્ન માટે પરવાનગી આપી હતી અને આ છૂટ તે દરેક વ્યકિત માટે છે, જે તેમની વચ્ચે ન્યાય કરવાની ક્ષમતા ધરાવતો હોય, કારણકે અલ્લાહ તઆલા  પુરુષ અને સ્ત્રીઓ માટે શું સારું છે અને શું ખરાબ છે, તે સારી રીતે જાણે છે, એટલા માટે એક તંદુરસ્ત વ્યક્તિ એટલી શારીરિક શક્તિ તો ધરાવતો હોય છે કે તે એક સમયે ચાર સ્ત્રીઓને એક સાથે રાખી શકે, અને તેમને ઈઝ્ઝત

આપી શકે, જો ઈસાઈ ના દીન પ્રમાણે એક પત્ની થી [1] લગ્ન જીવનને સીમિત કરી દેવામાં આવે, જેની પુષ્ટિ કેટલાક મુસલમાનો પણ કરતા હોય છે, **તો તેના કારણે નીચે વર્ણવેલ ખરાબીઓ જાહેર થઈ શકે છે.**

**પહેલી**: જો કોઈ વ્યક્તિ સાચો મોમિન અને ડરવાવાળો હશે તો આ નિયમ અને પાબંદીના કારણે પોતાને નિરાશ અને પોતાને વંચિત અનુભવશે, અને પોતાની જાઈઝ ઈચ્છાને પૂરા અને ખતમ કરવા માટે મજબૂર થઈ જશે, કારણકે એક પત્ની પોતાની રચનાના કારણે વિવિધ પ્રકારની સમસ્યાઓથી પસાર થતી હોય છે, જેવું કે ગર્ભ, હૈઝ, નિફાસ અને બીમારી વગેરે, જેમાં એક પતિ શારીરિક સંબંધ નથી બનાવી શકતો, તો તે સમયે પોતાને અલગ અને પત્ની વગરનો વિચાર કરે છે, આ ત્યારે જ્યારે કે પત્ની તેને પસંદ હોય, અને તે બન્નેની વચ્ચે મુહબ્બત અને પ્યાર કાયમ હોય, જો તેને પોતાની પત્ની સાથે મોહબ્બત અને લગાવ ન હોય તો મામલો વધુ ખરાબ છે.

**બીજી**: જો કોઈ વ્યક્તિ અલ્લાહ ની અવજ્ઞા કરતો હોય અને ખિયાનત કરતો હોય તો તે એવા સંજોગમાં વધુ ખિયાનત કરશે, અને પત્નીને નજર અંદાજ કરી વ્યભિચાર જેવો ખતરનાક ગુનોહ કરી લેશે, ઘણા લોકો જેઓ એક થી વધારે લગ્ન પર લાંબી લાંબી તકરીર અને અવરોધ પેદા કરે છે, અને પત્નીના અધિકાર માટે જાગૃત નજરે આવી રહ્યા છે, તેઓ પોતાના નિજી જીવનમાં વ્યભિચાર, અશ્લિલતામાં સપડાયેલા હોય છે, અને તેના કરતાં પણ વધારે ખતરનાક વાત એવી છે કે એક થી વધારે લગ્નનો વિરોધ કરનાર, તેના આદેશને જાણતા હોવા છતાંય કે અલ્લાહ એ તેની પરવાનગી આપી છે, તો તેનો વિરોધ કરનાર કાફિર ગણવામાં આવશે.

**ત્રીજું**: જો એકથી વધારે લગ્ન પર રોક લગાવીશુ તો ઘણી સ્ત્રીઓ પરિણીત જીવન અને સંતાન જેવી મોટી નેઅમતથી વંચીત થઈ જશે, જેથી એક પવિત્ર સ્ત્રી લાચાર બની જીવન પસાર કરશે, જ્યારે બીજી તરફ અમુક **સ્ત્રીઓ** ફિતના અને

---

[1] અલ્લાહ ના પયગંબર ઈસા - અલૈહિસ-સલામ - બહુપત્નીત્વ પર પ્રતિબંધ મૂક્યો ન હતો, પરંતુ ખ્રિસ્તીઓ પ્રતિબંધિત કર્યો છે,તેમની ઈચ્છાઓને અનુસરો.

અશ્લિલતા માં સપ્ળાઇ જાય છે અને પાપી વ્યક્તિઓ એના જીવન સાથે રમત કરતા હોય છે.

દરેક લોકો સારી રીતે જાણે છે કે દુનિયામાં દરેક સમયે સ્ત્રીઓની સંખ્યા પુરુષો કરતા વધારે હોય છે, કારણકે પુરુષ જ યુદ્ધમાં કામ આવે છે અને રોજીની શોધમાં વિવિધ પ્રકારના ખતરાઓનો સામનો કરી મૃત્યુની ગોદમાં જતા રહે છે, એવી જ રીતે દરેક લોકો પણ જાણે છે કે સ્ત્રી બાલિગ થયા પછી લગ્ન માટે કાબીલ થઈ જાય છે, પરંતુ ઘણા પુરુષ બાલિગ થયા પછી તરત જ પરિણીત જીવન સંભાળવાની શક્તિ નથી ધરાવતા, કારણકે તેમના શિરે મહોર અને પત્ની ના ખર્ચની જવાબદારી હોય છે... વર્ણવેલ કારણોથી સારી રીતે અંદાજો લગાવી શકાય છે કે ઇસ્લામે સ્ત્રી સાથે ઇન્સાફ઼ અને દયા કરી છે, જે લોકો એકથી વધારે લગ્નનો વિરોધ કરે છે તેઓ ખરેખર સ્ત્રીઓ, પયગંબરોની સુન્નતના દુશ્મન છે, કારણકે પયગંબરોએ પણ એકથી વધારે લગ્ન કર્યા છે, અને શરીઅતની હદમાં એકથી વધારે સ્ત્રીને અપનાવી છે.

રહી ચિંતા અને ગેરતની વાત, જે બીજી પત્ની આવવા પર પહેલી પત્ની અનુભવતી હોય છે, તો આ એક લાગણીની વાત છે, તેને શરીઅતના આદેશ પર પ્રાથમિકતા આપી શકતા નથી, હા એવું થઈ શકે છે કે લગ્ન પહેલા પત્ની પોતાના પતિથી એવી શરત લગાવી શકે છે કે તેના જીવનમાં તે બીજા લગ્ન નહિ કરે, અને આ શરત કબૂલ કરી લીધા પછી પતિએ તેની પાબંદી કરવી પડશે, પરંતુ જો શરત હોય છતાંય બીજા લગ્ન કરવાની ઈચ્છા જાહેર કરે તો પહેલી પત્નીને છૂટ આપવામાં આવી છે કે તે ચાહે તો તેની સાથે પરિણીત જીવનમાં રહે અથવા તો પછી અલગ થઈ જાય, અને આ પ્રમાણે પતિનો કોઈ હક નથી કે સ્ત્રીને આપેલી કોઈ પણ વસ્તુ પાછી લે.

તલાકની પરવાનગી: અલ્લાહ તઆલા એ તલાકની પરવાનગી આપી છે, અને તેની પરવાનગી એવી સ્થિતિમાં છે, જ્યારે પતિપત્ની વચ્ચે સખત વિવાદ થઈ જાય, અને બન્નેના સ્વભાવમાં કોઈ સમજોતા ન હોય, અને પ્યાર તેમજ મુહબ્બત ખતમ થઈ જાય, અને એકબીજા વચ્ચે કોઈ સંબંધ ન રહે, આવી પરિસ્થિતિમાં બન્નેને ખરાબ માહોલથી બચાવવા માટે ઈસ્લામ પરવાનગી આપે છે કે પતિપત્ની સારી રીતે

અલગ થઈ જાય, અને પછી નવેસર થી બીજા જીવન સાથીની શોધ કરે,**જેથી બન્ને અલગ અલગ ખુશાલ જીવન પસાર કરી શકે**, અને જો બન્નેનું મૃત્યુ ઈસ્લામ પર થાય તો આખિરતમાં પણ તેમને ખુશહાલી નસીબ થય[1].

## ૧૦: ઇસ્લામમાં સ્વાસ્થ્ય સંબંધિત વ્યવસ્થા:

શરીઅતે ઈસ્લામમાં દરેક ફાયદારૂપે તબીબી નુસ્ખા બતાવી દીધા છે, કુરઆન મજીદ અને આપ ﷺ એ ઘણી હદીષોમાં માનસિક અને શારીરિક બીમારીની શોધ અને તેની સારવારના કેટલાક તરીકા વર્ણન કર્યા છે, અલ્લાહ તઆલા કહે છે: (અને અમે કુરઆનમાં જે કઈ પણ ઉતારીએ છીએ તે તો મોમિનો માટે શિફા અને રહેમત છે) [અલ્ ઈસ્રા: ૮૨], આપ ﷺ એ કહ્યું- : (અલ્લાહ તઆલા જ્યારે કોઈ બીમારી ઉતારે છે, તો તેની સાથે તેની દવા પણ ઉતારે છે, તો કેટલાક લોકો તેની દવા સુધી પહોંચી જાય છે અને કેટલાક તેનાથી અજાણ રહે છે)[2].

અને આપ ﷺ એ કહ્યું- : (સારવાર કરતા રહો ! અને ખબરદાર ! હરામ વસ્તુઓથી સારવાર ન કરશો)[3]. ઈમામ ઈબ્નુલ્ કય્યિમ રહિમહુલ્લાહ એ પોતાની કિતાબ "ઝાદુલ્ મઆદ ફી હદ્યિ ખયરિલ્ ઈબાદ" માં નબવી સારવાર વિષય પર વિસ્તારપૂર્વક લખ્યું છે, આ કિતાબનું વાંચન કરવું જોઈએ, કારણકે ઈસ્લામ અને અંતિમ

---

[1] સદાચારી મુસ્લિમ સ્ત્રિઓ જેમનું લગ્ન નથી થયું અથવા તલાક થઈ ગયું છે ,એવી સ્ત્રિઓ ને જ્યારે અલ્લાહ જન્નત માં દાખલ કરશે તો તેમને પસંગી ની છૂટ આપવા માં આવશે અને તેવી જેમને પસંદ કરશે તેના સાથ રહશે,અને જે મુસ્લિમ પત્ની એક થી વધુ લગ્ન કરી છે તો તેણી દુનિયા માં સૌથી પ્રિય પતિ સાથે રહશે

[2] મુસનદ અહમદ: 1/377,413,453, સુનન ઈબ્ને માજાહ:3438, અને ઈમામ અલ્બનીએ આ હદીષ મે "સિલસિલા-સહીહહ્" (451) માં સહીહ કહ્યું છે.

[3] સુનન અબૂ દાઉદ:3874, અને ઈમામ અલ્બનીએ આ હદીષ ને "સહીહૂલ-જામેઅ"(1762) માં સહીહ કહ્યું છે

પયગંબર મુહમ્મદ ﷺ ના જીવન ચરિત્ર વિશે આ કિતાબ સૌથી સારી અને સ્પષ્ટ અને સાચી કિતાબો માંથી એક છે.

## ૧૧: રોજી, વેપાર, કારીગરી અને ખેતીવાડી:

અને લોકોને જે વસ્તુઓની જરૂરત છે, જેમ કે પાણી, ખોરાક, લોકોના ફાયદા, અને તે સંસ્થાઓ, જેઓ પોતાના શહેરોમાં અને ગામડામાં ખુશી, તેમની સાફસફાઈ, તેમનામાં ટ્રાફિક નિયમો, ધોખો અને જૂઠ વિરુદ્ધ યુદ્ધ, વગેરેથી સંબધ ધરાવે છે, તે દરેકનું વર્ણન ઇસ્લામમાં જોવા મળે છે.

## ૧૨: છુપાયેલ દુશ્મન અને તેનાથી સુરક્ષિત રહેવાના તરીકા:

અલ્લાહ તઆલા એ કુરઆન મજીદમાં મુસલમાનોના દુશ્મનોનું વર્ણન કર્યું છે, જે તેમના દીન અને દુનિયાની બરબાદીનુ કારણ બને છે; જ્યારે તેઓ તે દુશ્મનોનું અનુસરણ કરવા લાગે. તેમનાથી બચવા અને તેમની બુરાઈથી સુરક્ષિત રહેવાના તરીકા વર્ણન કર્યા છે. અને તે દુશ્મનો નીચે પ્રમાણે છે:

**પહેલો: ધૃતકારેલો શેતાન**: જે અન્ય દુશમનોને માનવી વિરુદ્ધ ઉકસાવે છે, અને તેણે જ આપણા માતાપિતા આદમ અને હવ્વાને જન્નતથી બહાર કર્યા, અને કયામત સુધી તેમની સંતાનનો કાયમી દુશ્મન બની ગયો, તે ખૂબ જ પ્રયત્ન કરે છે કે માનવીને પથભ્રષ્ટ કરી કુફ્ર અને શિર્કમાં સપડાવી દે, જેથી (અલ્લાહ ની પનાહ) તેઓ તેની સાથે જહન્નમમા જાય, અને જે વ્યક્તિ તેના કુફ્ર અને શિર્કમાં સપડાતો નથી તો તેને બુરાઈ અને ગુનાહમા નાખવાની કોશિશ કરે છે જેથી તે અલ્લાહ તઆલા ની નારાજગી અને અઝાબ તેમજ સજાનો હકદાર બને છે.

શેતાન એવુ સર્જન છે, જે માનવીની રગ રગમાં દોડે અને અસર કરે છે, તેમના હ્રદયમાં વસ્વસો નાખે છે, અને બુરાઈને તેની સામે સારી રીતે રજુ કરે છે, જેથી માનવી ધોખો ખાઈ પથભ્રષ્ટ થઈ જાય.

**શેતાનની યુક્તિઓથી બચવા માટેના નુસ્ખા**: જેવું કે અલ્લાહ તઆલા એ પોતે જ વર્ણન કર્યું કે જ્યારે કોઈ મુસલમાનને ગુસ્સો આવે અથવા કોઈ ગુનાહનો ઈરાદો કરે, તો :**"અઉઝુબિલ્લાહિ મિનશ્શય્તાનિર્ રજીમ"** (હું ધૃતકારેલા શેતાનથી અલ્લાહ ની પનાહ માંગુ છું) કહે, અને ગુસ્સા પર અમલ અને ગુનાહનું કામ ન કરે, અને એવું સમજે કે આ ગુનાહ પર ઉશ્કેરવાનું કામ તેના પ્રથમ દુશ્મન શેતાન તરફથી છે, જે તેની નષ્ટતા માટે તૈયાર રહે છે, પછી તેનાથી અળગા રહે તેમજ નફરત જાહેર કરે. અલ્લાહ તઆલા કહે છે: (યાદ રાખો ! શેતાન તમારો દુશ્મન છે, તમે પણ તેને દુશ્મન જ માનો, તે તો પોતાના જૂથને ફક્ત એટલા માટે જ બોલાવે છે કે તે સૌ જહન્નમમાં જનારા થઈ જાય) [ફાતિર: ૬].

**બીજો દુશમન: પોતાનું નફસ (મનેચ્છાઓ):** જેના કારણે માનવી સત્યનો ઈન્કાર અને તેને છુપાવે છે, અને પોતાના નફસની મનેચ્છાઓને અલ્લાહ ના આદેશ અને રસૂલ ની સુન્નતો પર પ્રાથમિકતા આપે છે, જઝબાત ને સત્ય અને ઈન્સાફ પર પ્રાથમિકતા આપવી પણ મનેચ્છાઓનું અનુસરણ કરવામાં ગણાશે, આ દુશમનથી સુરક્ષિત રહેવાનો નુસખો એ છે કે નફસના અનુસરણથી અલ્લાહ ની પનાહ માંગે, અને નફસનું અનુસરણ ન કરે, પરંતુ સત્ય અને હિદાયતના માર્ગને અપનાવે, અને તેના નિયમોનું પાલન કરે, ભલેને તેમાં કઠિનતા હોય અને દિલ નાપસંદ કરતું હોય, એવી જ રીતે શેતાનથી પણ અલ્લાહ ની પનાહ માંગવી જોઈએ.

**ત્રીજા દુશ્મન: નફસે અમ્મારહ**: જે માનવીને હંમેશા બુરાઈ પર ઉશ્કેરે છે, ક્યારેક માનવી પોતાના દિલમાં જે અયોગ્ય ઈચ્છાઓ જાહેર કરે છે, ઉદાહરણ તરીકે વ્યાભિચાર, અથવા શરાબ પીવું, અથવા કારણ વગર રમઝાનના રોઝા છોડવા, અથવા આ પ્રમાણેના અન્ય ગુનાહો કરવાની ઈચ્છા કરવી, જેને અલ્લાહ એ હરામ કર્યા છે, આ બધા જ નફસે અમ્મારહ તરફથી હોય છે, આ છુપાયેલા દુશ્મનથી છુટકારો મેળવવાનો તરીકો એ છે કે બંદો પોતાના નફસ્ અને શેતાનની યુકિતઓથી પનાહ માંગે, અને હરામ વસ્તુઓથી દૂર રહે, અને અલ્લાહ ની પ્રસન્નતા ઈચ્છતા આ ગુનાહોથી સંપૂર્ણ બચીને રહે, જે રીતે ઈચ્છા હોવા છતાંય નુકસાનકારક વસ્તુઓથી બચીને રહે છે, અને એવો

વિચાર કરે કે આ હરામ ઈચ્છાઓ નું સ્વાદ નજીકમાં જ નષ્ટ થઈ જશે, પરંતુ એનું ગુનો બાકી રહશે જેના પર અફસોસ અને ખેદ કરવો પડશે.

**ચોથો દુશમન: માનવીઓ માંથી શેતાન:**

અને આમજ તે ગુનેગાર લોકો છે, જે ધૃતકારેલા શેતાનના મદદગાર લોકો છે, જે ગુનાહ કરતા રહે છે, અને તેમની સાથે રહેવાવાળા લોકોને તેની તરફ બોલાવે છે, તેમની મજલિસો અથવા તેમનાથી દૂર રહી સુરક્ષિત રહી શકાય છે.

## ૧૩: જીવનનો સૌથી મોટો અને મહાન હેતુ શાશ્વત અને આનંદમય જીવનની તૈયારી :

તે ઉચ્ચ હેતુ, જેના કારણે અલ્લાહ તઆલા એ ઈન્સાનને પેદા કર્યા, તે હેતુ નષ્ટ થનારી દુનિયા અને તેનો રંગીન સામાન નહીં પરંતુ હંમેશા બાકી રહેવાવાળી ભવિષ્યની તૈયારી છે, જે મૃત્યુ પછી નસીબ થશે, જેને આપણે આખિરતનું જીવન કહીએ છીએ, એટલા માટે એક સાચો મુસલમાન દુનિયાના જીવનને આખિરતના જીવન સુધી પહોંચવા માટેનો સ્ત્રોત બનાવે છે, **અને આ દુનિયા** તેના માટે એક ખેતરની જેમ છે, એવું વિચારે છે, તેને જ પોતાના જીવનનો હેતુ નથી સમજતો.

અને તે અલ્લાહ ના આદેશોને યાદ રાખે છે. અલ્લાહ તઆલા કહે છે: (અમે જિનો અને માનવીઓ ને ફક્ત અમારી ઈબાદત માટે પેદા કર્યા છે) [અઝ્ ઝારિયાત: ૫૬], અને અલ્લાહ તઆલા કહે છે: (હે ઈમાનવાળાઓ ! અલ્લાહ થી ડરતા રહો અને દરેક વ્યકિત જોઈ લે કે તેણે કાલ (કયામત) માટે શું (સંગ્રહ) કર્યું છે. અને (દરેક સમયે) અલ્લાહ થી ડરતા રહો, અલ્લાહ તમારા દરેક કાર્યોથી ખબરદાર છે. (૧૮) અને તમે તે લોકો જેવા ન થઈ જાઓ જેઓ અલ્લાહ ને ભૂલી ગયા , તો અલ્લાહે તેમને એવી રીતે ભુલાવી દીધા કે તેઓ પોતાના અસ્તિત્વને જ ભૂલી ગયા અને આવા જ લોકો વિદ્રોહી છે. (૧૯) જહન્નમવાળાઓ અને જન્નતવાળાઓ સરખા નથી, જન્નતવાળાઓ જ (ખરેખર) સફળ છે). (૨૦) [અલ્ હશ્ર: ૧૮/૨૦], અલ્લાહ

તઆલા કહે છે: (બસ ! જેણે રજ બરાબર ભલાઈ કરી હશે, તે તેને જોઈ લેશે (૭) અને જેણે રજ બરાબર બુરાઈ કરી હશે, તેપણ તેને જોઈ લેશે. (૮)) [અલ્ ઝલ્ઝલહ: ૭-૮].

એક સાચો મોમિન આ પ્રમાણેની દરેક આયતો પર ચિંતનમનન કરતો હોય છે, જે આયતોમાં અલ્લાહ તઆલા એ ઈન્સાનના જન્મનો મકસદ અને હેતુ વર્ણન કર્યા હોય, અને તેનું ખરું ભવિષ્ય અને ખરેખર ઠેકાણાં તરફ ધ્યાન દોર્યું હોય, એટલા માટે એક સાચો મોમિન તે સાચી ભવિષ્યની તૈયારીમાં નિખાલસતા સાથે અલ્લાહ તઆલા ની ઈબાદત અને તેની ઈચ્છાઓ પ્રમાણે જીવન પસાર કરવામાં વ્યસ્ત હોય છે, જેથી દુનિયામાં અલ્લાહ ની પ્રસન્નતા અને આખિરતમાં જન્નતનો હકદાર બને, અલ્લાહ તઆલા આવા વ્યક્તિને દુનિયામાં શાંતિ ભર્યું જીવન આપે છે, તે અલ્લાહ ની સુરક્ષામાં રહે છે, અને અલ્લાહ ના નૂરથી જુએ છે અને તેની ઈબાદત તેમજ તેની સમક્ષ દુઆ કરી ખુશ થાય છે, અને અલ્લાહ તેનો ઝિકર કરવાથી તેના દિલ અને દિમાગને શક્તિ આપે છે.

અને વાતચીત તેમજ પોતાના વ્યવહારથી લોકો સાથે ભલાઈ કરે છે, જેથી લોકોની સારી દુઆઓ અને સારી ઈચ્છાઓ તેને પ્રાપ્ત થાય છે, જેના કારણે તેને વધુ ખુશી અને દિલની ઠંડક નસીબ થાય છે, બીજી તરફ તેનો સામનો કેટલાક એવા લોકો સામે થાય છે, જેઓ ઉપકાર ભૂલી જાય છે અને તેને તકલીફ આપે છે, તો પણ તે પોતાની ગુણવત્તા અને પ્રતિષ્ઠતા છોડતો નથી, કારણકે તેનો ધ્યેય અલ્લાહ ની પ્રસન્નતા પ્રાપ્ત કરવી અને સવાબ તેમજ નેકીનો હોય છે, એવી જ રીતે કેટલાક ઈસ્લામના દુશ્મનોને જુએ છે કે તેઓ ઈસ્લામનો મજાક ઉડાવતા હોય છે તો તેને પયગંબરોની સુન્નત સમજી ને સબર કરે છે, અને આ જોઈ ને ઈસ્લામથી સાચે મુહબ્બત અને સુન્નત તેમજ શરીઅતમાં વધારો થાય છે, એવી જ રીતે એક મોમિન હલાલ રોજી માટે મહેનત કરે છે, તે ઓફીસ, દુકાન, કારખાનું, અથવા ખેતીમા ખૂબ મહેનત કરે છે અને ધ્યાન કેન્દ્રિત કરી કામ કરે છે, જેથી પોતાનાથી ઈસ્લામને અને લોકોને ફાયદો પહોંચાડી શકે, અને કયામતના દિવસે પોતાના ઈખલાસ અને સારી નિયતના કારણે સવાબ અને નેકીનો હકદાર બને અને તેના દ્વારા પોતાના સંતાનની સુરક્ષા કરે અને ફકીર અને લાચારો પર

સદકો કરે, અને આ પ્રમાણે પ્રતિષ્ઠતા ભર્યું જીવન અને ઈઝઝત દાર જીવન પસાર કરે, અને એવી જ રીતે તે વ્યર્થ ખર્ચા વગર ખાય છે, પીવે છે, અને સૂઈ જાય છે, જેથી કરીને અલ્લાહ ની ઈતાઅત કરી તકવો પ્રાપ્ત કરી શકે, તે પોતાની પત્ની સાથે ભેગો થાય છે, જેથી તે પોતાને અને તેને પણ સુરક્ષિત રાખી શકે, અને એવા સંતાન પેદા કરે, જે અલ્લાહ ની ઈબાદત અને તેનું અનુસરણ કરતા હોય, અને તેમના જીવનમાં અથવા મૃત્યુ પામ્યા પછી દુઆઓ કરે, અને તેમના માટે સદકએ જારીયહનું કામ કરે, અને ઉમ્મતે મુહમ્મદીયહમાં વધારો થાય, અને એવી રીતે તે અલ્લાહ પાસે સવાબનો હકદાર બને, મુસલમાન અલ્લાહે આપેલ નેઅમતનો શુકર માને છે, જેના કારણે તેને ઈબાદત કરવામા મદદરૂપ થાય છે,અને તેને ફક્ત અલ્લાહ તરફથી વિચાર કરે છે, જેના કારણે તેને વધુ નેઅમતો આપવામા આવે છે, અને તેને સવાબ મળે છે, બીજી તરફ જ્યારે તેના પર મુસીબત, તકલીફ આવે છે તો જેવું કે ફકીરી, તંગી, બીમારી, ડર. વગેરે તો તેને અલ્લાહ તરફથી અજમાયશ સમજે છે, જેથી અલ્લાહ તઆલા તકદીર બાબતે તેનું ઈમાન જોઈ લે,(જો કે અલ્લાહ તઆલા દરેક વસ્તુને પહેલાથી જ સારી રીતે જાણે છે)[1], તો એક મોમિન સબર કરે છે અને તેને અલ્લાહ ની પ્રસન્નતાનું કારણ સમજી કબૂલ કરે છે, અને તેના વખાણ કરે છે, જેથી તે સબરનો સવાબ પ્રાપ્ત કરે, જે સવાબ તેના માટે નક્કી કર્યો છે, આવી રીતે મુસીબત તેના માટે સરળ બની જાય છે, અને તેને તે ખૂબ જ હસતા હસતા કબૂલ કરે છે, જેવી રીતે કોઈ બીમાર કડવી દવાને પોતાની સારવારનું કારણ સમજી પી જાય છે.

જો કોઈ મુસલમાન પોતાના જીવનને અલ્લાહ ના આદેશ મુજબ પસાર કરે તો અલ્લાહ ના રસૂલે પોતાના અમલ અને આદેશો થી સ્પષ્ટ કર્યું છે કે તેને ખુશહાલ જીવન આપવામાં આવશે, જેને કોઈ તકલીફ નુકસાન નથી પહોંચાડી શકતી, અને ન

[1] અલ્લાહ તેના બંદાઓને આદેશ આપે છે અને પ્રતિબંધિત કરે છે, જ્યારે કે તે પહેલા થી જાણે છે કે કોણ તેણી આજ્ઞા કરશે અને કોણ અજ્ઞાભાંગ કરશે, પરંતુ તેની કૃપા છે કે તેણે ઈચ્છયું કે બંદાઓ પણ (દુનિયા માં આવી ને ખરા કે ખોટા કર્યો કરી ને) જાણી લે કે અલ્લાહે એના સાથે અન્યાય નથી કર્યું અલ્લાહ તઆલાએ કહ્યું: "અને તારો રબ(સર્જનહાર) બંદાઓ પર અન્યાય કરતો નથી"(ફુસ્સિલત:46)

તો મૃત્યુ તેને ડગમગાવી શકે છે, અને તે દુનિયા અને આખિરત બન્નેમાં સફળ થશે, અલ્લાહ તઆલા કહે છે: (આખિરતનું ઘર અમે તેમના માટે બનાવ્યું છે, જેઓ ધરતી પર ઘમંડ નથી કરતા, ન ફિત્નો ઈચ્છે છે, (અને ઉત્તમ પરિણામ) તો ડરવાવાળાઓ માટે શ્રેષ્ઠ પરિણામ છે) [અલ્ કસસ: ૮૩], અલ્લાહ તઆલા એ સાચું કહ્યું: (જે વ્યક્તિ પણ નેક કાર્ય કરે, પછી તે પુરુષ હોય કે સ્ત્રી હોય, શરત એ કે તે મોમિન હોવા જોઈએ, તો અમે તેમને ખરેખર અત્યંત શ્રેષ્ઠ જીવન આપીશું અને આખિરતમાં તેમના સત્કાર્યોનો ઉત્તમ બદલો પણ તેમને જરૂર આપીશું) [અન્ નહલ: ૯૭]. ઉપરોક્ત આયતોમાં અને આ પ્રમાણેની દરેક આયતોમાં અલ્લાહ તઆલા ખબર આપે છે કે તે નેક વ્યક્તિને ભલેને તે પુરુષ હોય કે સ્ત્રી તે દરેક નેક કામો પર ઉત્તમ બદલો આપશે, જે તેની પ્રસન્નતા ખાતર કર્યા હશે, અને આ બદલો અલ્લાહ તઆલા દુનિયામાં ઉત્તમ જીવન આપે છે અને આખિરતમાં જન્નતની નેઅમતો આપી ને આપશે, જે હમેશા બાકી રહેવાવાળી છે, આપ ﷺ કહે છે: (મોમિનની સ્થિતિ પણ અનોખી હોય છે, તેના દરેક કામમાં ભલાઈ હોય છે, અને આ ફક્ત મોમિન વ્યક્તિ માટે જ છે, જ્યારે તેને કોઈ ખુશી પહોંચે છે તો તે તેના પર અલ્લાહ નો શુકર કરે છે અને તે તેના માટે શ્રેષ્ઠ છે અને જ્યારે તેને કોઈ તકલીફ પહોંચે છે તો તે તેના પર સબર કરે છે અને તે પણ તેના માટે શ્રેષ્ઠ છે[1].

વર્ણવેલ દરેક વાતોથી સ્પષ્ટ જાણવા મળે છે કે ઈસ્લામ જ એક એવો દીન છે, જે પ્રકૃતિ મુજબ છે, અને સારા અને ખરાબનું સાચું માપ છે, અને તે મધ્યમ અને સંપૂર્ણ દીન છે, અને તે સિવાય દરેક રાજકીય, સામાજિક અને શિક્ષણ ના કાનૂન અધૂરા છે, અને તે દરેક કાનૂનને ઈસ્લામ પ્રમાણે તપાસ કરવી જોઈએ અને તેના પ્રમાણે કામ કરવું જોઈએ, અને દરેક નિયમ, સિદ્ધાંતો, કાનૂન બનાવતા પહેલા સૌ પ્રથમ ઈસ્લામને ગાઈડ લાઈન રૂપે ઉપયોગ કરવો જોઈએ, તેના વગર કોઈ પણ નિયમ અથવા કાનૂનની સફળતા અશક્ય છે, જો કે તેને અપનાવનાર માટે દુનિયા અને આખિરત બન્નેમા દુર્ભાગ્યનું કારણ બનશે.

[1] મુસ્લિમ:2999, મુસનદ અહમદ:4/332, સુનન દરમી:2777

# પાંચમો ભાગ

# કેટલીક શંકાસ્પદ વસ્તુઓના જવાબ

## પ્રથમ: જે લોકો ઈસ્લામ ની છબી લોકો વચ્ચે બગાડે છે તે બે પ્રકાર ના છે

**પહેલો પ્રકાર**: આ તે લોકો છે, જેઓ પોતાને મુસલમાન કહે છે, અને મુસલમાન સમાજમાં દાખલ થવાનો દાવો પણ કરે છે, પરંતુ પોતાની વાતો અને અમલથી ઈસ્લામ વિરુદ્ધ કામ કરે છે, અને એવા ખરાબ કાર્યો કરતા હોય છે, જેનો થોડોક પણ સંબંધ ઈસ્લામ સાથે નથી, ખરેખર આ લોકો ઈસ્લામને માનવાવાળા નથી, અને ન તો તેમને ઈસ્લામ તરફ સંબોધિત કરવા યોગ્ય છે, અને તેમનામાં પણ કેટલાક પ્રકાર છે:

(૧) જે લોકોના અકીદામાં ખરાબી હોય છે: અને તે લોકો કબરોનો તવાફ કરે છે, અને કબર વાળા પાસે પોતાની જરૂરત માંગતા હોય છે, અને તેમને ફાયદો અથવા નુકસાન પહોંચાડનાર ગણતા હોય છે... [1].

(૨) જે લોકોના અમલ કરવામાં ખરાબી હોય છે:

જે ફરજ કાર્યો છોડી દે છે, અને હરામ કામ કરતા હોય છે, જેવી રીતે કે વ્યાભિચાર, શરાબ પીવું, વગેરે. અને અલ્લાહ ના દુશ્મનોથી મુહબ્બત કરતા હોય છે, અને તેમની નકલ કરતા હોય છે.

(૩) આ તે લોકો છે, જેમના અકીદા કમજોર છે, અને ઈસ્લામી શિક્ષાઓને સંપૂર્ણ રીતે નથી માનતા, અને કેટલાક જરૂરી કામોમાં આળસ કરે છે, પરંતુ સંપૂર્ણ રીતે નથી છોડતા, એવી જ રીતે કેટલાક હરામ કામ પણ કરે છે, જે કૂફર અને શિર્ક સુધી નથી પહોંચાડતા, અને કેટલીક ખરાબ આદતો તેમનામાં હોય છે, ઈસ્લામે તેને હરામ અને કબીરહ ગુનાહ ગણાવ્યા છે, ઉદાહરણ તરીકે, વચનભંગ, દ્વેષ, હસદ, વગેરે .. તો આવા લોકો ઈસ્લામને જાણી જોઈને અથવા અજાણતામા નુકસાન પહોંચાડી રહ્યા છે, કારણકે ઈસ્લામી શિક્ષાથી અજાણ એક બિન મુસ્લિમ એમ સમજતો હોય છે કે ઈસ્લામ આ પ્રમાણેની ખરાબ આદતોની પરવાનગી આપે છે.

**બીજો પ્રકાર**: આ તે લોકો છે, જેઓ ઈસ્લામ સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ રાખવા નથી માંગતા, અને ઈસ્લામના સખત દુશ્મન છે, અને તેનાથી સ્પષ્ટ દ્વેષ રાખે છે, અને તેને નુકસાન પહોંચાડવા માટે હંમેશા તૈયાર રહે છે, મુશ્રિકીન અને ઈસાઈ સંસ્થાઓ અને યહૂદી મિશનિરી, અને એ પ્રમાણે બીજા લોકો, જેઓ ઈસ્લામના ઝડપથી ફેલાવવા અને તેની અસામાન્ય શિક્ષાઓ અને દીને ફિતરત હોવાના [2] કારણે દિલમાં

---

[1] જેમ કે ખવારીજ: જે લોકો નિર્દોષ લોકો ને ઈસ્લામ ના નામ થી મારે છે, મોટા ભાગે તેઓ ઈસ્લામ ના શત્રુ હોય છે.

[2] છેલ્લા પયગંબર મુહમ્મદ ﷺ નું ફરમાન છે:" દરેક બાળક ઈસ્લામ ની આત્મા સાથે જન્મે છે, પરંતુ તેના માતા પિતા તેને યહૂદી કે ખ્રિસ્તી,પારસી અથવા અન્ય ધર્મ નું માનનાર બનાવી દે

દ્વેષ અને નફરત રાખે છે, જેથી બિન મુસ્લિમ માનસિક પરેશાની અને દબાવમાં રહે છે, અને પોતાના પૂર્વજોના દીનથી અશાંત રહે છે, કારણકે તેણે ફિતરી દીનનો સ્વીકાર નથી કર્યો, અને તેના વિરુદ્ધ જીવન પસાર કરી રહ્યા છે, તેના વિરુદ્ધ એક મુસલમાન પોતાના દીનથી ખુશ થઈ શાંતિ ભર્યું જીવન પસાર કરી રહ્યો છે, કારણકે તેણે અલ્લાહ એ નક્કી કરેલ દીનનો સ્વીકાર કર્યો છે, જે તેની ફિતરત પ્રમાણે છે, એટલા માટે જ કોઈ પણ યહૂદી અથવા ઈસાઈ પરંતુ કોઈ પણ બાતેલ દીન અપનાવેલ વ્યક્તિને અમે કહીએ છીએ કે તમારા બાળકો તો ઈસ્લામી સ્વભાવ પર પેદા થાય છે, પરંતુ કૂફર પર ખોટી તરબીયત કરી તમે તેઓને ઈસ્લામથી દુર કરી બાતેલ દીન પર લગાવી દો છો.

સખત હસદ અને દ્વેષ રાખનાર મુસ્તશ્રીકીન, અને મિશનરીઓએ જાણી જોઈને મુહમ્મદ ﷺ પર જુઠાણું બાંધ્યું છે:

૧- ક્યારેક તો આપ ﷺ ની પયગંબરીને જૂઠલાવે છે.

૨- અને ક્યારેક આપ ﷺ નું અપમાન કરે છે, જો કે આપ ﷺ ની જાત અલ્લાહ તઆલા તરફથી દરેક શારીરિક અને **અખલાકી** ખામીઓથી પાક છે.

3- ઈસ્લામના કેટલાક શંકાસ્પદ આદેશોને બદલી, જો કે તે આદેશો પણ ન્યાયપૂર્વક અને બધું જ જાણનાર અલ્લાહ તઆલા એ આદેશ આપ્યા છે, એવા આદેશો દ્વારા તેમનો મકસદ લોકોને પથભ્રષ્ટ કરવાનો હોય છે-

પરંતુ દરેક વખતે અલ્લાહ તઆલા તેમની યુક્તિઓને નાકામ બનાવી દે છે, કારણકે તેઓ સત્યનો મુકાબલો કરી રહ્યા હોય છે, અને સત્ય હંમેશા બુલંદ રહે છે, હારતું નથી- અલ્લાહ તઆલા કહે છે: (તે ઈચ્છે છે કે અલ્લાહ ના પ્રકાશને ફૂંક મારીને ઓલવી

---

છે"(બુખારી:1292), મુસ્લિમ(2658), આ હદીષ માં પયગંબર મુહમ્મદ ﷺ ખબર આપી કે માણસ ઈસ્લામ ધર્મ મુજબ જન્મે છે; એમ કે જો તેને સ્વતંત્ર મુકી દેવા મા અવે તો તે સંકોચ વિના ઈસ્લામ ધર્મ ને પસંદ કરશે, અને બાળક યહૂદી કે ખ્રિસ્તી, પારસી અથવા અન્ય કોઈ ધર્મ ને સ્વીકારે છે તો તેનું કારણ માતા પિતા અને ખોટી શિક્ષા છે.

દે અને અલ્લાહ પોતાના પ્રકાશને પૂરું કરીને જ રહેશે, ભલેને કાફિરોને ખરાબ લાગે (૮) તે જ છે, જેણે પોતાના પયગંબરને હિદાયત અને સાચો દીન આપીને મોકલ્યા, જેથી તેને દરેક દીન પર વિજેતા બનાવી દે, ભલેને મુશરિક લોકો રાજી ન હોય. (૯)) [અસ્ સફ્ફ: ૮-૯].

## બીજું: ઈસ્લામના મસ્દર (સ્ત્રોત):

જ્યારે કોઈ વ્યક્તિ ઈસ્લામ દીનની સત્યતા જાણવા ઈચ્છતો હોય તો તેણે ઈસ્લામને જાણવા માટે સૌ પ્રથમ કુરઆન મજીદનું વાંચન કરવું જોઈએ, પછી અલ્લાહ ના રસૂલ ની હદીષોનું વાંચન કરવું જોઈએ, અને ખાસ કરીને સહીહ બુખારી, સહીહ મુસ્લિમ, મુઅત્તા ઈમામ માલિક, મુસ્નદ ઈમામ અહમદ બિન હન્બલ, સુનન્ અબૂ દાઉદ, સુનન્ તિર્મિઝી, સુનન્ નસાઈ, સુનન્ ઈબ્ને માજહ, અને સુનન્ દાર્મી, વગેરે હદીષની કિતાબોનું વાંચન કરવું જોઈએ, એવી જ રીતે સિરતે ઈબ્ને હિશામ, તફ્સીર ઈબ્ને કષિર, એવી જ રીતે ઈમામ ઈબ્નુલ્ કય્યિમ રહિમહુલ્લાહ ની કિતાબ "ઝાદુલ્ મઆદ ફી હદ્યિ ખયરિલ્ ઈબાદ" નું વાંચન કરવું જોઈએ, તે સિવાય ઈસ્લામની સચોટ રીતે સમજાવનાર આલિમો ઉદાહરણ તરીકે, શેખુલ્ ઈસ્લામ ઈબ્ને તૈયમિયહ રહિમહુલ્લાહ અને ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ રહિમહુલ્લાહ ની કિતાબો પઢવી જોઈએ, તે જ ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ, જેમના દ્વારા અને અમીરુલ્ મુવહહદીન મુહમ્મદ બિન સઉદની મદદથી બારમી સદી ઈસ્વીમાં અલ્લાહ તઆલા એ સંપૂર્ણ અરબ દેશમાં અને અન્ય શહેરોમાં પણ તૌહીદ ફેલાવી, અને શિર્ક અને બિદઅતને નેસ્ત અને નાબૂદ કર્યા, અને અલ્લાહ ની તૌફીકથી આજ સુધી તેની સારી અસર જોવા મળી રહી છે.

મુશતશ્રિકીન અને ઘણા પ્રખ્યાત ઈસ્લામી સંસ્થાઓની તે કિતાબો જે ઈસ્લામી શિક્ષાઓનો વિરોધ કરે છે, અને સહાબા તેમજ નેક લોકોને ગાળો આપે છે, અથવા નિષ્ણાંત આલિમો ઉદાહરણ તરીકે અલ્લામહ ઈબ્ને તૈયમિયહ, અલ્લામહ ઈબ્નુલ્ કય્યિમ અને ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ વિરુદ્ધ જુઠાણું બાંધે છે,

અને તેમની ઈઝઝતમાં અલગ અલગ પ્રકારની શંકાસ્પદ વાતો કરે છે, તો આવા લોકોની કિતાબો વાંચવાથી દૂર રહેવું જોઈએ, કારણકે તે ગુમરાહી તરફ લઈ જાય છે.

## ત્રીજું: ઈસ્લામના ફિકહી મઝહબો (દીન ની સમજૂતી માં તફાવત ના કારણે)

દરેક મુસલમાનનો એક જ દીન છે, અને તે છે, ઈસ્લામ, જેને સમજવા માટે કુરઆન મજીદ અને અલ્લાહ ના રસૂલ ની સુન્નત છે, અને જે ઈસ્લામની સમજુતી રજૂ કરનાર વિખ્યાત આલિમો, જેવા કે ચાર મંતવ્યો, હન્બલી, માલિકી, શાફ્ઈ, અને હનફી તો આ મદરસા છે, જેમાં ઉપરોક્ત આલિમોએ પોતાના મદરસામાં પોતાના વિદ્યાર્થીઓને શિક્ષા આપી હતી, તે દરેક મદરસાનું મૂળ કુરઆન અને હદીષ છે, અને તેમની વચ્ચે જે થોડોક વિવાદ છે, તો તે ફુરુઈ મસાઇલ (પેટા સમસ્યાઓ)માં જોવા મળે છે, અને પોતે ઈમામોને પોતાના વિદ્યાર્થીઓને શિક્ષા આપી હતી કે જે વાત કુરઆન અને સુન્નત પ્રમાણે હોય તેનો સ્વીકાર કરી લેવામાં આવે, ભલેને તેમના વિરુદ્ધ કોઈ પણ હોય.

મુસલમાન આ મસ્લક માંથી એક પણ મસ્લકનો પાંબદ નથી, પરંતુ કુરઆન અને સુન્નતનું અનુસરણ  કરવું તેના માટે જરૂરી છે,અને જે લોકો આ મસ્લકો તરફ ખોટી વાતો ની  નિસબત કરી છે જેમ કે: દરગાહો તેમજ કબરોની મુલાકાત કરી ને તેમના દ્વારા પોતાની જરૂરિયાત રજૂ કરવી, અને અલ્લાહ ના નામ અને ગુણોમાં ખોટી સમજુતી વર્ણન કરવી, તો આ લોકો તે ઈમામોનો વિરોધ કરી રહ્યા છે, કારણકે ઈમામોના અકીદા સલફ સલેહીન ના અકીદા પ્રમાણે જ હતા, જેમનું વર્ણન આગળ ફિરકએ નાજીયામાં વર્ણન થઈ ગયું છે.

## ચોથું: એવા જૂથો જેમનો સંબંધ ઈસ્લામથી નથી:

દુનિયામાં કેટલાક એવા જૂથો છે, જેઓ પોતાના બાતેલ અકીદા અને પથભ્રષ્ટ વિચારના કારણે ઈસ્લામથી તેમનો કોઈ સંબંધ બાકી રહ્યો નથી, તો પણ તેઓ પોતાની નિસબત ઈસ્લામ તરફ બતાવે છે, પરંતુ ખરેખર તેમનો સંબધ ઈસ્લામ સાથે કઈ નથી, તેમના અકીદા કુફ્રના અકીદા છે, આ લોકો અલ્લાહ ની આયતો અને તૌહીદનો ઈન્કાર કરે છે, કેટલાક ફિરકા નીચે પ્રમાણે છે:

## ૧- બાતિની ફિરકો: [1]

આ જૂથ હુલૂલ અને તનાસુખે અરવાહને માનનારો છે,જે એવો અકીદો રાખે છે કે આયતોનો એક જાહેરી અર્થ હોય છે અને બીજો અંદરનો અર્થ હોય છે, જાહિરી અર્થ એ જે આપ ﷺ એ વર્ણન કર્યું, અને દરેક મુસલમાન તેના પર એકમત છે, અને અંદરનો એક અર્થ તેની વિરુદ્ધ છે, જે પોતાની મનેચ્છા પ્રમાણે પોતે કરી શકે છે આ જૂથની શરૂઆત જ્યારે ઈસ્લામ પોતાના પ્રચારના પ્રગતિ પર હતો, અને યહૂદી અને મજૂસી અને ફ્રાન્સમાં રહેતા ફલસફો વર્ણન કરનાર એક જૂથ ઈસ્લામને નુકસાન પહોંચાડવા, અને મુસલમાનોમાં વિવાદ અને નિફાક પેદા કરી ઈસ્લામને નાબૂદ કરવાના હેતુથી એક મસલક (મંતવ્ય) તૈયાર કર્યો, જેના કારણે કુરઆનની આયતોમાં પોતાની મનમાની કરી સમજુતી વર્ણન કરવામાં આવે, અને એવી રીતે મુસલમાન એકબીજા સાથે લડાઈ કરે, અને એવી જ રીતે અહલે બૈત સાથે દોસ્તી અને મુહબ્બતની આડમાં એક નવો મસલક ઉભો કર્યો, અને પોતાને તેમના શુભેચ્છુક અને વફાદાર ગણાવ્યા, જેથી લોકોની હમદર્દી પ્રાપ્ત કરી શકે, અને આવી રીતે અજ્ઞાની લોકોની એક મોટી સંખ્યા તેમની સાથે જોડાઈ, જેઓએ તે લોકોને ગુમરાહ કરી દીધા.

---

[1] બાતિનિય્યહ: ના ઘણા શીર્ષકો છે, અને તેઓ ભારત, સિરિયા, ઈરાન ઈરાક અને ઘણા દેશો માં પખળાયેલા કેટલાક સંપ્રદાયોમાં વિભાજીત છે, જેનું વિગતવાર ઉલ્લેખ પહેલા ના લેખકો માં શહરિસ્તનીએ પોતા ની કિતાબ "અલ-મિલલ વન-નિહલ" માં અને બાદ ના લેખકો માં મુહમ્મદ સઈદ કીલાનીએ "અલ-મિલલ વન-નિહલ" ના ફૂતનોટ માં અને જામીઆ ઈસ્લામીઆ મદીના મુંવ્વરહ ના ઉસ્તાદ શૈબહ અલહમદે" "અલ-અદયાન વલ-ફિરક" માં કર્યું છે, અને લેખકોએ અમુક નવા સંપ્રદાયો ના પણ ઉલ્લેખ કર્યું છે જેમ કે: કદીયાની અને બહાઈ સંપ્રદાય.

## ૨- કાદયાની ફિરકો:

તે ગુમરાહ અને બાતેલ ફિરકાઓ માંથી એક કાદયાની પણ છે, જે ગુલામ અહમદ કાદયાની તરફ નિસબત કરે છે, જેણે નુબુવ્વતનો દાવો કર્યો, ગુલામ અહમદ કાદયાનીને અંગ્રેજોએ  સંપૂર્ણ રીતે પોતાના હેતુ અને મકસદ માટે ઉપયોગ કર્યો, જેથી તે અને તેના અનુયાયી બરતાની હુકૂમતમાં તેના ચેલા બનીને રહ્યા અને તેઓ તેમને ઘણા ઈનામો આપતા રહ્યા, અને ખૂબ દાન કરતા રહ્યા, અજ્ઞાની લોકોનું એક મોટો જૂથ તેના વિચારનો સ્વીકાર કર્યો, કાદયાની લોકો પોતાને મુસ્લિમ જ કહેતા હતા પરંતુ ખરેખર તેઓ ઈસ્લામને નાબૂદ કરવા માંગતા હતા, અને ખૂબ ભાગદોડ લગાવી લોકોને ઈસ્લામ થી દુર કરતા હતા, 'ગુલામ અહમદ કાદયાનીએ' “બરાહીને અહમ્મદિયા” નામથી એક કિતાબ લખી, જેમાં જાહેરમાં તેણે પયગંબરીનો દાવો કર્યો છે, અને ઈસ્લામી દલીલોનો ફેરફાર કર્યો હતો, અને તેણે એ પણ દાવો કર્યો કે જિહાદ ઈસ્લામ માંથી નીકળી ગયું છે, અને દરેક મુસલમાનોએ અંગ્રેજોના હાથ પર બૈઅત કરી લેવી જોઈએ, અને તેમના વફાદાર બની જવા જોઇએ, અને તે જૂઠા વ્યક્તિએ 'તિરયાકુલ્ કુલુબ' ના નામથી એક બીજી કિતાબ લખી જે આ પ્રમાણેની ગુમરાહ વાતોથી ભરેલી હતી, આ દજ્જાલ ઘણા લોકોને ગુમરાહ કરી, ૧૯૦૮ ઈ.સ માં મૃત્યુ પામ્યો, અને પોતાનો નાયબ હકીમ નુરુદ્દીન નામના ગુમરાહ વ્યક્તિને બનાવી ગયો.

## ૩- બહાઈ ફિરકા:

આ ફિરકો પણ બાતેલ ફિરકાની એક શાખ છે, જેનો ઈસ્લામથી કોઈ પણ સંબંધ નથી, ઓગણીસમી સદીની શરૂઆતમાં ઈરાનના અલી મુહમ્મદ  નામના વ્યક્તિએ અને બીજા એક મંતવ્ય પ્રમાણે મુહમ્મદ  અલી શેરાઝી નામના વ્યક્તિએ તેની બુનિયાદ નાખી, આ વ્યક્તિનો આ પહેલા શિયા ઈષ્ના અશરિય્યા ફિરકા સાથે સંબધ હતો, પરંતુ થોડાક સમય પછી તેમનાથી અલગ થઈ ગયો અને નવા દીનની બુનિયાદ નાખી, અને જે મહદીની વાટ જોવામાં આવી રહી છે, તેનો દાવો કર્યો, પછી થોડાક સમય પછી એ દાવો કર્યો કે અલ્લાહ  તઆલા  તેની અંદર હુલૂલ (પ્રવેશ) કરી ગયો છે, અને તે લોકોનો ઈલાહ બની ગયો, (અલ્લાહ  તઆલા  તેના નામ, જાત અને ગુણોમાં પાક અને સાફ અને આ પ્રમાણેની વ્યર્થ વાતોથી પવિત્ર છે). પછી તે વ્યક્તિએ મૃત્યુ પછી ફરીવાર જીવિત થવા

અને કયામતના દિવસથી હિસાબ અને કિતાબ જન્નત અને જહન્નમ અને આખિરતની અન્ય વસ્તુઓનો ઈન્કાર કર્યો, અને ઈબાદતનો તરીકો હિંદુઓ અને બૌધ ધર્મની જેમ અપનાવ્યો, પછી વહદતે અદયાન (બધા ધર્મો એક જ છે) વિચાર ધારણાનો પ્રચારક બની ગયો, અને એવું કહેવા લાગ્યો કે યહૂદીયત, ઈસાઈયત અને ઈસ્લામ દીનમાં કોઈ તફાવત નથી, પરંતુ આ ત્રણેય દીન એક જ દીન છે, થોડાક સમય પછી રસૂલ ﷺ ની પયગંબરી અને રિસાલત તેમજ ઘણા ઈસ્લામી આદેશોનો પણ ઈન્કાર કરવા લાગ્યો, તેના મૃત્યુ પછી 'બહા' નામનો વ્યક્તિ તેનો નાયબ બન્યો, જેણે તેના ફિરકાનો ખૂબ પ્રચાર કર્યો, અને અજ્ઞાની લોકોની એક મોટી સંખ્યાને ગુમરાહ કરી તેના અનુયાયી બનાવ્યા, અને થોડાક સમય પછી આ ફિરકો તેના બહાઈયત નામથી જ ઓળખાયો.

૪- જે જૂથનો ઈસ્લામથી કોઈ સંબધ નથી તેમાંથી એક તે પણ છે, જે ઈસ્લામનો દાવો કરે છે, નમાઝ પઢે છે, રોઝા રાખે છે, અને હજ વગેરે કરે છે, પરંતુ તેમનો એવો બાતેલ અકીદો છે કે જિબ્રઈલે પયગંબરી આપ ﷺ સુધી પહોંચાડવામાં ખિયાનત કરી છે, અને તેમણે અલી રઝિયાલ્લહુ અંહુ ના બદલામાં મુહમ્મદ ﷺ તરફ પયગંબરી પહોંચાડી દીધી, આ ફિરકાના કેટલાક લોકોનું કહેવું છે કે અલી રઝિયાલ્લહુ અંહુ. જ અલ્લાહ છે, તેઓ અલી રઝિયાલ્લહુ અંહુ ને, તેમના સંતાનોની, તેમના કબીલાની, તેમની પત્ની ફાતિમા રઝિયાલ્લહુ **અંહા** અને ખદિજા રઝિયાલ્લહુ અંહા માન મરતબા કરવામાં ગુલૂ (અતિશય વધારો) કરે છે, જો કે અલ્લાહ સાથે તેમણે પણ મઅબુદ ગણાવી દીધા છે, જેમને તેઓ પોકારે છે, અને સાથે સાથે એવા અકીદા પણ રાખે છે કે આ લોકો ભૂલ ચૂક નથી કરી શકતા, અને અલ્લાહ ની નજીક તેમનું પદ પયગંબરના પદ કરતા પણ વધારે છે.

**આ લોકો કહે છે** કે તે કુરઆન મજીદ જે હાલ મુસલમાન કોમ પાસે છે, તે ખરેખર કુરઆન નથી, પરંતુ તેમાં વધઘટ કરી દેવામાં આવી છે, એટલા માટે તે લોકોએ તેમનું કુરઆન બીજું સમજી રાખ્યું છે, જેમાં તેમના તરફથી ખાસ આયતો અને સૂરતો છે, પયગંબર પછી સૌથી પ્રતિષ્ઠિત વ્યક્તિ અબૂ બકર રઝિયાલ્લહુ અંહુ પહેલા ખલીફા અને બીજા ખલીફા ઉમર રઝિયાલ્લહુ અંહુ. જે દરેક મુસલમાનો કરતા વધારે પ્રતિષ્ઠિત છે, તેમના વિશે અપશબ્દો તેમનું અપમાન અને તેમને ગાળો આપે છે. ઉમ્મુલ્

મુઅમિનિન આયશા રઝિયાલ્લહુ અંહા પર આરોપ લગાવી તેમને ગાળો આપે છે, અલી રઝિયાલ્લહુ અંહુ અને અહલે બૈત પાસે ખુશી અને પરેશાનીના સમયમાં ફરિયાદ કરે છે, અને તેમની સાથે મદદ માગે છે, અને અલ્લાહ તઆલા સિવાય દુઆ અને ઇસ્તિગ્ફાર કરે છે, તે લોકોએ અલ્લાહ પર જુઠાણું બાંધ્યું છે, અને તેના કલામમા ફેરફાર કરવાની કોશિશ કરી છે, જો કે અલ્લાહ તઆલા આવા દરેક બાતેલ અકીદાથી ઉચ્ચ અને પવિત્ર છે[1].

વર્ણવેલ દરેક ફિરકા કાફિર ફિરકાઓ માંથી છે, જેઓ ઇસ્લામનો દાવો તો કરે છે, પરંતુ ખરેખર તેઓ ઇસ્લામને નાબૂદ કરવામાં વ્યસ્ત છે, એટલા માટે હે બુદ્ધિશાળી વ્યક્તિ ! અને હે મુસલમાન ! તમારો સંબંધ દુનિયાની કોઈ પણ જગ્યાએથી કેમ ન હોય, સચેત રહેજે, કે ઇસ્લામ ફક્ત દાવો કરવાનું નામ નથી, પરંતુ ઇસ્લામ કુરઆન અને રસૂલ ﷺ ની હદીષોની સાચી ઓળખ અને તેના પ્રમાણે અનુસરણ તેમજ આજ્ઞાનું નામ છે, એટલા માટે કુરઆનમાં ચિંતન મનન કરવું જોઈએ, અને રસૂલ ﷺ ની હદીષ અને શરીઅતની શિક્ષા પ્રાપ્ત કરવી જોઈએ, અને પછી તેના નિયમ અને આદેશ પ્રમાણે પાલન કરવું જોઈએ, ત્યારબાદ બંદાને સત્યમાર્ગ અને હિદાયતનું નૂર પ્રાપ્ત થઈ શકે છે, જે તેને દુનિયા અને આખિરતમાં સફળતાની ચાવી અને પાલનહારની હંમેશા રહેવાવાળી જન્નત સુધી પહોંચાડી દેશે.

***

[1] અને આ લોકો ના કાર્યો માં થી એક કાર્ય માતમ છે (જેમાં તે પોતા ના ચેહરા અને છાતી ને મારે છે અને પોતા ના અંગ સાંકળ અને છરી દ્વારા ઘાયલ કરે છે) જેના દ્વારા આ લોકો ઇસ્લામ ની છબી બગાડી રહ્યા છે

## નજાત (જહન્નમથી છુટકારો મેળવવા માટે) ની પોકાર

હે બુદ્ધિશાળી વ્યક્તિ ! અંતમાં અમે તે દરેક લોકોને જેઓએ ઈસ્લામ દીન કબૂલ નથી કર્યો નજાત અને સફળતા માટે પોકારીએ છીએ.

મૃત્યુ પછી કબરના અઝાબ અને જહન્નમના અઝાબથી પોતાને બચાવો.

અને અલ્લાહ ને પાલનહાર સ્વીકાર કરો અને પયગંબર મુહમ્મદ ﷺ ને રસૂલ સ્વીકાર કરી અને ઈસ્લામને સાચો દીન માની પોતાને બચાવી લો, અને સાચા દિલથી તૌહીદનો કલિમો "લા ઈલાહ ઈલ્લલ્લાહ, મુહમ્મદુર્ રસૂલુલ્લાહ" કહી ઈસ્લામ દીન કબૂલ કરી લો, પછી પાંચ નમાઝોની પાબંદી કરો, ઝકાત આપતો રહો, અને રમઝાનના રોઝા રાખતા રહો, અને જો શક્તિ હોય તો બૈતુલ્લાહનો હજ કરો.

અને પોતે ઈસ્લામ (અલ્લાહ ને સમર્પિત થવાનું) સ્વીકાર કરવાનું એલાન કરો, કારણકે દુનિયા અને આખિરતમાં સફળતા નો ફક્ત આ જ માર્ગ છે.

હું ઉચ્ચ પ્રતિષ્ઠિત અલ્લાહ ના નામની કસમ ખાઈ જેના સિવાય કોઈ ઈલાહ નથી, કહું છું કે ઈસ્લામ દીન જ સાચો દીન છે, જેના સિવાય કોઈ બીજો દીન અલ્લાહ પાસે માન્ય નથી, હું અલ્લાહ ને, તેના રસૂલોને અને દરેક ફરિશ્તાઓને અને દરેક સર્જનને ગવાહ બનાવી કહું છું કે અલ્લાહ સિવાય કોઈ સાચો ઈલાહ નથી, અને મુહમ્મદ ﷺ અલ્લાહ ના રસૂલ છે, અને ઈસ્લામ દીન જ સાચો દીન છે અને હું **મુસલમાન છું.**

અંતમાં આપણે અલ્લાહ થી દુઆ કરીએ કે તે પોતાના ફઝલથી મને અને મારી સંતાન ને અને દરેક મુસલમાન ભાઈઓ ને ઈસ્લામ દીન પર મૃત્યુ આપે, અને જન્નતમાં પયગંબરોનો સહાબાઓનો અને નેક લોકોનો સાથ નસીબ કરે, અને અંતમાં ફરીવાર દુઆ કરી રહ્યો છું કે અલ્લાહ તઆલા આ કિતાબ ને તે દરેક વ્યક્તિ માટે

ફાયદાકારક બનાવે જે આ કિતાબનું વાંચન કરે, અથવા કોઈના દ્વારા સાંભળી આ કિતાબ વિશે જાણકારી પ્રાપ્ત કરે,

**"હે મારા રબ! તું ગવાહ રહેજે કે મેં પહોંચાડી દીધું".**

અલ્લાહ જ વધુ જાણવવાળો છે, અને દરૂદ અને સલામ હોય આપણા નબી મુહમ્મદ ﷺ પર અને તેમના સંતાન પર, દરેક પ્રકારની પ્રશંસા તે અલ્લાહ માટે જ છે, જે સમગ્રસૃષ્ટિનો પાલનહાર છે.

***

# Contents

**પ્રસ્તાવના અને સમર્પણ**......................................................3

**પહેલો ભાગ** ......................................................5

**અલ્લાહ તઆલા જે પેદા કરવાવાળો અને મહાન છે તેની ઓળખ**....5

**બીજું ભાગ**......................................................22

**રસૂલ ﷺ ની ઓળખ** ......................................................22

**ત્રીજો ભાગ** ......................................................30

**સત્ય દીન ઇસ્લામની ઓળખ** ......................................................30

ઇસ્લામની વ્યાખ્યા ......................................................30

ઇસ્લામના અરકાન (સ્થભો) ......................................................34

પહેલો રુકન ......................................................34

અલ્ ફીર્કતુનન્ નાજીયહ (સફળ થયેલ જૂથ) ......................................................42

નિર્ણય અને કાનૂન બનાવવો ફક્ત અલ્લાહ નો જ હક છે, અને જ્યાં કંઇ પણ અલ્લાહ ની શરીઅત (કાનૂન) લાગૂ કરવા માં આવશે ત્યાં ન્યાય, રહમત અને કૃપા રહશે......................................................45

પયગંબરોને મોકલવાનો હેતુ ......................................................45

આપ ﷺ માટે ગવાહીનો અર્થ: ......................................................46

બીજો રુકન ....................................................................49

ઇસ્લામનો બીજો મહત્વનો રુકન નમાઝ....................................49

નમાઝનો તરીકો અને તેના કેટલાક આદેશો...............................51

ઇસ્લામના અરકાનો માથી ત્રીજો રુકન (ઝકાત) ..........................57

ઇસ્લામનો ચોથો રુકન (રોઝો) .................................................59

ઇસ્લામનો પાંચમો રુકન (હજ)..................................................61

ઈમાન ......................................................................................72

ઇસ્લામ દીનનું સંપૂર્ણ હોવું ......................................................75

**ચોથો ભાગ** .............................................................................77

**ઇસ્લામ નું મનહજ (તરીકો)**......................................................77

૧- ઇલમ: ..................................................................................78

૨- અકીદાનું જ્ઞાન: ....................................................................79

૩- લોકો સાથે જોડાયેલો રહે: ......................................................80

૪: મોમિનના દિલની સ્થિતિ અને નસીહત કરવા બાબતે:..............82

૫: ઇસ્લામનો સામાજિક તેમજ એકતા માટે સહકાર:.......................83

૬: સરદારી ..................................................................................84

૭: ઇસ્લામમાં વિદેશ નીતિ.........................................................88

૮: ઇસ્લામી આઝાદી:....................................................................90

૯: પરિવાર માટે ઇસ્લામે સૂચવેલા નિયમો: ...............................96

લગ્ન ના આદેશ ની હિકતમો: ....................................................97

૧૦: ઇસ્લામમાં સ્વાસ્થ્ય સંબંધિત વ્યવસ્થા: ..............................101

૧૧: રોજી, વેપાર, કારીગરી અને ખેતીવાડી: ..............................102

૧૨: છુપાયેલ દુશ્મન અને તેનાથી સુરક્ષિત રહેવાના તરીકા:........102

૧૩: જીવનનો સૌથી મોટો અને મહાન હેતુ શાશ્વત અને આનંદમય જીવનની તૈયારી છે: ..........................................................104

**પાંચમો ભાગ** ..........................................................................108

**કેટલીક શંકાસ્પદ વસ્તુઓના જવાબ**...........................................108

નજાત (જહન્નમથી છુટકારો મેળવવા માટે) ની પોકાર ................117

سાચો દીન

અબ્દુર્રહમાન બિન હમ્માદ
આલે ઉમર

موسوعة القرآن الكريم
QuranEnc.com
موسوعة تضم تفاسير وتراجم موثوقة لمعاني القرآن الكريم

موسوعة الأحاديث النبوية
HadeethEnc.com
موسوعة تضم ترجمات للأحاديث النبوية وشروحها بعدة لغات

موسوعة المصطلحات الإسلامية
TerminologyEnc.com
موسوعة تضم ترجمات المصطلحات الإسلامية وشروحها بعدة لغات

منتقى
المحتوى الإسلامي
موسوعة تضم المنتقى من المحتوى الإسلامي باللغات

IslamHouse.com
مرجعية مجانية إلكترونية موثوقة للتعريف بالإسلام

# تنشر الإسلام بأكثر من 100 لغة

جمعية الدعوة وتوعية الجاليات بالربوة

جمعية خدمة المحتوى الإسلامي باللغات